بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**તા. ૦૧/ડિસેમ્બર/૨૦૧૮**

રબીઉલ અવ્વલ–રબીઉલ આખર

હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૫, અંક : ૧૨, સળંગ અંક : ૧૮૦

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત ૦૨૬૪૨–૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/– |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/– |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |


માનદ તંત્રી (B.Sc.)

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| 01 | ગૌષપાકનું કથન : ''મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર''ની ભીતરમાં | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 04 | હદાઈકે બખ્શિશ | 15 |
| 05 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 21 |
| 06 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 23 |
| 07 | ગુનાહોનો ઈલાજ | 26 |
| 08 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 29 |
| 09 | તઝકેરતુલ અવલિયા : | 31 |
| 10 | Al Imam Ahmad Rida Khan رحمۃ اللہ علیہ | 33 |
| 11 | વ્યભિચાર, બળાત્કાર અને ઈસ્લામી સજા | 37 |
| 12 | રાફઝી–શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો ! | 41 |
| 13 | ડો. ઝાકિર નાયકના ખુદા વિશેના અક઼ીદાની ઉલટ તપાસ | 47 |


## યા ગૌષ અલ મદદ !

રચના :હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ

પીરોં કે આપ પીર હૈં યા ગૌષ અલ મદદ
અહલે સફ઼ાકે મીર હૈં યા ગૌષ અલ મદદ
રંજો અલમ કષીર હૈં યા ગૌષ અલ મદદ
હમ આજિઝો અસીર હૈં યા ગૌષ અલ મદદ
હમ કૈસે જી રહે હૈં યહ તુમસે ક્યા કહેં
હમ અલમ કે તીર હૈં યા ગૌષ અલ મદદ
તીરે નઝરસે ફેર દો સારે અલમ કે તીર
ક્યા યહ અલમ કે તીર હૈં યા ગૌષ અલ મદદ
તેરે હી હાથ લાજ હે યા પીર દસ્તગીર
હમ તુઝસે દસ્તગીર હૈં યા ગૌષ અલ મદદ
કિસ દિલસે હો બયાં બેદાદ ઝાલિમાં
ઝાલિમ બળે શરીર હૈં યા ગૌષ અલ મદદ
અહલે સફ઼ાને પાઈ તુમસે રહે સફ઼ા
સબ તુમસે મુસ્તનીર હે યા ગૌષ અલ મદદ
સદક઼ા રસૂલે પાકકા ઝોલીમેં ડાલ દો
હમ ક઼ાદરી ફક઼ીર હે યા ગૌષ અલ મદદ
દિલકી સુનાએ **'અખ્તર'** દિલકી ઝબાંમેં
કહતે યહ બહતે નીર હૈં યા ગૌષ અલ મદદ



# રضی اللہ عنہ ગૌષપાકનું કથન : 'મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર'ની ભીતરમાં

तंत्री लेख

ગૌષે આ'ઝમ સરકારે બગદાદ શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہની શખ્સિયતનો અલ્લાહની બારગાહમાં કેટલો મહાન મર્તબો છે એને સમજવા માટે "બેહજતુલ અસ્રાર" કિતાબનો અભ્યાસ જરૂરી છે. જેવી રીતે બુખારી શરીફ, મુસ્લિમ શરીફ વગેરે હદીષની કિતાબોમાં રાવીઓનો ક્રમ રજૂ કર્યા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો ક઼ૌલ તથા આપના અમલ વિશે વાત તથા હદીષ રજૂ કરવામાં આવે છે, એવી જ રીતે ગૌષે આ'ઝમ رضی اللہ عنہનું કથન તથા આપની કરામતો વિશેના બનાવો રાવીઓ (રિવાયત કરનારાઓ)નો ક્રમ રજૂ કરીને વાતની તથા બનાવની હક્ક઼ાનિયતને સાબિત કરવામાં આવે છે, પછી તે જે તે કરામત તથા કથન રજૂ કરવામાં આવે છે. આ વાતો કાંઈ કિસ્સા કહાનીઓ નથી બલ્કે અલ્લાહના વલીઓ તથા પાકીઝા તથા સાચા લોકોની ક્રમસર રિવાયતોથી રિવાયત પામેલી સાચી હક઼ીક઼તો છે. આ કિતાબ ઈમામ અબુલ હસન શતનૂફી رحمۃ اللہ علیہ થકી અરબીમાં સાતમી સદી હિજરીમાં લખવામાં આવી. મૌસૂફે તે લોકોને જોયા છે જેમણે હુઝૂર ગૌષપાક رضی اللہ عنہની ઝિયારત કરનારાઓને જોયા હતા. એટલા માટે હુઝૂરના જે હાલાત તથા બનાવો તેમણે પોતાની કિતાબમાં લખ્યા છે તે ઈલ્મવાળા તથા સંશોધન (તેહક઼ીક઼) કરવાવાળાઓની નજીક અતિશય વિશ્વાસપાત્ર તથા ભરોસામય છે. દરેક વાત તથા બનાવને સનદોથી શણગારવામાં આવેલ છે. મૌલાના હાફિઝ અહમદ અલી શાહ લાહોરી મર્હૂમને ખુદા જઝાએ ખૈર આપે કે એને ઉર્દૂ કરી જેનાથી આપણે ફયઝ ઉઠાવીએ છીએ.

## ★ ગૌષપાક رضی اللہ عنہના આ કથન વિશે અલ્લાહવાળાઓની પેશનગોઈઓ ★

"બેહજતુલ અસ્રાર શરીફ"માં આ પ્રમાણે રિવાયત રજૂ થયેલી છે કે, "અને ખબર આપી અમને અબુલ હસન અલી ઈબ્ને અબૂ બક્ર ઈબ્ને અમ્ર ઈબ્ને ઈસ્હાક ઈબ્ને નુઐમ બગદાદી ઈબ્ને અઝજી હંબલી મુહદ્દિષે કાહિરામાં હિ.સ. ૬૬૧માં. કહ્યું કે ખબર આપી અમને શયખ આરિફ અબૂ તાહિર જલીલી ઈબ્ને પેશવા અબુલ અબ્બાસ અહમદ બિન અલી બિન ખલીલ સરસરી જોસકીએ સરસરમાં હિ.સ. ૬૩૧માં. કહ્યું કે ખબર આપી અમને મારા પિતાએ. કહ્યું, ખબર આપી અમને શયખ ગ઼રાઝ બિન અસ્તૂદઅ બતાઈહી ગ઼ાલી رضی اللہ عنہએ હદાદિયહમાં. કહ્યું, ખબર આપી અમને અમારા શયખ અબૂબકર બિન હવાર رضی اللہ عنہએ પોતાની મજલિસોમાં. એક દિવસે પોતાના સાથીઓમાં અવલિયાના હાલાતનું વર્ણન કર્યું પછી કહ્યું કે નજીકમાં જ ઈરાકમાં એક અજમી મર્દે ખુદા જેનો લોકોની નજીક બુલંદ મર્તબો હશે. તેનું નામ અબ્દુલક઼ાદિર હશે. તેમનું ઠેકાણુ બગદાદમાં હશે. તે કહેશે કે, **"મારો આ ક઼દમ દરેક વલીઅલ્લાહની ગરદન પર છે.** તેના જમાનાના અવલિયા એની વાત માનશે. તે પોતાના સમયમાં ફર્દે વાહિદ હશે."

બીજી એક રિવાયત આ પ્રમાણે છે : ખબર આપી અમને શયખ ષિક઼હ અબૂ મુહમ્મદ રજબ બિન અબુલ મન્સૂર બિન નસ્રુલ્લાહ બિન અબુલ ખાલી ઈરાકી દારિયુલ અસ્લ નસેબી મૌલુદ વ મકાન શહર કાહિરાના રહેવાસીએ ત્યાં હિ.સ. ૬૬૫માં. કહ્યું, ખબર આપી અમને શયખ પેશવા અબૂ અબ્દુર્રહીમ બિન અસ્કર બિન અબ્દુર્રહીમ બિન અસ્કર બિન ઓસામા અદવી નસેબીએ નસેબનમાં હિ.સ. ૬૨૩માં. કહ્યું, ખબર આપી અમને શયખ અબ્દુલ માલિક દયાન ઈબ્નુલ મઆલી બિન રસદ બિન નબહાન ઈરાક શયબાનીએ હિ.સ. ૫૯૫ માં. કહ્યું, ખબર આપી અમને શયખ અબૂ ઈમરાન બિન બરમાહીની ઝદલીએ મારવીનમાં કહ્યું કે અમારા શયખ, શયખ અક઼ીલ મન્જની رضی اللہ عنہને એક દિવસ સવાલ કરવામાં આવ્યો કે અત્યારે ક઼ુતુબ કોણ છે ? તો કહ્યું કે તે અત્યારે મક્કામાં છુપાયેલ છે. અવલિયા અલ્લાહ સિવાય તેને કોઈ નથી જાણતું. અને નજીક છે કે અહીં એક યુવાન જાહેર થશે. અને ઈશારો ઈરાક઼ની તરફ કર્યો. તે યુવાન અજમી શરીફ હશે. લોકોની સામે બગદાદમાં કલામ કરશે અને તેની કરામતને ખાસ તથા આમ લોકો ઓળખશે. **તે પોતાના સમયનો ક઼ુતુબ હશે, અને કહેશે કે, મારો આ ક઼દમ તમામ અવલિયા અલ્લાહની ગરદન પર છે અને અવલિયાએ કિરામ પોત પોતાની ગરદનો તેના માટે રાખી દેશે.** અને જો હું એના જમાનામાં હોત તો મારા માથાને તેના માટે રાખી દેત. એ તે શખ્સ હશે કે જે શખ્સ તેની કરામતનું સમર્થન કરશે અલ્લાહ તેનો લાભ આપશે. *(બેહજતુલ અસ્રાર, પેજ–૮,૯)*

આવી અનેક રિવાયતો બુઝુર્ગોની સનદ સાથે કિતાબ "બેહજતુલ અસ્રાર"માં છે. એક અધિક રિવાયત જોઈ લો.

શયખ હમ્માદ બાસ رضی اللہ عنہ જણાવે છે : ખબર આપી અમને અમારા શયખ, શયખુલ આલમ ઝિયાઉદ્દીન અબુલ બક઼ાઅ સાલેહ ઈબ્ને શયખ સાલેહ બિન શ યખ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ બિન અહમદ બિન ઈબ્રાહીમ બિન નસર બિન કુરૈશ અલ્અરવીયુલ અસ્લ ખારતી મવલદ દમિશ્કી મકાન કાહિરાના રહેવાસીએ ત્યાં ઈ.સ. ૬૬૧માં કહ્યું.... આ પ્રમાણે સનદોના ક્રમ સાથે છેવટે...કહ્યું, ખબર આપી અમને અમારા શયખ અબુલ મુન્જીબ અબ્દુલક઼ાદિર સુહરવર્દીએ બગદાદમાં હિ.સ. ૫૬૦માં કહ્યું કે હું હમ્માદ બિન મુસ્લિમ વ બાસ رضی اللہ عنہની પાસે બગદાદમાં હિ.સ. ૫૦૩માં હતો અને શયખ અબ્દુલક઼ાદિર رضی اللہ عنہએ દિવસે તેમની સોહબતમાં આવ્યા હતા. ત્યારે તે આવ્યા અને તેમની સામે અદબભેર બેસી ગયા. પછી શયખ ઉભા થયા અને મેં શયખ અબ્દુલક઼ાદિર رضی اللہ عنہના ક઼યામ બાદ શયખ હમ્માદને આ પ્રમાણે કહેતાં સાંભળ્યા :

"આ અજમીનો એવો ક઼દમ છે કે **પોતાના સમયમાં અવલિયાની ગરદનો પર બુલંદ થશે.** તેમને જરૂર હુકમ કરવામાં આવશે કે એવું કહે કે, **મારો આ ક઼દમ તમામ અવલિયા અલ્લાહની ગરદનો પર છે.** તે ચોક્કસ કહેશે અને **એ જમાનાના અવલિયાની ગરદનો તેના માટે જરૂરથી ઝુકશે.**

## ★ ગૌષપાક رضی اللہ عنہએ આ કહ્યું ત્યારે કેવા અને કેટલા શયખો હાજર હતા ? ★

અનેક રિવાયતો આ બારામાં છે કે ગૌષપાક رضی اللہ عنہએ જયારે કહ્યું કે, "મારો આ ક઼દમ દરેક વલી

અલ્લાહની ગરદન પર'' ત્યારે આપની મજલિસમાં કોણ કોણ અને અને કેવા મશાઈખ હાજર હતા અને તેમણે શું કર્યું તથા શું કહ્યું. કેવળ એક રિવાયત રજૂ કરું છું.

લેખક જણાવે છે : ખબર આપી અમને શયખ અબૂ યૂસુફ યાકૂબ બિન બદરાન અન્સારી મુક્રી કાહિરીએ કાહિરામાં હિ.સ. ૬૬૭માંઉ કહ્યું કે હું બગદાદમાં હિ.સ. ૬૬૧માં દાખલ થયો. કાઝીયુલ કુઝાત અબૂ સાલેહ નઝરની મુલાકાતનો તેમના દર્સના મદરસા બાબે અઝ્જમાં ઈરાદો કર્યો. મેં તેમની પાસે એક જમાઅત (ટોળી) જોઈ. ત્યારે એમને એમાંથી એ કે કહ્યું કે તમે શયખ અબ્દુલ કાદિરના આ કૌલમાં શું સાંભળ્યું છે ? તો તેણે કહ્યું કે મેં અબૂ બકર અબ્દુર્રઝ્ઝાક તથા મારા કાકાઓ અબૂ અબ્દુર્રહમાન અબ્દુલ્લાહ, અબૂ અબ્દુલ્લાહ અબ્દુલ વહહાબ, અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઔલાદે શયખ અબ્દુલકાદિર رضی اللہ عنہથી વિવિધ સમયોમાં સાંભળ્યું હતું. તે સૌ કહેતા હતા કે **અમે તે મજલિસમાં હાજર હતા જેમાં અમારા વાલિદ رضی اللہ عنہએ આ કહ્યું હતું કે મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે. અને એમાં લગભગ ૫૦ તે મશાઈખ હતા કે જેઓ ઈરાકના અગ્રેસરોમાંથી હતા. અને સૌએ પોતાની ગરદનો ઝુકાવી દીધી હતી.** અને ઈબ્ને હીતી رضی اللہ عنہએ તેમનો કદમ પોતાની ગરદન પર રાખી લીધો હતો. પછી અમને તે શહેરોના વિવિધ મશાઈખથી જેઓ તે સમયે હાજર હતા એ ખબર પહોંચી છે કે વિના શંકાએ તેમણે પોતાની ગરદનોને ધરી દીધી હતી. અને અમને કોઈના થકી એ વાત નથી પહોંચી કે તેણે એનો ઈન્કાર કર્યો હોય.

## ★ ગૌષપાક رضی اللہ عنہના આ કથનને કશ્ફથી જાણી લેનારા અવલિયા ★

''બેહજતુલ અસ્રાર શરીફ''માં સનદોની રિવાયતના લાંબા ક્રમ બાદ છે કે... અમે સૈયદ શરીફ શયખ પેશવા અબૂ સઅદ કૈલવી رضی اللہ عنہથી કૈલવિયામાં સાંભળ્યું. તે કહેતા હતા : **જ્યારે કે શયખ અબ્દુલ કાદિર رضی اللہ عنہએ કહ્યું, ''મારો કદમ તમામ વલી અલ્લાહની ગરદન પર છે'' તો અલ્લાહ તઆલાએ તેમના દિલ પર તજલ્લી કરી, અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمથી તેમને ખિલ્અતો નિકટવર્તી ફરિશ્તાઓના હાથો વડે પહેરાવવામાં આવી. અને અવલિયા رحمۃ اللہ علیہم اجمعینની એક જમાઅતની સામે મુતકદ્દેમીન તથા મુતાખ્ખેરીનમાંથી જે ઝિંદા (હયાત) હતા તેઓ તો પોતાનાં શરીરો સાથે, અને જેઓ પર્દો ફર્માવી ગયા હતા તેઓ પોતાની રૂહોની સાથે, અને ફરિશ્તા તથા રિજાલુલ ગયબ સર્વે એ મજલિસમાં સામેલ હતા, અને હવામાં સફો બાંધીને ઉભા હતા, ત્યાં સુધી સર્વ ક્ષિતિજને ઘેરી લીધુ હતું. જમીન પર કોઈ એવો વલી અલ્લાહ ન રહ્યો હતો કે જેણે ગરદન ન ઝુકાવી હોય.** *(આવી અનેક સનદી રિવાયતો અવલિયા અલ્લાહની રિવાયત કરેલી છે કે જેના સત્ય હોવામાં શંકા નહીં કરે પણ મુનાફિક ગુમરાહ.–તંત્રી)*

## ★ ગૌષપાક رضی اللہ عنہએ આ કથન કેવળ રબના હુકમથી કહ્યું હતું ★

શયખ અદી બિન મુસાફિર رضی اللہ عنہ કહે છે : અમને ખબર આપી અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબુલ હસન અલી બિન હુસૈન બિન અહમદ બિન અબ્દુર્રહમાન દમિશ્કી મૂસલીએ કાહિરામાં હિ.સ. ૬૬૩માં. કહ્યું, ખબર આપી અમને શયખ પેશવા અબુલ મફાખિર અદી બિન શયખ બિન અબૂ બરકાત

સખરે. તે કહે છે કે મેં મારા કાકા શયખ અદી બિન મુસાફિર رضی اللہ عنہથી કહ્યું કે, શું તમે જાણો છો કે પૂરાણા (મુતક઼દ્દેમીન) મશાઈખમાંથી કોઈએ કહ્યું હોય સિવાય શયખ અબ્દુલક઼ાદિર જીલાની رضی اللہ عنہ કે, "મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે." કહ્યું, નહીં ! મેં કહ્યું, પછી આ બાબતનો શું અર્થ છે ? કહ્યું, એ વાત એ હક઼ીક઼તને જાહેર કરે છે કે તે પોતાના સમયમાં ફર્દ (વલીનો એક મક઼ામ) હતા. મેં કહ્યું દરેક જમાના માટે એક ફર્દ હોય છે. કહ્યું, એમનામાંથી કોઈ પણ આ બાબતનો સિવાય શયખ અબ્દુલ ક઼ાદિર رضی اللہ عنہના નિયુક્ત ન થયો કે આ વાત કહે..

મેં કહ્યું, શું તેમને આ બાબત (કાર્ય)નો હુકમ (રબ તરફથી) થયો હતો ? તેમણે કહ્યું, કેમ નહીં ?! તેમને હુકમ થયો હતો અને સર્વ અવલિયાએ કિરામે પોતાનાં માથાંઓને હુકમના કારણે જ ઝુકાવ્યાં હતાં. શું તમને ખબર નથી કે ફરિશ્તાઓએ આદમ علیہ السلامને હુકમ વિના સજદો નથી કર્યો.

શયખ અબૂ સઈદ કૈ઼લવી رضی اللہ عنہ જણાવે છે : ખબર આપી અમને ફક઼ીહ અબુલ ક઼ાસિમ મુહમ્મદ બિન ઓબાદા બિન મુહમ્મદ બિન ઓબાદા બિન અબ્દુલ હસન બિન મુન્ઝરી અન્સારીએ ક઼ાહિરામાં હિ.સ. ૬૭૪માં કહ્યું કે મેં શયખ આરિફ અબુલ હસન અલી ગઝની رضی اللہ عنہથી દમિશ્ક઼માં હિ.સ. ૬૧૨માં સાંભળ્યું. તે કહેતા હતા કે અમારા શયખ શરીફ અબૂ સઈદ કૈ઼લવી رضی اللہ عنہને કહેવામાં આવ્યું એ હાલમાં કે હું સાંભળતો હતો કે, **શું શયખ અબ્દુલક઼ાદિર رضی اللہ عنہએ ખુદાના હુકમથી કહ્યું હતું કે મારો આ ક઼દમ દરેક વલી અલ્લાહની ગરદન પર છે ? કહ્યું, કેમ નહીં ! તેમણે ખુદાના હુકમથી જ કહ્યું હતું, એમાં કોઈ શંકા નથી.** *(બહજતુલ અસ્રાર, પેજ. ૨૩)*

એમાં જ છે : જ્યારે તેમને હુકમ આવ્યો કે એવું કહે કે, "મારો આ ક઼દમ દરેક વલી અલ્લાહની ગરદન પર છે" તો અલ્લાહ તઆલાએ તમામ અવલિયા અલ્લાહના દિલોમાં નૂર તથા તેમના ઈલ્મોમાં બરકત વધારી આપી. આ બરકતના કારણે કે તેમણે પોતાનાં માથાં ઝુકાવી દીધાં હતાં તેમના હાલાત બુલંદ કરી આપ્યા. તેઓ સાબેક઼ીનના લિબાસમાં અલ્લાહ તઆલાની જનાબમાં પહોંચી ગયા, એટલે કે સિદ્દીક઼ો, શહીદો તથા સાલેહીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની સાથે.

## ★ આપ رضی اللہ عنہની ફઝીલતમાં કેટલીક રિવાયતો ★

છેવટમાં ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہની ફઝીલત તથા આપના મહાન મર્તબાની ઝાંખી કરાવતી કેટલીક રિવાયતો રજૂ કરીએ છીએ.

**ગ઼ૌષેપાક رضی اللہ عنہને જોનારાને ખુશ ખબર !** : શયખ અબૂ સઊદ અહમદ બિન અબૂ બકર હરીમી અત્તારે બગદાદમાં હિ.સ. ૫૮૦માં કહ્યું કે મેં સાંભળ્યું અમારા શયખ, શયખ અબ્દુલ ક઼ાદિર رضی اللہ عنہથી. તે કહેતા હતા, **ખુશ થઈ જાય તે શખ્સ કે જેણે મને જોયો. અને તે પણ જેણે મને જોનારાને જોયો છે અથવા મને જોનારાને જોયો. હું એના પર અફસોસ વ્યક્ત કરું છું કે જેણે મને નથી જોયો.**

**મઅરુફ કર્ખી رضی اللہ عنہનું ક઼બ્રથી જવાબ આપવું** : અબુલ હસન અલી બિન હીતી ઝીરાની

رضی اللہ عنہએ બગદાદમાં હિ.સ. ૫૬૩માં કહ્યું કે મેં શયખ અબ્દુલ કાદિર رضی اللہ عنہની સાથે શયખ મઅરૂફ કર્ખી رضی اللہ عنہની કબ્રની ઝિયારત કરી. આપે કહ્યું, અસ્સલામુ અલૈક યા શયખ મઅરૂફ ! ! તમે અમારાથી બે દરજા ઉપર ગુજરી ગયા છો. પછી બીજીવાર તેમની ઝિયારત કરી અને કહ્યું, અસ્સલામુ અલૈક હે શયખ મઅરૂફ ! અમે તમારાથી બે દરજા આગળ, વધી ગયા ! તો શયખ મઅરૂફ કર્ખી رضی اللہ عنہએ કબ્રથી જવાબ આપ્યો, વઅલૈકસ્સલામ ! હે પોતાના જમાનાના સરદાર !

**સર્વ જમાનો આપને સોંપી દેવામાં આવ્યો :** રાવી કહે છે કે આપે આપના મુરીદોને ફર્માવ્યું કે મને ઈરાક સુપરત કરવામાં આવેલ છે. પછી એક મુદ્દત બાદ તેમને કહ્યું કે હું તમને પહેલાં એ કહેતો હતો કે મને ઈરાક સુપરત કરવામાં આવેલ છે, અને **હવે સર્વ જમીન પૂર્વથી પશ્ચિમ સુધી, એનાં મેદાનો તથા આબાદીઓ, જંગલો, સમુદ્રો, નરમ જમીન તથા પહાડી જમીન મને સોંપી દેવામાં આવેલ છે.** રાવી કહે છે કે કોઈ વલી એ સમયે એવો ન હતો કે તેમની પાસે ન આવ્યો હોય અને તેમની કુત્બિયતના કારણે સલામ ન કરી હોય. (رضی اللہ عنہ)

**શેકેલી મરઘીને જીવંત કરવું :** રિવાયત છે કે એક સ્ત્રી શયખ મુહયુદ્દીન અબ્દુલ કાદિર رضی اللہ عنہની ખિદમતમાં પોતાના પુત્રને લાવી અને કહેવા લાગી કે હું આ છોકરાનું દિલ જોઉં છું કે આપની તરફ ખૂબ જ સંબંધ ધરાવે છે. હું અલ્લાહના માટે આપના માટે મારા હક્કથી દરગુઝર કરું છું. ત્યારે આપે તેને કબૂલ કરી લીધો અને તેને મુજાહિદા કરવાનો હુકમ કર્યો. પછી એક દિવસે તેની મા પુત્રને મળવા આવી તો તેને જોયો કે તે ભૂખ તથા ઉજાગરાના કારણે દૂબળો પીળો પડી રહ્યો છે અને જોયું કે જવના ટુકડા ખાય રહ્યો છે. પછી તેણે શયખની ખિદમતમાં હાજર થઈ તો આપની સમક્ષ એક વાસણ જોયું જેમાં મરઘીનાં હાડકાં પડેલાં હતાં જે હમણા આપે ખાધી હતી. તેણીએ કહ્યું હે મારા સરદાર ! તમો પોતે મરઘી ખાવ છો અને મારો પુત્ર જવની રોટી ખાય છે ! ત્યારે આપે આપનો હાથ મુબારક તે હાડકાં પર રાખ્યો અને ફર્માવ્યું કે, "એ અલ્લાહના હુકમથી ઉભી થઈ જા કે જે એ હાડકાંને જીવંત કરશે જે સડી ગયેલાં હશે." તે વખતે એ મરઘી જીવતી થઈને ઊભી થઈ ગઈ. ત્યારે શયખ رضی اللہ عنہએ ફર્માવ્યું કે જ્યારે તારો પુત્ર આ દરજા સુધી પહોંચી જશે તો જે ચાહશે તે ખાશે.

**ચીલને મારવું તથા જીવંત કરવું :** રિવાયત છે, એક દિવસે સખત હવા ચાલી રહી હતી તો એક ચીલ આપની મજલિસની ઉપરથી પસાર થઈ અને ચીચાયારીઓ પાડી જેનાથી હાજરજનો પરેશાન થયા. આપે ફર્માવ્યું કે, અય હવા ! તેના માથાને પકડી લે. તો એ જ સમયે ચીલ જમીન પર પડી અને એનું માથુ એક બાજુએ પડયું. પછી આપે તેને એક હાથથી ઉઠાવીને બીજો હાથ તેના પર ફેરવ્યો અને બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢી, તો તે અલ્લાહ તઆલાના હુકમથી જીવંત થઈ ગઈ અને ઉડી ગઈ. સર્વ લોકોએ આ તમાશો જોયો.

**વઅઝની મજલિસમાં વરસાદનું ન થવું અને બહાર થવું :** રિવાયત છે કે એકવાર વરસાદ પડયો અને હઝરત શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ વઅઝ કરી રહ્યા હતા કે અમુક મજલિસવાળા

જવા લાગ્યા. ત્યારે આપે આસ્માનની તરફ માથુ ઉઠાવ્યું અને કહ્યું કે, ખુદાવંદા ! હું તો લોકોને ભેગા કરું છું અને તું વિખેરી કાઢે છે ! તો ખુદાના હુકમથી મજલિસ પર વરસાદ પડવું બંધ થઈ ગયું અને મદરસાની બહાર વરસાદ પડતો હતો. મજલિસ પર એક ટીપુ પણ ન પડયો.

રાવી કહે છે કે શયખે એક દિવસ જંગલમાં એક એવા કૂવામાં વુઝૂ કર્યું જે અવાવરુ પડેલો હતો. તો એનું પાણી વધી ગયું અને મીઠુ થઈ ગયું. આવી આપની અનેક કરામતો છે.

આટલો મહાન મર્તબો ગ઼ૌષ પાક رضی اللہ عنہનો છે. આપની કરામતો ફઝીલતો અગણિત છે. અહીં એક ઝલક રજૂ કરી છે પણ સાથોસાથ આપની ઈબાદત, રિયાઝત તથા મુજાહિદાતનો આલમ કેવો હતો તે પણ આપણે જાણવું જોઈએ અને કેવળ *"ગ઼ૌષ કા દામન નહીં છોળેગેં !"* નારાઓ મારવા સુધી ન રહેતાં આપના નક઼શે ક઼દમ પર ચાલવા કોશિશ કરવી જોઈએ.

રિવાયત છે : શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہએ **૪૦ વરસો સુધી ઈશાના વુઝૂની ફજરની નમાઝ પઢી અને જ્યારે આપ બેવુઝૂ થઈ જતા તો તરત જ વુઝૂ કરી લેતા અને બે રકાત નફલ પઢી લેતા હતા. ૨૫ વરસો સુધી જંગલોમાં ઈબાદતમાં લાગેલા રહ્યા, ૧૫ વર્ષો સુધી એક પગે ઉભા રહી પૂરું કુર્આન રાતમાં ખત્મ કરતા.....** વગેરે તકલીફો આપે વેઠી છે. તો પોતાને ક઼ાદરી કહેનારાઓએ શરીઅતની પાબંદી તથા ઈબાદત રિયાઝતમાં ગ઼ૌષ પાક رضی اللہ عنہના નક઼શે ક઼દમ પર ચાલવું જોઈએ, કેવળ નામ પર ચરી ખાવું ન જોઈએ. રબ તઆલા આપણને સૌને એ તૌફીક઼ બખ્શે. (આમીન) ❑❑❑


# માસુમ ટુર્સ

## ૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ

## ડિસેમ્બર ૨૦૧૮/જાન્યુઆરી-૨૦૧૯ ઉમરાહ

| ઉમરાહ પ્રોગ્રામ | | દિવસ | રુપિયા |
|---|---|---|---|
| ૨૩ ડિસે. ૨૦૧૮<br>૦૯ જાન્યુ. ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | ૧૫ | ૫૮૦૦૦ |
| બગદાદ ઝિયારત<br>બગદાદ-નઝફ-કરબલા | (ગ્યારવી શરીફ બગદાદમાં) | ૯ થી ૧૦ | ૬૫૦૦૦ |
| ૨૪ જાન્યુ. ૨૦૧૯<br>૦૮ ફેબ્રુ. ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | ૧૫ | ૫૮૦૦૦ |
| ૨૮ ફેબ્રુ. ૨૦૧૯<br>૧૫ માર્ચ ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | ૧૫ | ૫૮૦૦૦ |
| ૩/૪ મે ૨૦૧૯<br>૦૫ જુન ૨૦૧૯<br>(રમઝાન મુબારક) | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | ૩૨ | ૧,૨૦,૦૦૦ |

ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ...**

- ઉમરાહ પ્રોગ્રામ ડાયરેકટ ફલાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ભરૂચથી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- મકકા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૪,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

| | |
|---|---|
| ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨ |
| ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એજાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨ |

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

قَدْ خَلَتْ مِنْ قَبْلِكُمْ سُنَنٌ ۙ فَسِيْرُوْا فِي الْاَرْضِ
فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿۱۳۷﴾ هٰذَا بَيَانٌ
لِّلنَّاسِ وَ هُدًى وَّ مَوْعِظَةٌ لِّلْمُتَّقِيْنَ ﴿۱۳۸﴾ وَ لَا تَهِنُوْا
وَ لَا تَحْزَنُوْا وَ اَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿۱۳۹﴾ اِنْ يَّمْسَسْكُمْ قَرْحٌ فَقَدْ مَسَّ الْقَوْمَ
قَرْحٌ مِّثْلُهٗ ؕ وَ تِلْكَ الْاَيَّامُ نُدَاوِلُهَا بَيْنَ النَّاسِ ۚ
وَ لِيَعْلَمَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَ يَتَّخِذَ مِنْكُمْ
شُهَدَآءَ ؕ وَ اللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿۱۴۰﴾ ۙ وَ لِيُمَحِّصَ
اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا وَ يَمْحَقَ الْكٰفِرِيْنَ ﴿۱۴۱﴾ اَمْ
حَسِبْتُمْ اَنْ تَدْخُلُوا الْجَنَّةَ وَ لَمَّا يَعْلَمِ اللّٰهُ
الَّذِيْنَ جٰهَدُوْا مِنْكُمْ وَ يَعْلَمَ الصّٰبِرِيْنَ ﴿۱۴۲﴾ وَ لَقَدْ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

તમારાથી પહેલાં અમુક તરીકાઓ વપરાશમાં આવી ચૂક્યા છે[૭૪] તો જમીનમાં ચાલીને જુઓ કેવું પરિણામ થયું જૂઠલાવનારાઓનું[૭૫] (૧૩૭) આ (બયાનનો હેતુ) લોકોને બતાવવું અને માર્ગ દેખાડવો તેમજ પરહેઝગારોને નસીહત (કરવાનો) છે (૧૩૮) અને ન સુસ્તી કરો ન આઘાત ખાવ[૭૬] તમે જ ઉપરવટ રહેશો જો ઈમાન ધરાવતા હોવ (૧૩૯) જો તમને[૭૭] કોઈ તકલીફ પહોંચી તો તે લોકો પણ એવી જ તકલીફ વેઠી ચૂક્યા છે[૭૮] અને આ દિવસો છે જેમાં અમે લોકો માટે વારા બાંધ્યા છે[૭૯] અને આ એટલા માટે કે અલ્લાહ ઈમાનવાળાઓની ઓળખાણ કરાવી દે[૮૦] અને તમારામાંથી અમુક લોકોને શહાદતનો મરતબો આપે, અને અલ્લાહ જાલિમોને દોસ્ત રાખતો નથી (૧૪૦) અને એટલા માટે કે અલ્લાહ મુસલમાનોને નિખારી આપે[૮૧] અને કાફિરોને નાબૂદ કરે[૮૨] (૧૪૧) શું એવી ધારણામાં છે કે જન્નતમાં ચાલ્યા જશો ? અને હજુ અલ્લાહે તમારા ગાઝીઓનું ઈમ્તિહાન લીધું નથી. અને ન (તો) સબ્રવાળાઓની આજમાઈશ કરી (છે)[૮૩] (૧૪૨) અને તમે તો મોતની ઈચ્છા કરતા હતા

كُنْتُمْ تَمَنَّوْنَ الْمَوْتَ مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ ۪ فَقَدْ
رَاَيْتُمُوْهُ وَ اَنْتُمْ تَنْظُرُوْنَ ﴿۱۴۳﴾ وَ مَا مُحَمَّدٌ اِلَّا
رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ اَفَا۟ئِنْ مَّاتَ
اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰۤى اَعْقَابِكُمْ ؕ وَ مَنْ يَّنْقَلِبْ
عَلٰى عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا ؕ وَ سَيَجْزِى اللّٰهُ
الشّٰكِرِيْنَ ﴿۱۴۴﴾ وَ مَا كَانَ لِنَفْسٍ اَنْ تَمُوْتَ اِلَّا بِاِذْنِ
اللّٰهِ كِتٰبًا مُّؤَجَّلًا ؕ وَ مَنْ يُّرِدْ ثَوَابَ الدُّنْيَا نُؤْتِهٖ
مِنْهَا ۚ وَ مَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ مِنْهَا ؕ وَ
سَنَجْزِى الشّٰكِرِيْنَ ﴿۱۴۵﴾ وَ كَاَيِّنْ مِّنْ نَّبِيٍّ قٰتَلَ ۙ مَعَهٗ
رِبِّيُّوْنَ كَثِيْرٌ ۚ فَمَا وَ هَنُوْا لِمَاۤ اَصَابَهُمْ فِىْ سَبِيْلِ
اللّٰهِ وَ مَا ضَعُفُوْا وَ مَا اسْتَكَانُوْا ؕ وَ اللّٰهُ يُحِبُّ
الصّٰبِرِيْنَ ﴿۱۴۶﴾

એના મળતાં પહેલાં[૭૪] તો તે હવે તમને દેખાયું આખોની સામે (૧૪૩) અને મુહમ્મદ તો એક રસૂલ છે[૭૫] તેમનાથી પહેલાં બીજા રસૂલો થઈ ચૂક્યા (છે)[૭૬] તો જો તેઓ જગ્યા બદલે અથવા શહીદ થાય તો શું તમે પાછા પગે ફરી જાશો ? અને જે પાછા પગે ફરશે (તે) અલ્લાહનું કંઈ જ નુકશાન નહીં કરે. અને નજીકના ભવિષ્યમાં જ અલ્લાહ શુક્રવાળાઓને બદલો આપશે[૭૭] (૧૪૪) અને કોઈ જીવ ખુદાના હુકમ સિવાય મરી શકતો નથી[૭૮] બધાંનો (નક્કી) સમય લખેલો (તૈયાર) રાખ્યો છે[૭૯] અને જે દુનિયાનું ઈનામ ઈચ્છે[૮૦] અમે તેમાંથી તેને આપીએ અને જે આખેરતનું ઈનામ ઈચ્છે અમે તેમાંથી તેને આપીએ[૮૧] અને નજીક છે કે અમે શુક્રવાળાઓને બદલો આપીએ (૧૪૫) અને (કંઈ) કેટલાય નબીઓએ જિહાદ કર્યું. તેમની સાથે ઘણા અલ્લાહવાળા હતા. એ સુસ્ત ન પડયા તે મુસીબતોથી જે અલ્લાહના માર્ગમાં તેમને પહોંચી, અને ન અશક્ત બન્યા અને ન દબાયા[૮૨] અને સબ્રવાળા અલ્લાહને પસંદ છે (૧૪૬)

## :: સમજૂતી ::

**૭૪** : પાછલી ઉમ્મતો સાથે જેમણે દુનિયાની લાલચ અને એની લિઝઝતોની પ્રાપ્તિમાં નબીઓ અને રસૂલોનો વિરોધ કર્યો, અલ્લાહ તઆલાએ તેમને મોહલતો આપી છતાં પણ તેઓ સીધા માર્ગ પર ન આવ્યા. ત્યારે તેમનો નાશ કરવામાં આવ્યો.

**૭૫** : જેથી તમે બોધ ગ્રહણ કરો.

**૭૬** : તેનો જે જંગે ઉહદમાં થયું.

**૭૭** : જંગે ઉહદમાં.

**૭૮** : જંગે બદ્રમાં તે છતાં તેઓ હિમ્મત હાર્યા નહીં અને તમારી સાથે લડાઈ કરવામાં સુસ્તીથી કામ ન લીધું તો તમારે પણ સુસ્તી અને પાછી પાની કરવી જોઈએ નહીં.

**૭૯** : કદી કોઈનો વારો તો કદી કોઈનો.

**૮૦** : સબ્ર અને નિખાલસતાની સાથે કે તેમને પરિશ્રમ અને નિષ્ફળતા તેમના સ્થાનેથી ચલિત કરી શકતી નથી અને તેમની અચલતાના પગો ડગમગ થઈ શકતા નથી.

**૮૧** : અને તેમને ગુનાહોથી પવિત્ર કરી આપે.

**૮૨** : એટલે કે કાફિરો તરફથી મુસલમાનોને જે તકલીફો પહોંચે તે તો મુસલમાનો માટે શહાદત અને પાક કરવા સમાન છે અને મુસલમાનો જે

કાફિરોને નાશ કરે છે તે તેમના માટે બરબાદી અને નાબૂદી છે.

**૮૩ :** કે અલ્લાહની ખુશી માટે કેવા જખ્મી થાય છે અને દુઃખો સહન કરે છે. આમાં તે લોકો પ્રત્યે નારાજી દર્શાવાઈ છે જેઓ ઉહદના દિવસે કાફિરો સામેથી ભાગી ગયા હતા.

**૮૪ : શાને નુઝૂલ :** જ્યારે બદ્રની લડાઈમાં શહીદ થયેલા લોકોના દરજજાઓ અને રૂતબાઓ તેમજ તેમના પર અલ્લાહના ઈનામો અને ઉપકારોનું વર્ણન કરવામાં આવ્યું. ત્યારે જે મુસલમાનો તેમાં હાજર ન હતા તેમને પસ્તાવો થયો અને તેઓ ઈચ્છા કરવા લાગ્યા કે કેવું સારૂં થાય જો અમને કોઈ જિહાદમાં ભાગ લેવાનું સદ્‌ભાગ્ય સાંપડે અને શહાદતના દરજજાઓ પ્રાપ્ત થાય. એ લોકોએ જ હુઝૂર ﷺને ઉહદની લડાઈમાં (મદીના શરીફથી બહાર) જવાનો આગ્રહ કર્યો હતો, તેમને વિશે આ આયત ઉતરી.

**૮૫ :** અને રસૂલોના આગમનનો હેતુ રિસાલતની તબ્લીગ તથા દલીલ પૂર્ણ કરવાનો હોય છે, નહીં કે પોતાની કૌમમાં હમેશાં હમેશાં ઉપસ્થિત રહેવાનો.

**૮૬ :** અને તેમના અનુયાયીઓ તેમના પછી તેમના દીન પર બાકી રહ્યા.

**૮૭ : શાને નુઝૂલ :** જંગે ઉહદમાં જ્યારે કાફિરોએ અફવા ફેલાવી કે મુહમ્મદ મુસ્તફા ﷺ શહીદ થઈ ગયા. અને શયતાને આ જૂઠી અફવા મશહૂર કરી દીધી. તો સહાબાને ઘણી વ્યાકુળતા થઈ આવી અને તેમનામાંથી અમુક (લડાઈ છોડી) ચાલી નીકળ્યા. ફરી જ્યારે સમાચાર આપવામાં આવ્યા કે રસૂલે કરીમ ﷺ મૌજૂદ છે ત્યારે સહાબાની એક જમાઅત પાછી આવી. હુઝૂરે તેમને હિમ્મત હારી જવા બદલ ઠપકો આપ્યો. તેમણે વિનંતિ કરી કે અમારા મા બાપ આપ પર ન્યોછાવર થાય, આપની શહાદત સાંભળી અમારા દિલો તૂટી ગયાં અને અમારાથી ઉભું રહી શકાયું નહીં, ત્યારે આ આયત ઉતરી અને ફર્માવવામાં આવ્યું કે અંબિયા (ના ઈન્તેકાલ) પછી પણ ઉમ્મતો પર તેમના દીનનું અનુસરણ અનિવાર્ય હોય છે, માટે એવું બની પણ જાત તો પણ હુઝૂરના દીનનું અનુસરણ અને તેની તરફદારી જરૂરી બની રહેત.

જેઓ પાછા ગયા નહીં અને પોતાના દીનને વળગી રહ્યા તેમને "શાકિરીન" કહેવામાં આવ્યા, કારણ કે તેમણે પોતાની દઢતા દ્વારા ઈસ્લામ રૂપી દોલતનો શક્ર અદા કર્યો, હઝરત અલી رضی اللہ عنہ ફર્માવતા હતા કે હઝરત અબૂ બક્ર સિદીક્ رضی اللہ عنہ અમીનુશ–શાકિરીન" છે.

**૮૮ :** આમાં જિહાદનો શોખ આપવામાં આવ્યો છે અને મુસલમાનોને દુશ્મનોના મુકાબલામાં શૌર્ય ચઢાવવામાં આવ્યો છે કે કોઈ પણ વ્યક્તિ ખુદાના હુકમ સિવાય મરી શકતો નથી. ભલે તે ખતરાઓમાં અને ઘમસાણના મોરચાઓમાં ઘુસી જાય, અને જ્યારે મોતનો સમય આવી જાય છે ત્યારે કોઈ યુક્તિ બચાવી શકતી નથી.

**૮૯ :** તેનાથી આગળ પાછળ થઈ શકતો નથી.

**૯૦ :** અને તેનો હેતુ અમલ અને ઈબાદતથી દુનિયા પ્રાપ્તિનો હોય.

**૯૧ :** એનાથી સાબિત થયું કે દારોમદાર નિય્યત પર છે, જેમકે બુખારી અને મુસ્લિમની હદીષમાં આવ્યું છે.

**૯૨ :** એવું જ દરેક ઈમાનદારે કરવું જોઈએ.

## દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

**હદીષ :** હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہ થી રિવાયત છે.[૧] ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ મારા પર જાતે પોતે અઝાન પેશ કરી. ફર્માવ્યું કે આ પ્રમાણે કહો :

اَللّٰہُ اَکْبَرُ اَللّٰہُ اَکْبَرُ اَللّٰہُ اَکْبَرُ اَللّٰہُ اَکْبَرُ اَشْھَدُ اَنْ لَآاِلٰہَ اِلَّا اللّٰہُ اَشْھَدُ اَنْ لَآاِلٰہَ اِلَّا اللّٰہُ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہُ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ

પછી પલ્ટો તો કહો :–

اَشْھَدُ اَنْ لَآاِلٰہَ اِلَّا اللّٰہُ اَشْھَدُ اَنْ لَآاِلٰہَ اِلَّا اللّٰہُ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہُ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ حَیَّ عَلَی الصَّلوٰۃِ حَیَّ عَلَی الصَّلوٰۃ حَیَّ عَلَی الْفَلَاحُ، حَیَّ عَلَی الْفَلَاحُ اَللّٰہُ اَکْبَرُ اَللّٰہُ اَکْبَرُ لَآاِلٰہَ اِلَّا اللّٰہُ[૨] (મુસ્લિમ)

**(બીજો વિભાગ)** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના જમાનામાં અઝાન બે બે વાર હતી, અને તકબીર એક એક વાર, એના સિવાય કે મોઅઝ્ઝિન કહેતો હતો : قَدْقَامَتِ الصَّلوٰۃ قَدْقَامَتِ الصَّلوٰۃ[3] (અબૂ દાઊદ, નિસાઈ, દારમી)

હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમને નબી કરમ علیہ الصلوٰۃ والسلام એ અઝાનના ૨૯ કલમા શીખવાડયા અને તકબીરના ૧૭ કલમા[૪]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, દારમી તથા ઈબ્ને માજહ)

## :: સમજૂતી ::

**૦૧.** આપ મશહૂર સહાબી છે. આપનું નામ સમુરહ અથવા અવસ અથવા સલ્માન અથવા સલમા છે. પોતાની કુન્યિતથી મશહૂર થયા. તેમના અન્ય હાલાત અગાઉ વર્ણન થઈ ચૂક્યા છે.

**૦૨.** એનું નામ તરજીઅ છે એટલે કે અઝાનમાં શહાદતને પ્રથમ ધીમેથી બેવાર કહેવી પછી મોટા અવાજે બે વાર કહેવી. આ શાફઈઓને ત્યાં સુન્નત છે, હનફીઓની નજીક નથી. દલીલો હમણા વર્ણન થશે.

**૦૩.** આ હદીષ વહાબીઓની ખાસ દલીલ છે કે અઝાનમાં તરજીઅ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે, અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદને ખ્વાબમાં જે ફરિશ્તાએ અઝાનની તા'લીમ આપી તેમાં તરજીઅ ન હતી. તેમજ ખુદ અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ رضی اللہ عنہ એ જ્યારે એ ખ્વાબ બારગાહે નબવી صلی اللہ علیہ وسلم માં પેશ કર્યો તેમાં પણ તરજીઅ ન હતી. તેમજ હઝરત બિલાલ رضی اللہ عنہ જેઓ ઈમામુલ મોઅઝ્ઝિન છે તેમની અઝાનમાં તરજીઅ નકલ થયેલ નથી. તેમજ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તૂમ જે મસ્જિદે નબવી શરીફના નાયબ મોઅઝ્ઝિન હતા, તેમની અઝાનમાં પણ તરજીઅ નકલ થયેલ નથી. તેમજ હઝરત

સઅદ કુરઝી મસ્જિદે કુબાના મોઅઝ્ઝિનની અઝાનમાં પણ તરજીઅ નક્લ થયેલ નથી. હવે રહી હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہની હદીષ, તો એમની રિવાયતો સખત વિરોધાભાસી છે અને એમાં ઈઝતેરાબ (અસ્થિરતા) છે. અને મુઝતરીબ તથા ટકરાવવાળી હદીષ અમલને પાત્ર નથી. જેમ કે તિબ્રાનીએ એ જ અબૂ મહઝૂરાથી જે અઝાન નક્લ કરી છે એમાં તરજીઅ નથી. તહાવી શરીફે અબૂ મહઝૂરાની અઝાનમાં બે વાર અલ્લાહુ અકબરનો ઉલ્લેખ કર્યો અને અહીં તરજીઅનો પણ ઉલ્લેખ છે. તેમજ સહાબાએ કિરામે અબૂ મહઝૂરાની રિવાયત પર અમલ ન કર્યો. જેમ કે હઝરત અલી, હઝરત બિલાલ, હઝરત ષૌબાન, હઝરત સલમા ઈબ્ને અકૂઅ વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین અઝાન તથા તકબીરના શબ્દો બે બે વાર કહેતા અને કહેવડાવતા હતા. ઈનાયહ શરહે હિદાયહએ ફર્માવ્યું કે હઝરત અબૂ મહઝૂરાને કુફ્રના જમાનામાં તૌહીદ તથા રિસાલતથી સખત નફરત હતી. ઈસ્લામ પછી તેમને અઝાનનો હુકમ મળ્યો તો એ શરમના કારણે શહાદતો ધીરેથી કહી ગયા. ત્યારે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે ફરી જોરથી કહો. ફત્હુલ કદીરે ફર્માવ્યું કે હઝરત અબૂ મહઝૂરા શહાદતોમાં મદ (લંબાવવું) છોડી ગયા હતા, એટલા માટે આ કલમા બે વાર કહેવડાવવામાં આવ્યા. આ તફસીરના આધાર પર હઝરત અબૂ મહઝૂરાની હદીષમાં ન ટકરાવ થશે ન ઈઝ્તિરાબ થશે. કેમ કે તરજીઅવાળી રિવાયતોમાં ખાસ બનાવનું વર્ણન છે અને અન્ય રિવાયતોમાં આમ હાલાતનું વર્ણન છે. એની સંપૂર્ણ તેહકીક અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ : ૨)માં જુઓ.

**૦૪.** એટલે કે અઝાનના કલમા બે વાર કહેવામાં આવતા હતા, અને ઈકામતના એક એક વાર. યાદ રાખશો કે આ હદીષ જો સહીહ હોય તો, કયાં તો એ મન્સૂખ છે અથવા તેની તાવીલ કરવું વાજિબ છે. વિરોધીઓ એના થકી પોતાનો દાવો કદાપિ સાબિત નથી કરી શકતા કેમ કે તેઓ અઝાનની બંનેવ શહાદતોમાં તરજીઅને માનનારા છે જેનાથી એ બંનેવ કલમા ચાર ચાર વખત કહેવામાં આવે છે અને અહીં આવ્યું કે અઝાનના સર્વ કલમા બે બે વાર કહેવામાં આવતા હતા. તેમજ એ હઝરાત ઈકામતમાં પ્રથમ તકબીર ચાર વાર અને છેવટમાં બે વાર કહે છે. પણ અહીં આવ્યું કે ઈકામતના સર્વ કલમા એક એકવાર છે. તેમજ જો તકબીરના કલમા એક એક વાર હોત તો સહાબાએ કિરામ હુઝૂર ﷺના પછી એ અમલ છોડી ન આપતા. બયહકી શરીફમાં છે કે હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ એક શખ્સને જોયો કે તે ઈકામત એક એક વાર કહી રહ્યો છે, તો આપ નારાજ થઈ ગયા અને ફર્માવ્યું : اِجْعَلْهَا مَثْنٰى مَثْنٰى لَا اُمَّ لَکَ "તારી મા મરે ! બે બે વાર કહે !" હવે બે જ સ્થિતિઓ છે ક્યાં તો આ હદીષને મન્સૂખ માનો જેની નાસેખ આગલી હદીષ છે અથવા એમાં એવી તાવીલ કરવામાં આવે કે એ કાયમ માટેનો અમલ ન હતો, બલ્કે કોઈ ટેમ્પરરી કારણે થયો હતો. અથવા અઝાન તથા ઈકામતના શાબ્દિક અર્થો લેવામાં આવે, જેવું કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે.

**૦૫.** હનફીઓની નજીક અઝાનના ૧૫ કલમા છે અને ઈકામતના ૧૭ છે. આ હદીષ ઈકામતના બે બે વાર હોવા પર હનફીઓની મજબૂત દલીલ છે, કેમ કે જો એના વાકયો એક એક વાર હોત તો ૧૩ કલમા થાત ન કે ૧૭. જેથી આ હદીષ અગાઉ ગુજરી ગયેલી હઝરત ઈબ્ને ઉમરની હદીષને મન્સૂખ કરનાર છે. રહ્યા અઝાનના ૧૫ કલમા, તો એના સંબંધે વર્ણન થઈ ચૂક્યું છે કે એ હઝરત શહાદતો ધીરેથી પઢી ગયા હતા એટલા માટે ફરીવાર અવાજ સાથે કહેવડાવવામાં આવ્યું જેથી આ બનાવ વર્ણન થઈ ગયેલ હઝરત ઈબ્ને ઉમરની હદીષ વિરુદ્ધ નથી.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)

:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ**

**અર્થાત** : હે લોકો ! (દુનિયાનું) જંગલ વિરાન તથા બેઆબાદ છે, જ્યારે રાત પણ અંધારી છે અને ઉપરથી કાળી ઘટા પણ છવાય ચૂકી છે. ખબરદાર ! આવી હાલતમાં તો ઊંઘ આવતી જ નથી. જો સૂતેલા હોય તો પણ જાગી જાવ, કેમ કે અહીં હિફાઝત કરવાવાળા ખુદ લૂટારુઓ છે. એટલે કે તમારા દીન તથા ઈમાનની માલ સંપત્તિને નફ્સ તથા શૈતાનની ડાકૂગીરીથી મહેફૂઝ રાખો. બાકી રહ્યાં ખુદ નફ્સ તથા શૈતાન જે દરેક માણસની સાથે સાથે રહે છે. જાણે એ સાબિત કરે છે કે અમે તારા મુહાફિઝ છીએ, જ્યારે કે હક઼ીક઼તમાં આ જ ઈન્સાનના ઈમાન તથા અમલોને લૂટનારા સૌથી મોટા ચોર તથા લૂટારા છે. જ્યારે કે આ શેઅરમાં અંધારી રાત અને કાળી વાદળીથી મુરાદ ગુનાહોની કાળાશ હોય શકે છે. તેની જ આડમાં શૈતાન બંદાનો દીન તથા ઈમાન બર્બાદ કરે છે.

**આંખસે કાજલ સાફ ચુરા લેં યાં વો ચોર બલા કે હૈં**
**તેરી ગઠળી તાકી હૈ ઔર તૂને નીંદ નિકાલી હૈ**

**અર્થાત** : આ દુનિયામાં એવા એવા ચાલાક તથા હોશિયાર ચોર ફરી રહ્યા છે જે આંખથી સુરમો પણ કાઢી લે અને તને ખબર સુદ્ધાં ન પડે. એ જ ચોરોએ તારી ગઠળી (દીન તથા ઈમાન) પર નજર રાખેલી છે અને તું આટલો બેખબર થઈને ઊંઘ પૂરી કરી રહ્યો છે કે પરવા જ નથી !

આ શેઅરમાં આ'લા હઝરતે બદ્ મઝહબોની ફરેબકારી (પ્રપંચ)નો પર્દો ખોલ્યો છે અને ભોળા ભાળા સુન્નીઓને તેમની બુરી સોહબતથી બચવાની તાકીદ કરી છે. થોડાક દિવસ એ ચોરો પાસે બેસનાર કેટલાય અક઼ીદામાં મજબૂત કેમ ન હોય પણ જરૂર કાંઈક ન કાંઈક વસવસા લઈને પાછો ફરે છે. કેમ કે તેમની ધોકાબાજી શૈતાનને પણ પાછળ છોડી આપે છે. ચાલીસ ચાલીસ વરસો સુધી આપણી મસ્જિદોમાં ઈમામ રહી જાય છે પણ આપણા ભોળા ભાળા સુન્ની ભાઈઓને ખબર પણ નથી પડતી કે અમારી સાથે શું થઈ રહ્યું છે ? ફાતેહા, ખતમ, દુરૂદ સર્વ કાંઈ કરતા રહે છે અને સાથે સાથે પોતાની બદ્અક઼ીદગીને પણ ધીમે ધીમે મુનાફિક઼ાના તરીક઼ાથી ફેલાવતા રહે છે. આ રીતે કેટલાય ગામો તથા આબાદીઓ પર કબજો જમાવી ચૂક્યા છે.

**યહ જો તુઝકો બુલાતા હૈ યહ ઠગ હૈ માર હી રખ્ખેગા**
**હાએ મુસાફિર દમમેં ન આના, મત કૈસી મતવાલી હૈ**

**અર્થાત** : આ બદ્‌મઝહબ જે તને વારંવાર પોતાની તરફ બોલાવે છે અને દીનની વાતો સંભળાવવાના ચક્કરમાં પોતાના પ્રોગ્રામમાં સામેલ કરીને તારા દીનનો બેડો ગરક કરી રહ્યો છે. એ ઘણો જ મોટો ઠગ અને ધોકેબાઝ છે, એની વાતોમાં આવીને તારો સાચો અક઼ીદો બર્બાદ ન કરી નાખતો. એની કોશિશ છે કે તું જહન્નમનું બળતણ બની જાય, કેમ કે તેના વડીલે પણ તારાં માબાપ (આદમ તથા હવ્વા علی نبینا علیھما السلام)ને આ જ રીતે જૂઠી ક઼સમો ખાય ખાયને જન્નતથી કાઢયાં હતાં. وقاسمھما انی لکما لمن الناصحین, જો આટલુ બધુ જાણ્યા બાદ પણ હે ભોળા મુસાફર ! તું એની જાળમાં ફસાય ગયો તો હું સમજીશ કે તારી બુદ્ધિ જ નશાથી બદ્‌મસ્ત અને ચૂર ચૂર છે.

**સોના પાસ હૈ, સૂના બન હૈ, સોના ઝહર હૈ ઉઠ પ્યારે**
**તૂ કહતા હૈ મીઠી નીંદ હૈ ! તેરી મત હી નિરાલી હૈ**

**અર્થાત** : તારી પાસે દીન તથા ઈમાનની દૌલત જે છે તે શુદ્ધ સોનુ છે અને આ બાજુ દુનિયાનું જંગલ જો કેટલુ (સૂના) વેરાન અને બર્બાદ છે, ચો તરફ ડાકૂઓના પહેરા છે, છતાં પણ આ હાલતમાં તારું (સૂના) ઊંઘવું મૂર્ખામી નથી તો બીજુ શું છે ?! આટલા ખતરાઓ હોવા છતાં જે મીઠી નીંદર સૂઈ રહ્યો હોય તે અજબની બુદ્ધિવાળો કહેવાશે.

**આંખેં મલના, ઝુંઝલા પળના, લાખોં જમાઈ, અંગળાઈ**
**નામ પર ઉઠને કે લળતા હૈ ઉઠના ભી કુછ ગાલી હૈ**

*(જમાઈ = બગાસુ)*

**અર્થાત** : તને અલ્લાહની ઈબાદત માટે જો ઉઠાડવામાં આવે (અથવા બદ્‌મઝહબોની સોહબતથી બચવાનું જો કહેવામાં આવે) તો બગાસાં ખાવાનુ તથા આળસ મરડવાનું શરૂ કરી આપે છે, અને તરહ તરહાનાં બહાનાં બનાવી ઉઠવાનું નામ નથી લેતો. આંખો મસળવું અને સુસ્તી કરવી તારી એવી આદત બની ગઈ છે કે હવે ઊંઘમાંથી ઉઠવાનું નામ સાંભળીને (અને બદ્‌અક઼ીદા લોકોની સોહબતથી "બચવાનું") સાંભળીને તું લડવાનું શરૂ કરી આપે છે. ભલા ! આ કોઈ ગાળ તો છે નથી, બલ્કે તારી ભલાઈની વાત છે.

આ'લા હઝરતે દરેક ક્ષેત્રે ચો મુખી લડાઈ લડીને ખૂબ જ સારી રીતે પોતાનો ફરીઝો અદા કર્યો છે, ભલે એના બદલામાં આપને ખૂબ જ પ્રમાણમાં ગાળોથી પણ નવાઝવામાં આવ્યા, પણ આપે કોઈ પણ ચીજની ડર્યા વિના પોતાનું કામ ચાલુ રાખ્યું. જેમ કે એકવાર આપના કોઈ મુખ્લિસ મુરીદે ગાળોથી ભરેલો એક પત્ર આપની ખિદમતમાં પેશ કર્યો અને અર્ઝ કરી કે આ પત્ર લખનારની વિરુદ્ધ ક઼ાનૂની કાર્યવાહી કરીને તેને સજા અપાવવામાં આવે. આ'લા હઝરત અંદર તશરીફ લઈ ગયા અને પોતાના ઘરમાંથી ઘણા બધા પત્રો જે આપની પ્રશંસામાં દાદ આપતા લખેલા હતા તે ઉઠાવીને લાવ્યા અને ફર્માવ્યું, પહેલાં આ બધાને ઈનામ આપી દો પછી તેને સજા અપાવજો ! અને જો ચાહકને ફાયદો ન પહોંચાડી શકો તો દુશ્મનને નુકસાન પહોંચાડવાની જરૂરત પણ નથી.

*–(મઆરિફે રઝા, કરાચી–૧૯૯૦)*

**જુગ્નૂ ચમકે, પત્તા ખળકે, મુઝ તન્હા કા દિલ ધળકે**
**ડર સમઝા લે કોઈ પવન હૈ યા અગ્યા બેતાલી હૈ**

*(જુગનૂ = અંધારામાં ચમકનાર જીવડુ, ખળકના = અવાજ કરવું,*
*તન્હા = એકલો,પવન = ખબીષ રૂહ, મવક્કલ, અગ્યા બેતાલી = ભૂત પ્રેત)*

**અર્થાત** : જરાક વાદળ ગરજે છે કે વીજળી ચમકે છે તો મારુ દિલ ધડક ધડક કરવા માંડે છે, જરા જુઓ તો કાળી ઘટાની શક્કલ કેટલી ડરામણી તથા કાળી છે !

**ખૌફે ખુદા તથા મહબૂબે ખુદા ﷺ** : મુબારક હદીષોની કિતાબોમાં નબીયે કરીમ علیہ الصلوٰۃ والسلامના પોતાના બનાવો જેનો સંબંધ ખૌફે ખુદા તથા ફિકે આખેરતથી છે એ અગણિત છે, એમાંથી અમુકનું વર્ણન કરવામાં આવે છે. આ સર્વ બનાવો હદીષોની વિશ્વસનીય કિતાબોમાં મૌજૂદ છે. દરેક બનાવની સાથે હદીષની કિતાબનું નામ લખી દેવામાં આવ્યું છે. લખાણ ન લંબાવતાં મૂળ અરબી લખાણ લખ્યું નથી. ઈલ્મવાળા જાણે છે કે આ હદીષોમાં કોઈ પણ ઝઈફ કે મૌઝૂઅ હદીષ નથી, અમુક બનાવોની સાથે ઈલ્મવાળાઓમાંથી એક સાહબનું વિવેચન પણ લખવામાં આવ્યું છે જેના સહીહ હોવાના તે ખુદ જિમ્મેદાર છે. જુઓ :–

- હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે હું મજાની જિંદગી કેવી રીતે ગુજારું જ્યારે સૂર ફૂંકનાર ફરિશ્તાએ સૂર મોંઢામાં લઈને રાખેલું છે અને અલ્લાહના હુકમની તરફ કાન લગાડી રાખેલા છે અને પેશાની નમાવેલી રાખી છે, અને એ ઈન્તેઝારમાં છે કે ક્યારે સૂર ફૂંકવાનો હુકમ થઈ જાય અને હું તુરત જ ફૂંકી દઉં. *(તિર્મિઝી શરીફ)*

મતલબ એ છે કે સૂર ફૂંકી દેવામાં આવશે અને ખબર નહીં કે ક્યારે ફૂંકી દેવામાં આવશે, જેથી આ ફાની દુનિયામાં મજાઓ માણવી યોગ્ય કામ નથી કે જેની ફના એકદમ થઈ જશે અને સર્વ કાંઈ વેરવિખેર થઈ જશે. બંદાએ જોઈએ કે દરેક સમયે અલ્લાહની તરફ ધ્યાનિત રહે. એ વાત તદ્દન અસ્થાને છે કે મજા ઉઠાવતાં ઉઠાવતાં દુનિયાને છોડીને આલમે આખેરતમાં પહોંચે.

- હઝરત ઉબય બિન કઅબ રિવાયત કરે છે કે જ્યારે ત્રીજા ભાગની રાત બાકી રહી જતી તો જનાબ રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યા કરતા હતા કે હે લોકો ! અલ્લાહને યાદ કરો ! પ્રથમ સૂર ફૂંકવામાં આવનાર છે તેના બાદ બીજુ ફૂંકવામાં આવશે. મૌત આવી પહોંચ્યું પોતાની સખ્તીઓને લઈને, મૌત આવી પહોંચ્યું પોતાની સખ્તીઓને લઈને. *(તિર્મિઝી)*

મતલબ એ કે તમે કેમ સૂતેલા પડયા છો ?! તમે તો એવા સૂતા છો જાણે કે ન મરવાનું છે, ન હિસાબો કિતાબથી વાસ્તો પડવાનો છે. ઉઠો ! ઉઠો ! અલ્લાહને યાદ કરો ! મૌત માથા પર ઉભેલી છે અને તમે સૂતા છો ?!

- હઝરત અબૂઝર رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે હું તે દશ્યો જોઉં છું જે તમે નથી જોતા અને તે હાલાત સાંભળું છું જે તમે નથી સાંભળતા. (હું સાંભળી રહ્યો છું) કે આસ્માન (અલ્લાહના ડરથી) ચર ચર બોલે છે, એને જોઈએ પણ એ જ કે આ રીતે બોલે. કસમ એ જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે ! આસ્માનમાં ચાર આંગળી બરાબર પણ એવી જગા નથી જેમાં કોઈ ન કોઈ ફરિશ્તો પોતાની પેશાની રાખીને અલ્લાહ તઆલાને સજદો કરેલ સ્થિતિમાં ન પડેલ હોય.

પછી ફર્માવ્યું, અલ્લાહની કસમ ! જો તમને એ ચીજો માલૂમ પડી જાય જેને હું જાણું છું તો જરૂર તમે હસો થોડુ અને ખૂબ જ પ્રમાણમાં રડો, અને બિછાનાઓ પર સ્ત્રીઓથી મજા ન માણો અને જંગલ ભણી નીકળી જઈને અલ્લાહથી લૌ લગાડી લો. અને રિવાયત કરીને હઝરત અબૂ ઝરે ફર્માવ્યું, یا لیتنی کنت شجرۃ "કાશ ! હું ઈન્સાન ન હોત, એક ઝાડ જ હોત જેને કાપીને ફેંકી દેવામાં આવતું.

*–(અહમદ, તિર્મિઝી તથા ઈબ્ને માજહ)*

- હઝરત અબૂ જુહૈફા રિવાયત ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના પર વૃદ્ધાવસ્થાની અસરો કમજોરી જાહેર થઈ ગઈ ! ફર્માવ્યું, મને સૂરએ હૂદ અને એના જેવી બીજી સૂરતોએ જેમનામાં કયામતના અહવાલ અને અઝાબોનું વર્ણન છે એણે વૃદ્ધાવસ્થા લાવી દીધી. બીજી રિવાયતમાં છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ વૃદ્ધ લાગવા માંડયા ! આપે ફર્માવ્યું, મને સૂરએ હૂદ તથા સૂરએ વાક઼િયા તથા મુરસલાત વ અમ્મ યતસા અલૂન, ઈઝશશ્મ્સુ કુવ્વિરતએ વૃદ્ધ કરી દીધો. *(તિર્મિઝી)*

એટલે કે હું આ સૂરતોને પઢીને જેમાં કયામતનો ઉલ્લેખ છે, વૃદ્ધ થઈ ગયો છું. કયામતના હાલત માલૂમ થવા પર અને એ યક઼ીન હોવા પર કે આ સખ્ત દિવસોમાં આપણે પણ મૌજૂદ હોઈશું.

**પાઉં ઉઠા ઔર ઠોકર ખાઈ કુછ સંભલા ફિર ઊંધે મુંહ**
**મૈનાને ફિસલન્ કર દી હૈ ઔર ધળ તક ખાઈ નાલી હૈ**

*(મૈના = વરસાદ, ફિસલન = સરકીયુ, ધળ = કમર સુધી)*

**અર્થાત** : ચાલવા માટે પગ ઉઠાવું છું (તો ખૌફે ખુદા અને પોતાના અમલોને જોઈને) પોતે પોતાને સંભાળી નથી શક્તો તો ઠોકર ખાયને પડી જઉં છું, પછી જરા સંભલું છું તો ઊંધા મોંએ જમીન પર આવી પડું છું. કેટલીક (ગુનાહોની અધિક્તાએ) વરસાદે લપસણા અધિક કરી આપેલ છે અને કેટલાક કમર સુધી ખાડાઓ (કબ્રની ફિકર)એ ઢીલો કરી નાખ્યો છે.

**સાથી સાથી કહ કે પુકારું સાથી હો તો જવાબ આએ !**
**ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલરે મૌલા વાલી હૈ**

**અર્થાત** : આ બેબસીના આલમમાં જમણે ડાબે જોઉં છું કે કોઈ દોસ્ત કે ગમખ્વાર હોય તો તેને પુકારું. પરંતુ ત્યાં કોણ કોઈનું થાય છે ?! یوم یفر المرء من اخیہ وامہ وابیہ وصاحبتہ وبنیہ અને الاخلاء یومئذ بعضھم لبعض عدوّ ગભરાયને કોઈને બોલાવું પણ છું તો જવાબ નથી આવતો. પછી થાકી હારીને માથુ જમીન પર પટકુ છું અને કહું છું, ચાલો ! અલ્લાહ માલિક છે !

**ફિર ફિર કર હર જાનિબ દેખું કોઈ આસ ન પાસ કહીં**
**હાં ! એક તૂટી આસને હારે જી સે રિફાક઼ત પાલી હૈ**

**અર્થાત** : ચારેવ તરફ નજરો દોડાવું છું પણ ક્યાંય પણ આશાનું કિરણ જોવા નથી મળતુ, ન તો કોઈને મારી નજીક જોઉં છું કે તેને મારું દુઃખ સંભળાવી શકું. છેવટે મારી અપૂર્ણ તથા તૂટેલી આશાથી જ દોસ્તી કરી

લીધી છે કે હે ઉમ્મીદ ! તું પૂરી નથી થઈ રહી અને મારું દિલ પણ હારેલું છે, તો તમે બંનેવ આપસમાં મળી જાવ અને રડી રડીને એ જાતને પુકારો કે :–

*જો હારે હુએ દિલ કો ઢારસ દેતી હૈ–હમ તો ફકત તેરી કરીમી પે નઝર રખતે હૈં*

**તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે, તુમ તો અજમ કે સૂરજ હો**
**દેખો મુઝ બેકસ પર શબને કૈસી આફત ડાલી હૈ**

**અર્થાત :** હે મારા નૂરવાળા કરીમ આક઼ા ! જુઓ આપનો ગુલામ ક્યાં ધક્કા ખાય રહ્યો છે. આપ તો અરબના ચાંદ અને અજમના સૂરજ છો, જરા જુઓ તો આપના બેબસ ઉમ્મતી પર ક઼બ્રની રાતે કેવી મુસીબત લાવીને ખડી કરી દીધી છે. ખુદારા ! તમારા નૂરની એક કિરન અતા કરો જેથી આ ભયાનક રાતના અંધારાથી તો છૂટકારો મળે.

**દુન્યા કો તો કયા જાને યહ બિસ કી ગાંઠ હૈ હર્રાફ઼ા**
**સૂરત દેખો ઝાલિમ કી તો કૈસી ભોલી ભાલી હૈ**

*(બિસ = ઝહેર, ગાંઠ = પોટલુ, હર્રાફ઼ા = ધોકાબાઝ)*

**અર્થાત :** આ દુનિયા જે દેખાવમાં તને ભોળીભાળી તથા સીધી સાદી જણાય છે પણ તું નથી જાણતો કે આ જાલિમ કેવી પ્રપંચી તથા ઝહેરનું પોટલુ છે. એણે મોટા મોટાઓની હાલત ખરાબ કરી છે અને બેડો ગરક કરી દીધો છે.

**શહદ દિખાયે ઝહર પિલાએ ક઼ાતિલ ડાઈન શોહર કુશ**
**ઈસ મુરદાર પે કયા લલચાયા, દુન્યા દેખી ભાલી હૈ ?!**

*(શહદ = મધ, ડાઈન = જાદૂગર સ્ત્રી, કદરૂપી, શોહરકુશ = પતિની ખૂની)*

**અર્થાત :** આ દુનિયા જાલિમ, ધોકાબાઝ, મધ દેખાડીને ઝહેર પીવડાવનારી છે અને એવી ક઼ાતિલ છે કે પોતાના પતિનું (કે જે તેની સાથે મહોબ્બત કરે છે તેનું) જ લોહી ચૂંસી જાય છે અને તેને તબાહ કરીને છોડે છે. તો પછી આવી મુરદાર દુનિયા પર શા માટે મરવામાં આવે ? હજારો લોકો તેને અજમાવી ચૂક્યા છે, તો હવે એ અજમાવાયેલીને શું અજમાવવું ?!

**વો તો નિહાયત સસ્તા સોદા બેચ રહે હૈં જન્નત કા**
**હમ મુફ઼લિસ કયા મોલ ચુકાએેં અપના હાથ હી ખાલી હૈં**

**અર્થાત :** આ બાજુ અલ્લાહ તઆલા અને તેના પ્યારા રસૂલ ﷺ કેટલો સસ્તો સોદો જન્નતનો વેચી રહ્યા છે ! ان اللہ اشتریٰ من المؤمنین انفسھم واموالھم بان لھم الجنۃ "અમારી જ આપેલી જાન તથા માલ આપી દો અને જન્નત લઈ લો !" પણ હાય નસીબ ! આપણા પાસે (અમલની) પુંજી જ નથી તો આપણે શું કિંમત લગાડીશું ?! આપણુ માથુ જે લોહીની એક મામૂલી સરખી કુપ્પી છે, જો એના બદલે મોતીઓની ખાણ મળે તો શું એ સોદો મોંઘો છે ? નહીં ! હરગિઝ નહીં ! પણ જે એ પણ ન કરી શકે, તો પછી તે ખરીદાર પણ નથી અને દિલદાર પણ નથી.

**મૌલા તેર અફ્વો કરમ હોં મેરે ગવાહ સફાઈ કે**
**વરના 'રઝા' સે ચોર પે તેરી ડિગ્રી તો ઈકબાલી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા મૌલા કરીમ ! જો તારો લુત્ફો કરમ મારો સફાઈનો ગવાહ (મારી બેગુનાહીની ગવાહી આપનાર) બની ગયો તો નજાતની મજબૂત ઉમ્મીદ છે, નહીં તો 'રઝા' બીચારો તો પોતાના જુર્મનો બૂમ પાડીને ઈકરાર કરી બેઠો (ઈક઼બાલી મુજરિમ) છે.

આ પૂરી નઝમમાં ઈમાનવાળાઓ સામે દુનિયાનું ફાનીપણુ તથા તેની ધોકાબાજીઓ તથા પ્રપંચો વર્ણવવામાં આવેલ છે, જેથી કરીને તેની સાથે દિલ લગાડીને પોતાની આખેરત બર્બાદ કરવાના બદલે દીનની તરફ આકર્ષિત થાવ અને અલ્લાહ તઆલા તથા તેના પ્યારા રસૂલ ﷺના ઈશ્ક઼ને દિલમાં પેદા કરો અને પોતાની આખેરત સંવારો, એ આદેશ આપવામાં આવ્યો છે. ❑❑❑

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૪૫૦/- (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

**હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૮-૧૯નું બુકીંગ ચાલુ છે**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

**રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.**
**એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.**

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



**લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.**





❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## વિસાલ મુબારક

***(રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૧)***

જ્યારે દીનની હાલત સંપૂર્ણ થઈ ગઈ અને અરબની લગામ ઈસ્લામના હાથમાં આવી ગઈ તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી કેટલીક એવી નિશાનીઓ જાહેર થવા લાગી જેનાથી અંદાજો થતો હતો કે હવે આપ આ દુનિયાથી રુખસદ થનાર છે અને વિવિધ પ્રસંગો પર આપે એને પ્રદર્શિત પણ કર્યું.

જેથી હજ્જતુલ વિદાઅને હજી ત્રણ મહિના પણ પસાર થયા ન હતા એવામાં આપણા આક઼ા صلی اللہ علیہ وسلم પર બીમારીઓના હુમ્લા શરૂ થયા, કમજોરી વધતી ગઈ. તેમ છતાં દરેક પત્નીની પાસે તેમની વારીમાં જરૂર જતા. જ્યારે કમજોરી ઔર વધી ગઈ, હરવા ફરવાની શક્તિ ન રહી તો આપે સર્વ પત્નીઓને બોલાવી, તેમનાથી હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاને ત્યાં આરામ કરવાની ઈજાઝત ચાહી. સૌએ ખુશી ખુશી ઈજાઝત આપી દીધી. હઝરત અલી તથા હઝરત અબ્બાસ رضی اللہ عنہماએ સહારો આપીને હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં પહોંચાડી આપ્યા. જ્યાં સુધી કાંઈ શક્તિ રહી આપ મસ્જિદમાં નમાઝના માટે જતા રહેતા હતા. જ્યારે તકલીફ અધિક મહેસૂસ થવા લાગી તો આપે હઝરત અબૂબક્ર رضی اللہ عنہને નમાઝ પઢાવવાનો હુકમ આપ્યો. આપની જાહેરી હયાતમાં સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہએ સત્તર નમાઝો પઢાવી.

વફાતથી દિવસ પહેલાં ઝોહરના સમયે કાંઈક આરામ થયો તો હઝરત અલી તથા હઝરત અબ્બાસ رضی اللہ عنہماનો સહારો લઈને મસ્જિદ તશરીફ લાવ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા. આપે આહટ પામીને હટવા ચાહ્યું, પણ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈશારાથી રોક્યા અને તેમના બાજુમાં બેસીને નમાઝ પઢાવી. નમાઝના પછી આપે એક સંક્ષિપ્ત તક઼રીર ફર્માવી જેમાં આપે અમુક વસિયતો કરી અને મસાઈલ વર્ણન કર્યા. બીમારીમાં વધઘટ થતી રહેતી હતી. ખાસ વફાતના દિવસે તબીઅત ખૂબ જ સારી થઈ ગઈ. એવું લાગી રહ્યું હતું કે જાણે તાવ જઈ રહ્યો છે. જેણે પણ જોયા તે સમજ્યો કે હવે સારા થઈ ગયા. લોકોના ઉદાસ ચહેરા ખીલી ઉઠયા અને મુરઝાયેલા દિલો પર ખુશીની લહેર દોડી ગઈ. હુજરો મસ્જિદથી મળેલો હતો. આપે પર્દો ઉઠાવીને જોયું કે અલ્લાહના મુખ્લિસ બંદા ફજરની નમાઝ પઢી રહ્યા છે. આ જોઈને આપ મુસ્કુરાયા, આહટ પામીને લોકોએ સમજ્યું કે આપ મસ્જિદમાં આવવા ચાહે છે. સહાબા મગન (ખુશ) થઈ ગયા. નજીક હતું કે ખુશીના માર્યા નમાઝો તોડી આપે, પરંતુ સરકાર علیہ الصلوٰۃ والسلامએ ઈશારાથી રોકી દીધા અને પર્દો કરાવી આપ્યો. આપના રુખે ઝયબા (ચેહરા મુબારક)નો આ અંતિમ દીદાર હતો, ત્યાર બાદ બેચૈની વધવા લાગી. પાસે જ પાણીનો એક પ્યાલો હતો. આપ

એમાં વારંવાર હાથ નાખતા અને ચહેરા મુબારક પર ઘસતા. ચાદર કદીક મોઢા પર નાખતા અને કદીક હટાવી દેતા. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا આપના સર મુબારકને સીનાથી લગાડીને બેઠાં હતાં. એટલામાં આપે હાથ ઉપર ઉઠાવ્યો, આંગળી વડે ઈશારો કરીને ત્રણવાર ફર્માવ્યું : بَلِ الرَّفِيْقُ الْأَعْلٰى "હવે અન્ય કોઈ નહીં તે જ સૌથી મહાન સાથી."

આ જ શબ્દો ઝબાન પર હતા કે આપ અલ્લાહને પ્યારા થઈ ગયા. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ

صَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ الْأُمِّيِّ وَاٰلِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ
وَسَلَّمَ صَلَاةً وَّسَلَاماً عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ

વિસાલના સમયે ઉમ્ર શરીફ ૬૩ વરસ હતી. સોમવારનો દિવસ હતો. રબીઉલ અવ્વલની ૧૨ મી તારીખ હતી, અને હિજરતનું ૧૧મુ વરસ હતું.

વિસાલની ખબર સાંભળતાં જ મુસલમાનો પર ગમના પહાડ તૂટી પડયા. હઝરત ઉષ્માન તથા હઝરત અલી (رضی اللہ عنہما) સુન મારી ગયા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અનીસ ખબર સાંભળતાં જ ઈન્તેક઼ાલ કરી ગયા. હઝરત ઉમર (رضی اللہ عنہ)એ સાંભળ્યું તો નગ્ન તલ્વાર લઈને નીકળી પડયા અને કહ્યું કે એવું કેવી રીતે થઈ શકે છે કે આપણા આક઼ા ﷺ ઈન્તેક઼ાલ કરી જાય ! જો કોઈએ કહી દીધું કે રસૂલુલ્લાહ ﷺની વફાત થઈ ગઈ તો તેની ગરદન ઉડાવી દઈશ. સર્વ લોકો હેરાન તથા પરેશાન છે. છેવટે મામલો શો છે ! અક઼લ કામ નથી કરી રહી. હઝરત ઉમરનું તેવર ચઢતું જ જઈ રહ્યું હતું. કોઈનામાં કાંઈ કહેવાની હિંમત નથી. એટલામાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ તશરીફ લાવ્યા. સીધા હઝરત આઈશા رضی اللہ عنہાના હુજરામાં ગયા. રસૂલુલ્લાહ ﷺના ચહેરાથી ચાદર હટાવી. આપને યક઼ીન થઈ ગયું કે રસૂલે અરબી ﷺ હવે દુનિયામાં ન રહ્યા. આપે ચેહરાએ અક઼દસનો બોસો લીધો અને બહાર તશરીફ લાવ્યા. અને મુસલમાનો તરફ ધ્યાનિત થઈને આ તક઼રીર કરી :–

"હે લોકો ! તમારામાંનો જો કોઈ મુહમ્મદ ﷺની ઈબાદત કરતો હતો તો તે જાણી લે કે મુહમ્મદ ﷺ આ દુનિયાથી તશરીફ લઈ ગયા. અને જો કોઈ અલ્લાહની ઈબાદત કરતો હતો તો ખુદાવંદે કરીમ ઝિંદા છે, તેના માટે મૃત્યુ નથી."

ત્યાર બાદ આપે આ આયતે કરીમા તિલાવત કરી :

**(અર્થાત)** : "અને મુહમ્મદ તો એક રસૂલ છે. એમનાથી પહેલાં અન્ય રસૂલ થઈ ચૂક્યા. તો શું જો એ ઈન્તેક઼ાલ કરી જાય અથવા શહીદ થાય તો તમે ઉલ્ટા પગે ફરી જશો ? અને જે ઉલ્ટા પગે ફરશે અલ્લાહનું કાંઈ નુકસાન ન કરશે. અને નજીકમાં જ અલ્લાહ શુક્રવાળાઓને બદલો આપશે."

*–(સૂરએ આલે ઈમરાન, આ. ૧૪૪, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની તક઼રીર સાંભળીને લોકોને હોશ આવી ગયો. એવું મહેસૂસ થઈ રહ્યું હતું કે આ આયત લોકોએ જાણે કદી સાંભળી જ ન હતી. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે મેં હઝરત અબૂબક્ર رضی اللہ عنہની ઝબાની આ આયત સાંભળી તો મને યક઼ીન થઈ ગયું કે આક઼ાએ કાઈનાત ﷺનો વિસાલ થઈ ગયો. ત્યાર બાદ આપની તલ્વાર મ્યાનમાં જતી રહતી.

મંગળના દિવસે આપના શરીર મુબારકને ગુસ્લ આપવામાં આવ્યું. ત્રણ કપડાં કફનમાં આપવામાં આવ્યાં. જનાઝો હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં જ રાખી દેવામાં આવ્યો. દસ દસ માણસો હુજરામાં જતા અને અલગ અલગ નમાઝે જનાઝા પઢીને પરત આવતા.

હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہએ ક઼બ્રની બગલી તૈયાર કરી અને બુધની રાતમાં જિસ્મે અત્હરને હઝરત આઈશા رضی اللہ عنہاના હુજરામાં જ ખાકને સુપરત કરવામાં આવ્યા.

લોકોની રાયથી હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના ખલીફા તથા મુસલમાનોના અમીર બનાવવામાં આવ્યા. ....*(ક્રમશ:)*



# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 11 પયગમ્બરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### કોઈને અપશબ્દ કદી ન કહો

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બેહૂદી વાત બોલાવાવાળા ન હતા અને ન તો કોઈની ઉપર લઅનત કરતા, ન તો કદી પણ કોઈને ગાળ આપતા. કદી કોઈના પર વધારે ગુસ્સે થતા તો આવું ફર્માવતા કે, એને શું થઈ ગયું ?! એની પેશાની ધૂળથી ખરડાય !

### ખુદા તેને પસંદ નથી કરતો જે પોતાના સાથીઓથી વિશિષ્ટ બને

એક મુસાફરી ટાણે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને આપે ફર્માવ્યું, જમવા માટે એક બકરીની વ્યવસ્થા કરો. એક સહાબીએ રસૂલે કહ્યું, હલાલ કરવાનું હું કરીશ. બીજાએ કહ્યું, ચામડુ ઉતારવાની જવાબદારી મારી. ત્રીજાએ કહ્યું, એને પકાવવાનું કામ હું કરીશ. આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બળતણ માટેની લાકડીઓ વીણી લાવવાની મારી જવાબદારી. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ કહ્યું, એ કામ અમે કરી દઈશું. આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હું જાણુ છું કે તમે કરી શકો છો ! પરંતુ મને એ પસંદ નથી કે હું પોતાની જાતને તમારાથી જુદો જ (ઉચ્ચ) સમજું, કારણ કે ખુદા તઆલા તે બંદાને પસંદ નથી કરતો જે પોતાના સાથીઓથી વિશિષ્ટ (ઉચ્ચ) બને છે. તે પછી આપ લાકડીઓ ભેગી કરી લાવ્યા.

*(મવાહિબુલ્ લદુન્નિયહ, બહવાલા સીરતે મુહિબ તિબરી)*

### આપની આજિઝીનો આલમ જુઓ !

આપ પોતાના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના દિલોને ખુશ કરવા અને તેમનાં કામ કરી આપવામાં જરા પણ કસર છોડતા નહીં. એક દિવસે આપની પાસે એક વ્યક્તિ આવ્યો અને પોતાની જરૂરત આપથી અર્ઝ કરી. પરંતુ અર્ઝ કરતાં કરતાં આપ صلی اللہ علیہ وسلم ના વ્યક્તિત્વથી ધ્રુજતો હતો. આ જોઈ આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, તમે જરા પણ ગભરાવ નહીં, હું બાદશાહ નથી, હું એક તે સ્ત્રીનો પુત્ર છું જે સૂકવણી કરેલો સૂકો ગોશત ખાયા કરતી હતી. *(ઈબ્ને માજા, બાબુલ કદીદ)*

### ઈજ્જતનો બદલો ઈજ્જતથી આપતા

એક વખત બાદશાહ નજજાશીનું પ્રતિનિધિમંડળ આપની ખિદમતમાં હાજર થયું. તેમની ખિદમત કરવા આપ علیہ الصلوٰۃ والسلام પોતે જ ઊભા થઈ ગયા. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમે આપના તરફથી ખિદમત માટે હાજર છીએ. આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, એમણે એમના દેશમાં અમારા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ઈજ્જત કરી હતી એટલા માટે મને એ જ પસંદ છે કે એમણે કરેલી ઈજ્જતનો

બદલો હું પોતે આપું. *(મવાહિબુલ્ લદુન્નિયહ)*

હઝરત કૈસ બિન સઅદ رضی اللہ عنہ બયાન કરે છે કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺ પોતે મારા ગરીબના ઘરે પધાર્યા અને મારા પિતાએ સેવા ચાકરી કરી. જમ્યા પછી આપ પરત જવા તૈયાર થયા તો મારા પિતાએ આપની સવારી માટે એક ખચ્ચર તૈયાર કર્યું અને ઉપર બેસવા માટે કંબલ હતી. આપ સવાર થઈ ગયા અને જ્યારે ચાલવા લાગ્યા તો મારા પિતાએ કહ્યું, હે કૈસ ! તું રસૂલુલ્લાહ ﷺ સાથે જા. હું સાથે થઈ ગયો. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, તમે મારી સાથે સવાર થઈ જાવ. મેં અદબના કારણે ના પાડી. તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મારી સાથે બેસી જાવ, નહીં તો પરત થઈ જાવ. એટલે પાછો વળી ઘરે આવી ગયો. *(મિશ્કાત, સહીહૈનના હવાલાથી, કિતાબુલ અદબ)*

## દિલને ખુશ કરવા મજાક પણ કરતા

નબીએ કરીમ, રહ્મતે આલમ ﷺ ઉમ્મતના દિલોને ખુશ કરવા કદી કદી હસી મજાક પણ ફર્માવતા, પરંતુ તે કોઈનું દિલ દુભાવનાર કે જૂઠ હોય તેવી ન હોતી. જેમ કે હઝરત અનસ رضی اللہ عنہનો એક નાનો મત્રાઈ ભાઈ હતો તે જ્યારે હુઝૂર ﷺની પાસે આવતો તો તેના હાથમાં એક ચકલી હોતી તેનાથી તે રમ્યા કરતો. બનવાકાળ તે ચકલી મૃત્યુ પામી. તો પછી જ્યારે જ્યારે હુઝૂર ﷺની સેવામાં આવતો તો આપ તેની દિલ્લગી, દિલને ખુશ કરવા કહેતા, યા અબા ઉમૈર મા ફઅલ નુગૈર. (એટલે હે અબૂ ઉમૈર ! તારી ચકલી ક્યાં ગઈ ?!) –*(મિશ્કાત, બાબે મઝાહ અને શમાઈલે તિર્મિઝી)*

એક દિવસ એક વ્યક્તિએ આપ علیہ الصلوٰۃ والسلامને વિનંતિ કરી કે મારા માટે સવારીની વ્યવસ્થા કરવા મહેરબાની કરો કે જેના પર હું સવાર થઈ જાઉં. આપ ﷺએ ફર્માવ્યું, જરૂર હું તને ઊંટણીના બચ્ચા પર સવારી કરાવીશ. તે બોલ્યા, હું ઊંટણીના બચ્ચાને શું કરીશ ?! એના પર આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ઊંટણીઓ જ ઊંટને જન્મ આપે છે. એટલે દરેક ઊંટ, ઊંટણીનું બચ્ચુ જ હોય છે, એમાં આશ્ચર્યની શી વાત છે ?! *(મિશ્કાત શરીફ, શમાઈલે તિર્મિઝી)*

એવી જ રીતે એક દિવસે એક વૃદ્ધ સ્ત્રી જે કુર્આન શરીફ પઢયા કરતી હતી તેણે હુઝૂર ﷺને અર્ઝ કરી કે આપ દુઆ ફર્માવો કે હું જન્નતમાં દાખલ થાઉં ! આપ ﷺએ તેણીને ફર્માવ્યું, કોઈપણ વૃદ્ધ સ્ત્રી જન્નતમાં દાખલ થશે નહીં ! તેણીએ એનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું, શું કુર્આનમાં નથી પઢતી ? એમાં અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માન છે : إِنَّا أَنشَأْنَاهُنَّ إِنشَاءً ۝ فَجَعَلْنَاهُنَّ أَبْكَارًا ۝ "અમે એ સ્ત્રીઓને ખાસ તૌર પર પેદા કરી, અને એમને કુંવારીઓ બનાવી." *(સૂરએ વાકિઆ, ૫૬/૩૫)*

એક ગામડાવાસી સહાબી ઝાહિર નામી જેઓની ચહેરાની શક્કલ સુંદર ન હતી. જંગલમાંથી ફળો, લીલોતરી વગેરે સરકાર ﷺની ખિદમતમાં લઈ આવતા હતા. જ્યારે એ સરકાર علیہ الصلوٰۃ والسلامની બારગાહથી પોતાના ઘરે જવા નીકળતા તો આપ સરકારે દો આલમ ﷺ તેને શહેરની ચીજો, કપડાં વગેરે તોહફારૂપે આપતા. આપને એનાથી મહોબ્બત હતી અને ફર્માવ્યા કરતા કે ઝાહિર અમારો ગામડાવાસી છે અને અમે એના શહેરી છીએ. એક દિવસે આપ ﷺ બજાર તરફ જવા નીકળ્યા. જોયું તો ઝાહિર પોતાની ચીજો વેચી રહ્યા હતા. આપ સરકાર علیہ الصلوٰۃ والسلامએ તેની પીઠ પાછળ જઈને તેની આંખો પર હાથ મુબારક મૂકી દીધા અને એને ખોળામાં લઈ લીધો. તે બોલ્યા, કોણ છો ?!

મને છોડી દો ! એણે મોં ફેરવી જોઈ આપને ઓળખી લેતાં પોતાની પીઠ જાણીબુઝી સરકારના બદન મુબારક સાથે બરકતને ખાતર ઘસવા લાગ્યા. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, કોઈ છે આ ગુલામને ખરીદનાર ! તેઓ (ઝાહિર) બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મને વેચો છો, પરંતુ આપ જોશો કે મારી ઘણી જ ઓછી કિંમત હશે. તો આપ ﷺએ ફર્માવ્યું, પરંતુ અલ્લાહની નજીક ઘણો જ કિંમતી છે. *(શમાઈલે તિર્મિઝી)*

## આપે ફેંકેલા પાણીની બરકત !

હઝરત મહમૂદ બિન રબીઅ અન્સારી ખઝરજી رضی اللہ عنہ સૌથી નાની ઉમરના સહાબીઓમાંથી હતા. એમની ઉમર પાંચ વર્ષની હતી ત્યારે એક દિવસે રસૂલે કરીમ ﷺ એમના ઘરે તશરીફ લાવ્યા. એમના ઘરે એક કૂવો હતો. આપ علیہ الصلوٰۃ والسلامએ એક ડોલ વડે કૂવામાંથી પાણી કાઢી પોતે પીધું. મોઢામાં પાણી હતું તે કોગળો કરતા હોય તેમ હઝરત મહમૂદના મોં પર ફેંક્યું. આની બરકતથી એમની યાદશક્તિ એટલી વધી ગઈ કે એમને એ બનાવને અક્ષરસઃ યાદ રહી ગયો હતો તેથી તેઓની ગણત્રી સહાબીમાં થઈ.

*(સહીહ બુખારી, કિતાબુલ ઈલ્મ)*

એવી જ રીતે ઝયનબ બિન્તે ઉમ્મે સલમા મખ્ઝૂમિયા رضی اللہ عنہا જે આપ ﷺએ રબીબિયા (આગલા ઘરની પુત્રી) હતાં. આપની પાસે આવી. તે વખતે આપ ﷺ ગુસલખાનામાં હતા. આપે એના મોઢા ઉપર પાણી ફેંકી દીધું એની બરકતથી એના ચહેરા પર જુવાનીનો દેખાવ કાયમ રહ્યો ત્યાં સુધી કે એ ઘણા જ વૃદ્ધ થઈ ગયાં. *(ઈસ્તિઆબિ લિઈબ્નિ બિર્ર, તર્જુમો, ઝયનબ બિન્તે ઉમ્મે સલમા)*

પેજ 46 નું ચાલુ.. ત્રણેવની ખિલાફતમાં હઝરત અલી رضی اللہ عنہ તેમના વઝીર શા માટે રહ્યા ?! શું એટલા માટે કે આપ એમનાથી ડરતા હતા ? મઆઝલ્લાહ !

અને જો એ માની લેવામાં આવે કે બીજા ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની પાછલી શર્મગાહમાં બીમારી હતી જેની તકલીફથી રાહત કોઈ મર્દના પાણીથી મળતી હતી, જેમ કે સૈયદ જઝાઈરીનું માનવું છે, તો સવાલ એ ઉઠે છે કે એવા શખ્સ સાથે હઝરત અલી رضی اللہ عنہએ પોતાની પુત્રી ઉમ્મે કુલ્સૂમની શાદી કેમ કરાવી ? શું હઝરત ઉમર رضی اللہ عنہની આ બીમારીની જાણ તેમને ન થઈ શકી ? અને સૈયદ જઝાઈરીને જાણ થઈ ગઈ ?! વાત એટલી ઉઘાડી છે કે સમજવા માટે કોઈ મહેનતની જરૂરત નથી કે આ સૌ જૂઠા આક્ષેપો તે નબી ﷺના પ્યારા સાથી સહાબીઓ પર છે. (અલ્લાહની પનાહ !)

*–(હવાલો : કશ્ફુલ અસ્રારના ઉર્દૂ અનુવાદમાંથી)*

રસૂલે પાક ﷺની હદીષોમાં તો છે કે, **"મારા સહાબીઓ તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો નજાત પામશો."** *(મિશ્કાત શરીફ)* તથા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તથા હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં કેટલીયે હદીષો આવેલી છે. ફર્માવ્યું : "મેં સર્વ લોકોના એહસાનનો બદલો ચૂકવી આપ્યો પણ **હઝરત અબૂબક્રના એહસાનનો બદલો અલ્લાહ આપશે."** અને ફર્માવ્યું : **"મારા બાદ જો કોઈ નબી હોત તો તે ઉમર હોત !"** તેમજ **આ ત્રણેવ ખલીફાઓને દુનિયામાં જ જન્નતી હોવાની બશારત રસૂલુલ્લાહ ﷺએ આપી.** તેમની શાનમાં આ ગુસ્તાખીઓ ! અલ્લાહની પનાહ ! બસ ! સુન્નીઓ ! સવાધાન રહો અને તમારા અકીદાને સલામત રાખો ! ........ *(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી

અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## નોકર સાથે બુરો વર્તાવ કરવા પર કન્ટ્રોલ

ઈસ્લામે માલિક તથા નોકરમાં ભાઈચારગી તથા હમદર્દી તથા મધ્યમ માર્ગીપણાને ઉત્તેજન આપવા માટે દર્સ આપ્યો છે. આ ફિતરતનું બંધારણ છે કે કોઈ હાકિમ છે તો કોઈ તેના હેઠળ છે, કોઈ માલિક છે તો કોઈ નોકર છે. પરંતુ બંનેવમાં હક્કોની એક હદ છે જેથી કોઈની હક્ક તલફી ન થાય, એટલા માટે કર્મચારીઓ તથા નોકરો સાથે નરમીનો વર્તાવ કરવો જોઈએ.

"કીમિયાએ સઆદત"માં છે કે રસૂલુલ્લાહ ﷺએ એક ગુલામને કોઈ કામના માટે મોકલ્યો. તે મોડેથી પાછો આવ્યો તો સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, **"જો કયામતમાં બદલો ન લેવામાં આવત તો હું તને મારત."** જોયું તમે ?! આપણા પ્યારા આકા ﷺ ક્યારે પણ પોતાના નફસને ખાતર બદલો લેતા ન હતા. અને એક આજકાલનો મુસલમાન છે કે નોકર જો કોઈ કામમાં ઉણપ કરી દે તો ગાળોનો વરસાદ ! બલ્કે મારધાડ પર ઉતરી આવે છે.

હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું, પોતાના ગુલામથી બુરો વર્તાવ કરનારો જન્નતમાં દાખલ થશે નહીં. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

હઝરત રાફેઅ બિન મકીષ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ગુલામ સાથે સારો વર્તાવ કરવો ખુશ બખ્તી છે અને બુરી રીતે વર્તાવ બદબખ્તી છે." *(અબૂ દાઊદ)*

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે તમારા ભાઈને અલ્લાહ તમારા હેઠળ કરી આપે, જેને અલ્લાહ તઆલા તમારી માલિકીમાં બનાવી દે, તેને તે જ ખવડાવો જે તમે ખાવ છો અને તેને તે જ પહેરાવો જે તમે પહેરો છો. અને એવા કામની તેને તકલીફ ન આપો જે તેને ભારી પડી જાય. અને જો ભારે પડે તેવા કામની તકલીફ આપો તો તેની મદદ કરો. *(બુખારી)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ખાવુ તથા પીવું જે આપણી માલિકીમાં હોય (મમ્લૂક)એ તેનો હક્ક છે અને તેને શક્તિ બહારના કામની તકલીફ ન આપવામાં આવે. *(મુસ્લિમ શરીફ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે એક માણસ નબી ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરવા લાગ્યો, યા રસૂલુલ્લાહ ! ﷺ અમે ખાદિમોને ક્યાં સુધી માફ કરી શકીએ છીએ ? આપ ﷺ ખામોશ રહ્યા. બીજીવાર તેમણે એ જ વાત પૂછી. ત્યારે પણ આપ ﷺ ખામોશ રહ્યા. જ્યારે ત્રીજીવાર પૂછયું તો ફર્માવ્યું, "દરરોજ તેને ૭૦ વખત માફ કરો." *(અબૂ દાઊદ)*

મુસ્લિમ શરીફમાં છે. હઝરત સૈયદના અબૂ મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું કોઈ કુસૂર પર મારા ગુલામની પિટાઈ કરી રહ્યો હતો, એટલામાં પાછળથી અવાજ આવ્યો, હે અબૂ મસ્ઊદ ! અલ્લાહ جل جلالہને તારા પર અધિક કુદરત

છે કુદરત કરતાં જે તને આ ગુલામ પર હાંસલ છે. મેં ધ્યાન કર્યું તો એ રસૂલુલ્લાહ ﷺ હતા. મને તરત જ મારી ગલતીનો એહસાસ થઈ ગયો અને મેં ગલતીની માફી માગતાં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મેં અલ્લાહ ﷻના માટે આ ગુલામને આઝાદ કર્યો. સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, જો તમે આ એહસાન ન કરત તો દોઝખ તમારા પર ખુલતી અને તમને સ્પર્શી જાત.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જોયું તમે ? પરંતુ અફસોસ ! આજે આપણે આપણા હાથ હેઠળનાઓને શરઈ જરૂરત વિના મારીએ ફટકારીએ છીએ. એ વાતની તરફ તદ્દત ધ્યાન નથી આપતા કે અલ્લાહ ﷻ જે આપણાથી જબરદસ્ત છે તે આપણા જુલ્મ તથા ઝયાદતીને જોઈ રહ્યો છે. બસ, પોતાના હાથ નીચેનાઓ સાથે સદ વર્તન, નરમી અને દરગુઝરમાં જ ભલાઈ છે.

## જાનવર પર સખ્તી કરવાની મનાઈ

માનવોની જેમ જાનવર પણ એક મખ્લૂક છે. અને અલ્લાહ તઆલાએ તેને માણસોના ફાયદા અને ઈજ્જતના માટે પેદા કરેલ છે, બલ્કે અમુક જાનવર તો એવાં છે જેમની માનવ જીવનમાં ખાસ્સી દખલ છે. તેમનાથી કેટલાયે પ્રકારની હૈવાનાતી ખોરાક હાંસલ થાય છે અથવા એમનાથી ભાર વહનનું કામ લેવામાં આવે છે. વળી ખેતીવાડીનો દારોમદાર કેટલીક હદ સુધી પાલતુ જાનવરો પર છે. જાનવર ચાહે ગમે તે પ્રકારનું હોય એના પર રહમ કરવી જોઈએ, કેમ કે ઈસ્લામે આપણને એ જ દર્સ આપ્યો છે. અલ્લાહ ﷻ રહમાન છે, એટલા માટે એ ચાહે છે કે ઈન્સાન પણ પોતાના હેઠળનાઓ પર રહમની ભાવના પ્રદર્શિત કરે. જાનવરો પર રહમ કરવાના બારામાં હુઝૂરે અકરમ ﷺના ઈર્શાદો નીચે પ્રમાણે છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضی اللہ عنہ રિવાયત કરે છે, એકવાર રસૂલુલ્લાહ ﷺ એક અન્સારીના બાગમાં તશરીફ લઈ ગયા. ત્યાં એક ઊંટ આપ علیہ الصلوٰۃ والسلامને જોઈને ભણભણવા લાગ્યું. તેણે દર્દભર્યો અવાજ કાઢયો અને તેની આંખોમાં આંસું આવી ગયાં. આપ ﷺએ તેના પર પ્રેમભાવથી હાથ ફેરવ્યો તો ઊંટ શાંત પડી ગયું. આપ ﷺએ પૂછયું, ઊંટ કોનુ છે ? એક અન્સારીએ અર્ઝ કરી, મારુ છે. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, તમે આ બિચારા જાનવરના બારામાં (અલ્લાહથી નથી ડરતા જેણે તમને એનો માલિક બનાવ્યો છે ?! એણે ફરિયાદ કરી છે કે તમે એને ભૂખ્યુ રાખો છો અને અધિક કામ લઈને તેને દુઃખ આપો છો. *(સુનને અબૂ દાઊદ)*

### ★ કૂતરાની દયા ખાવા પર બદ્ચલન સ્ત્રીની બખ્શિશ ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે એક બદચલન સ્ત્રી એ અમલ પર બખ્શી દેવામાં આવી છે કે તે એક કૂવા પાસેથી પસાર થઈ. તેણે જોયું કે એક પાલતુ કૂતરો જીભ કાઢેલ સ્થિતિમાં છે જાણે તે તરસથી મરી જ જશે. તેણીએ પોતાની ચામડાની મોજડી પગોએથી કાઢી અને તેને પોતાના માથાની ઓઢણી વડે બાંધી અને એ રીતે પાણી કાઢીને તેને પીવડાવ્યું. તે સ્ત્રીને આ નેક અમલના કારણે બખ્શી દેવામાં આવી. કોઈએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું જાનવરને ખવડાવવા પીવડાવવામાં પણ સવાબ છે ? આપ ﷺએ ફર્માવ્યું, હા ! દરેક જાનવરને ખવડાવવામાં સવાબ છે. *(બુખારી શરીફ)*

ઊંટ, ઘોડા, ગધેડા, યક઼ીનન ! સવારીનાં જાનવરો છે, પરંતું એમાં પણ તેમની રાહતનો ખયાલ રાખવો જરૂરી છે. હુઝૂર ﷺએ સવારીના જાનવરોની સાથે

જુલ્મ કરવાથી સખ્તીથી મના કર્યું છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હું હજના મોકા પર સરકાર صلی اللہ علیہ وسلمની સાથે હતો. એવામાં આપે પાછળથી ઊંટોને મારવાનો તથા હાંકવાનો અવાજ સાંભળ્યો. જેથી આપ صلی اللہ علیہ وسلمએ પાછળ ફરીને લોકોની તરફ ઈશારો કરતાં ફર્માવ્યું, હે લોકો ! આરામથી કામ લો, કેમ કે સવારીને દોડાવવું નેકીનું કામ નથી.

જાણવા મળ્યું કે જાનવરોને વિના જરૂરત દોડાવવાં અને ફોગટમાં એક બીજાથી આગળ કાઢવાની કોશિશ કરીને જાનવરને પરેશાન કરવું, જેવું કે ઘોડાગાડીવાળા તથા બળદગાડીવાળા કર્યા કરે છે એ મના તથા નાદુરુસ્ત છે. અમુક વખતે આપણે જાનવરોને કાબૂમાં રાખવા માટે જાલિમાના રવૈયો રાખીએ છીએ. હુઝૂર صلی اللہ علیہ وسلمએ એનાથી સખ્તીપૂર્વક રોકેલ છે. એ જ પ્રમાણે ઊંટના ગળામાં તાંત (તાર જેવી પાતળી દોરી) બાંધવી પણ મના છે કેમ કે એનાથી ઊંટને તકલીફ થાય છે.

એ જ પ્રમાણે પક્ષીઓનાં બચ્ચાંને માળાઓમાંથી કાઢી લેવાં અથવા પક્ષીઓને પિંજરામાં બંધ કરી દેવાં અને વિના જરૂરત પક્ષીઓનાં મા બાપ તથા જોડાને દુ:ખ પહોંચાડવું ઘણી જ મોટી બેરહમી તથા જુલ્મ છે જે કોઈ મુસલમાનના માટે જાઈઝ નથી.

હઝરત ઉમ્મે કઝર رضی اللہ عنہاથી રિવાયત છે કે મેં તાજદારે રિસાલત صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું છે કે આપ صلی اللہ علیہ وسلم ફર્માવી રહ્યા હતા, પક્ષીઓને તેમનાં માળાઓમાં રહેવા દો. *(અબૂ દાઊદ)*

જાણવા મળ્યું કે પક્ષીઓને માળાઓમાંથી અને તેમના રહેવાની જગ્યાએથી હટાવવાં અને ઉડાડવાં દુરુસ્ત નથી. અમુક લોકો કોઈ જાનવરને બાંધીને લટકાવી દે છે અને તેના પર ગુલૈલ અથવા બંદૂક વડે નિશાનાબાજીની પ્રેકટીસ કરે છે, એ પણ અતિશય કક્ષાની નિર્દયતા તથા જુલ્મ છે જે દરેક મુસલમાન માટે હરામ છે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે તાજદારે રિસાલત صلی اللہ علیہ وسلمએ તીરંદાઝી વગેરેના માટે જાનવરોને બાંધવાની મનાઈ ફર્માવી છે. *(બુખારી, મુસ્લિમ)*

તેમજ જાનવરોમાં લડાઈ કરાવવી પણ મના છે. મુર્ગબાજી, બટેરબાજી તથા ઘેટાં, બકરાં લડાવવાં, એ જ રીતે કોઈ જાનવરને લડાવવાં. બદકિસ્મતીથી આજકાલ જાહિલોમાં કૂતરાંઓને લડાવવું એક રિવાજ બનતો જઈ રહ્યો છે એ પણ મનાઈમાં સામેલ છે. ત્યાં સુધી કે બાળકોને રમવા માટે પક્ષી આપવું પણ મના છે, એનાથી પક્ષીને તકલીફ થાય છે. એના હેઠળમાં એક મશહૂર હદીષ છે કે કોઈ શખ્સ કમ્બલમાં કોઈ માદા પક્ષી તથા તેના બચ્ચાંને લપેટીને હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતે અકદસમાં લાવ્યો. જ્યારે તેણે કમ્બલ (ધાબળો) ખોલ્યો તો માદા બાળકો પર પડી ગઈ. તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ધમકાવતાં ફર્માવ્યું કે એનાં બાળકોના કારણે એને કોણે દુ:ખ આપ્યું ? એને પાછા જઈને છોડી આપો.

જે જાનવરોનો ગોશ્ત ખાવો હરામ છે તેઓ જ્યાં સુધી ઈજા ન પહોંચાડે વિના જરૂરતે તેમને કત્લ કરવાં મના છે. તે જાનવર ન મૂઝી હોય ન તેનો ગોશ્ત ખાવામાં આવતો હોય, તો એને મારવું તદ્દન જાઈઝ નથી, બલ્કે ફુઝૂલ છે. જે જાનવરોનો ગોશ્ત હલાલ છે તેને પણ જ્યારે કે ખાવા માટે ન હોય બલ્કે કેવળ મનોરંજનના માટે કત્લ કરવું મના છે. જેમ કે અમુક શિકારી લોકો ખાવા કે કોઈ ફાયદો ઉઠાવવા શિકાર નથી કરતા બલ્કે કેવળ ખેલકૂદના રૂપે તેનું ખૂન કરીને તેને વેડફી નાખે છે, એ શરીઅતમાં જાઈઝ નથી.

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૧

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

بسم اللہ الرحمن الرحیم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

બેહદ ષના (તારીફ) તે ખાલિકની જેના ફઝ્લના ફયઝથી સાહિબુલ મકારિમ, સુલ્તાનુલ અવલિયા, કુત્બુલ આલમ, વારિષુલ અંબિયા, તાજુલ અસ્ફિયા, શમ્સુલ આરિફીન ફરીદુલ હક્ક઼ વશશરઅ વદ્દીન દામલ્લાહુ વત્તક઼વાના શબ્દો જે મેં સાંભળ્યા તે લખ્યા અને એનું નામ "અસ્રારુલ અવલિયા" રાખ્યું.

ત્યારબાદ બંદાએ દરવેશાં, ખાદિમુલ ફુક઼રા વલ્મસાકીન (હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ) અરજ કરે છે કે જ્યારે પાબોસીની દોલત નસીબ થઈ તે વખતે આં જનાબે ફર્માવ્યું, હે દરવેશ ! અન્વારો અસ્રારના માટે વિશાળ હોસલો જોઈએ જેથી દોસ્તનાં અસ્રાર (રહસ્યો) સ્થાન જમાવે. દોસ્તનું એક રહસ્ય પણ જાહેર કરી દેવામાં આવે તો સિર્ર (રાઝ) બર્બાદ થઈ જશે, જેવું કે મન્સૂર હલ્લાજનું થયું હતું. કેમ કે આ દોસ્તનાં રહસ્યો છે, પછી રાઝ માણસને અન્વારે તજલ્લીના આલમથી હાંસલ થાય તેને જાહેર કરવું ન જોઈએ. એ સામાન્યતઃ મશ્હૂર છે કે જે બાદશાહોના ભેદોને જાહેર કરી દે તે અન્ય ભેદોને લાયક નથી હોતો.

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! તમામ અસ્રારે ઈલાહી સંખ્યામાં ૭૦ હજાર છે જે દરરોજ અવલિયા અલ્લાહના દિલો પર આલમે નૂરાનીથી નાઝિલ થાય છે તેમજ એ દિલ પર જે રહસ્યોને શોધનારો હોય. પરંતુ હે દુરવેશ ! અસ્રારે ઈલાહીનો પ્રથમ મક઼ામ એ છે કે જ્યારે આશિક઼ પર અસ્રાર (રહસ્યો ખુલે) તથા તજલ્લી થાય તો જો રજકણ બરાબર પણ તેમાંનું બહાર નીકળે તો સર્વ જહાન મુનવ્વર થઈ જાય, પણ આ રાહમાં સાચો હોવો જોઈએ જેથી દોસ્તનાં સર્વ રાઝોથી વાકેફ થાય અને રજમાત્ર પણ જાહેર ન કરે. જો પ્રથમ જ મક઼ામમાં ભેદ જાહેર કરી આપશે તો ઘણો પસ્ત હોસલાવાળો હશે અને સિર્ર (ભેદો)ને લાયક નથી.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! મશાઈખે તબક઼ાતમાં લખ્યું છે કે જ્યારે કોઈ માણસને રહસ્યની ખબર આપવામાં આવે અને તે શખ્સ તેની તાબ ન લાવી (ન સહી) શકે અને જાહેર કરી આપે તો તેની એ જ સજા હોય છે જે એ શખ્સની હોય છે જે બાદશાહોના ભેદોને જાહેર કરી આપે.

ત્યારબાદ બંદા બદર ઈસ્હાક઼ અર્ઝ કરે છે કે

જે સમયે પાબોસીનો શરફ હાંસલ થયો એ જ વખતે મને બયઅતના શરફથી મુશર્રફ ફર્માવ્યો અને ચહાર તુર્કી કુલાહ (ટોપી) કે જે દીન તથા દુનિયાની દોલત છે તે બંદાને અતા ફર્માવી. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

**(પ્રથમ વિભાગ)**

## ખ્વાજા મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہનો બનાવ

સોમવારના દિવસે ૧૮ શાબાન હિ.સ. ૬૩૧ના પાબોસીની દોલત નસીબ થઈ. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખ્વાજા મન્સૂર رحمۃ اللہ علیہનાં એક બહેન હતાં જેમની એ આદત હતી કે બગદાદના એક જંગલમાં જઈને યાદે ઈલાહીમાં મશગૂલ થઈ જતાં અને જ્યારે પરત આવતાં તો ફરિશ્તાને હુકમ થતો જે અસ્રારે ઈલાહી (ખુદાઈ રહસ્યો)નો એક પ્યાલો લાવીને આપના હાથ પર રાખતો અને આપ તેને પી લેતાં, અને પોતાના મકાનમાં પરત આવી જતાં. જ્યારે આ હાલની ખબર ખ્વાજા મન્સૂરને થઈ તો આપ છુપાયને જોતા રહ્યા. જ્યારે આપ બહાર નીકળ્યાં અને નિયમ મુજબ રવાના થયાં તો પાછળ પાછળ ખ્વાજા મન્સૂર પણ રવાના થયા. જ્યારે રાતના આખરી હિસ્સામાં યાદે ઈલાહીથી પરવાર્યાં અને ફરિશ્તો નિયમ પ્રમાણે પ્યાલો લાવ્યો અને આપ પીવા લાગ્યાં. હજી થોડોક પીધો હતો અને થોડી બાકી હતો એવામાં ખ્વાજા મન્સૂર પોકારતા આવ્યા કે બહેન ! મારા માટે રાખી લે જે, આપે પાછા ફરીને મન્સૂરને જોયા તો ઘણો જ અફસોસ થયો કે મારુ રાઝ ખુલી ગયું. પછી મન્સૂરને કહ્યું, હે મન્સૂર ! તું પી જઈશ પણ તેને સહન કરી શકીશ નહીં. સારાંશ કે ખ્વાજા મન્સૂરે એને પી લીધો. જેવો એક ઘૂંટડો પીધો તેવામાં હોશ ખોઈ નાખ્યો અને انا الحق (અનલ હક઼્ = હું ખુદા છું) પુકારી ઉઠયા. આપનાં બહેન રડવા લાગ્યાં અને કહ્યું, હે મન્સૂર ! કમ હિંમત ! તેં પોતાને પણ બદ્‌નામ કર્યો અને મને પણ.

ત્યારબાદ ખ્વાજા મન્સૂર જ્યારે શહેરમાં આવ્યા અને "અનલ હક઼્" કહ્યું તો સૂળી પર ચઢાવી દેવામાં આવ્યા. એ વખતે આપનાં બહેને જઈને કહ્યું, હે મન્સૂર ! શું હું તને ન કહેતી હતી કે તું એને સહન કરી શકીશ નહીં ?! કેમ કે તેં ભેદ જાહેર કરી આપ્યો છે એટલા માટે હવે તું માર્યો જઈશ. સારાંશ કે લોકોએ એવું કહેવું શરૂ કર્યું કે મન્સૂર મર્દ હતો જેણે દોસ્તની રાહમાં જાન આપી દીધી. અને આપના બહેને ફર્માવ્યું, હે ગાફિલો ! જો મારો ભાઈ મર્દ હોત તો મહોબ્બતની શરાબને રજમાત્ર પીને બેહોશ ન થઈ જાત. તે મર્દ જ ન હતો જે આ રીતે હોશ ખોય બેઠો. પછી પોતાની હિકાયત આ પ્રમાણે વર્ણવી કે લગભગ ૨૦ વરસોથી દરરોજ રાત્રે અસ્રારે દોસ્તનો એક પ્યાલો મને મળે છે તેને હું પી લઉં છું છતાં કદી હોશ નથી ગુમાવ્યો બલ્કે દરરોજ هَلْ مِن مَّزِيد પુકારું છું. આ વખતે શૈખુલ ઈસ્લામ અશ્રુમય ચહેરે ચોધાર આંસૂએ રડયા અને બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો ફર્માવ્યું કે, હે દુરવેશ ! રાહે ખુદામાં એવા મર્દ પણ છે કે એક પળમાં દોસ્તના અસ્રાર (રહસ્યો)ના લાખો લાખ દરિયા પી જાય છે પરંતુ રજમાત્ર અસર જાહેર નથી થતી.

ત્યારબાદ ફર્માવ્યું કે, હે દુરવેશ ! જે શખ્સ મહોબ્બતમાં અડગ અને સાચા વાયદાવાળો નથી તો જાણી લે કે તે ક઼યામતના દિવસે મુહિબ્બોમાં જરૂર શરમિંદો થશે.

........પછી ફર્માવ્યું, હે દરવેશ ! એક વાસિલ જવાનીના દિવસોમાં એક સ્ત્રી પર આશિક઼ હતો. એક રાતે તે પોતાની માશુક઼ાના મકાનની દીવાલ પાસે બારી પાછળ વધુ પેજ 50 પર..

# હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ના હાલાત તથા ખૂબીઓ

તઝકેરતુલ અવલિયા હપ્તો ૧૯

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**રબની ખુશીમાં રહો ! :** હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ કહ્યા કરતા હતા કે હું એકવાર મુલાકાતના હેતુથી રાબિઆને ત્યાં પહોંચ્યો તો જોયું કે એક તૂટેલો માટીનો લોટો હતો જેના વડે આપ વુઝૂ કરતાં અને પાણી પીતાં. અને એક તૂટેલી પૂરાણી ચટાઈ જેના પર ઈંટનો તકીયો બનાવીને આરામ કરતાં. મેં અર્ઝ કરી કે મારા ઘણા ચાહવાવાળા માલદાર છે, જો ઈજાઝત હોય તો તેમની પાસેથી તમારા માટે કાંઈક માગી લઉં. આપે સવાલ કર્યો કે શું મને તથા તમને તથા માલદારોને રોજી આપવાવાળી એક જ ઝાત નથી ? તો પછી શું દુરવેશોને તેમની ગરીબીના કારણે એ ઝાતે ભૂલાવી દીધા છે અને અમીરોને રોજી આપવાનુ યાદ રહી ગયું છે ? મેં કહ્યું કે એવું તો નથી. ફર્માવ્યું કે જ્યારે તે ઝાત દરેક વ્યક્તિની જરૂરતોથી વાકેફ છે તો પછી આપણે યાદ અપાવવાની શું જરૂરત છે ? અને આપણને એની ખુશીમાં ખુશી થવી જોઈએ.

**સિદ્કની વ્યાખ્યા :** હઝરત હસન બસરી, માલિક બિન દીનાર અને શફીક બલ્ખી رحمۃ اللہ علیہم اجمعین એકવાર રાબિઆ رحمۃ اللہ علیہا ના મકાન પર સિદ્કો સફાના વિષય પર ચર્ચા કરી રહ્યા હતા. તો હસન બસરી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે જે ગુલામ પોતાના માલિકના ઘાને (સ્ટ્રોક)ને અસહય ખયાલ કરે તે પોતાના સિદ્કના દાવામાં જૂઠો છે. આ સાંભળીને રાબિઆ બસરીએ કહ્યું કે સાદિક (સાચા) હોવાની વ્યાખ્યા કાંઈક આનાથી ઔર બુલંદ હોવી જોઈએ. પછી માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ એ સિદ્કની વ્યાખ્યામાં કહ્યું કે જે ગુલામ પોતાના આકાના મારમાં લિજ્જત મહેસૂસ ન કરે તેનો સિદ્કનો દાવો બાતિલ છે. પરંતુ રાબિયા બસરીએ ફરી બીજીવાર એવું જ ફર્માવ્યું કે એનાથી પણ અફઝલ તથા આ'લા કોઈ અન્ય વ્યાખ્યા હોવી જોઈએ ! આવુ કહીને પછી આપે સિદ્કની આ વ્યાખ્યા વર્ણવી કે જે માલિકના દીદાર પર પોતાના ઝખ્મોની તકલીફને ભૂલી ન શકે તે પોતાના દાવામાં જૂઠો છે. લેખક કહે છે કે ખુદા તઆલાના દીદારમાં સખત તકલીફને ભૂલાવી દેવી કોઈ આશ્ચર્યની વાત નથી, જ્યારે કે હુસ્ને યૂસુફને જોઈને મિસ્રી સ્ત્રીઓએ પોતાની આંગળીઓ કાપી કાઢી અને દીદારની તમન્નામાં તકલીફનો જરા પણ એહસાસ ન થઈ શક્યો.

**મહોબ્બતની નિશાની :** બસરાના મશાઈખોમાંથી એક શયખ આપના ત્યાં જઈને માથા તરફ બેસીને દુનિયાની શિકાયત કરવા લાગ્યા તો રાબિઆએ ફર્માવ્યું કે કદાચ આપને દુનિયાથી ઘણો જ અધિક લગાવ છે, કેમ કે જે શખ્સ જેનાથી જેટલી વધુ મહોબ્બત કરે છે તેની ચર્ચા પણ ખૂબ જ કરે છે. જેથી જો આપને દુનિયાથી લગાવ ન હોત તો આપ કદી એની ચર્ચા ન છેડત.

**તવક્કુલ :** હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ સાંજના એવા સમયે રાબિઆને ત્યાં પહોંચ્યા જ્યારે કે તે ચૂલા પર સાલન તૈયાર કરી રહ્યાં હતાં. પરંતુ આપની વાતચીત સાંભળીને ફર્માવવાં લાગ્યાં કે આ વાતો સાલન પકાવવા કરતાં ઘણી જ વધારે બેહતર છે અને મગરિબની નમાઝ બાદ જ્યારે હાંડલી ખોલીને જોયું તો સાલન આપોઆપ તૈયાર થઈ ચૂક્યુ હતું. જેથી આપે તથા હસન બસરીએ સાથે મળીને ગોશ્ત ખાધો. અને હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આવો સ્વાદિષ્ટ ગોશ્ત મેં જિંદગીભર નથી ખાધો.

**બંદગીનો હેતુ** : હઝરત સુફયાન મોટા ભાગે એવું ફર્માવ્યા કરતા હતા કે એક રાત્રે હું રાબિઆને ત્યાં પહોંચ્યો તો તે આખી રાત ઈબાદતમાં વ્યસ્ત રહ્યાં અને હું પણ એક ખૂણામાં નમાઝ પઢતો રહ્યો. પછી સવારના સમયે રાબિઆએ ફર્માવ્યું કે ઈબાદતની તૌફીક઼ અતા કરવાના બદલામાં આપણે કોઈપણ રીતે મઅબૂદે હક઼ીક઼ીનો શુક્ર અદા નથી કરી શક્તાં અને હું શુક્રાનાના તૌર પર કાલનો રોઝો રાખીશ. અને મોટાભાગે આપ એ દુઆ કર્યા કરતાં કે, હે ખુદા ! જો મહશરના દિવસે તેં મને જહન્નમની આગમાં નાખ્યો તો હું તારું એક એવું રાઝ ફાશ કરી દઈશ જેને સાંભળીને જહન્નમ મારાથી એક હજાર વરસના અંતરે ભાગી જશે. અને ક્યારેક એવી દુઆ કરતાં કે દુનિયામાં મારા માટે જે હિસ્સો નિશ્ચિત કરવામાં આવ્યો છે તે તારા વિરોધીઓને આપી દે અને જે હિસ્સો આખેરતમાં ખાસ છે તે તારા દોસ્તોમાં વહેંચી આપ, કેમ કે મારા માટે તો તારું વજૂદ જ ઘણુ જ પૂરતુ છે. અને જો હું જહન્નમના ડરથી ઈબાદત કરું છું તો મને જહન્નમમાં ઝોંકી દે, અને જન્નતુલ ફિરદોસની ખ્વાહિશથી ઈબાદત કરું છું તો ફિરદોસ મારા માટે હરામ કરી દે ! અને જો મારી ઈબાદત કેવળ દીદારની તમન્ના માટે જ હોય તો પછી તારા જમાલે આલમ અફરોઝ વડે મુશર્રફ ફર્માવ. પરંતુ જો તેં મને જહન્નમમાં નાખી દીધી તો હું ફરિયાદ કરવામાં હક્ક઼ પર હોઈશ કે દોસ્તોની સાથે દોસ્તો જેવો જ વર્તાવ થવો જોઈએ. ત્યાર બાદ ગયબી અવાજ આવ્યો કે, "તું અમારાથી બદઝન (બદ્‌ગુમાન) ન થા અમે તને એવા દોસ્તોની નજીકમાં જગા આપીશું જ્યાંથી તું અમારી સાથે હમકલામ થઈ શકીશ." પછી આપે ખુદા તઆલાથી અર્ઝ કરી કે મારું કામ તો બસ તને યાદ કરવાનું અને આખેરતમાં દીદારની તમન્ના લઈને જવું છે. આમ તો માલિક હોવાની હૈસિયતથી તું મુખ્તારે કુલ છે. એક રાત્રે ઈબાદતની હાલતમાં આપે ખુદાથી અર્ઝ કરી કે મને ક્યાં તો હુઝૂરીએ ક઼લ્બ અતા ફર્માવ અથવા તો પછી બેરગબતી (વિના આકર્ષણની) ઈબાદતને ક઼બૂલિયત ઈનાયત ફર્માવી દે.

વફાતના સમયે આપે મજલિસમાં હાજર રહેલા મશાઈખોથી ફર્માવ્યું કે હઝરાત ! અહીંથી હટીને ફરિશ્તાઓ માટે જગા છોડી આપો. જેથી સૌ બહાર નીકળી આવ્યા અને દરવાજો બંધ કરી આપ્યો. એના પછી અંદરથી એ અવાજ સંભળાયો કે, ارْجِعِيْٓ اِلٰى رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً "હે સંતુષ્ઠ જીવ ! તારા માલિકથી તરફ પરત થઈ જા." (સૂ. ફજર, ૮૯/૨૮) અને જ્યારે અમુક વાર પછી અંદરથી અવાજ આવવાનો બંધ થઈ ગયો તો લોકોએ જ્યારે અંદર જઈને જોયું તો રૂહ શરીરથી પરવાઝ કરી ગઈ હતી. મશાઈખોનો ક઼ૌલ છે કે રાબિઆએ ખુદાની શાનમાં કદી કોઈ ગુસ્તાખી નથી કરી અને ન કદી દુઃખ સુખની પરવા કરી. અને મખ્લૂક઼થી કાંઈ માગવું તો દૂર રહ્યું પોતાના હક઼ીક઼ી માલિકથી કદી કાંઈ ન માગ્યું, અને અનોખી શાનની સાથે દુનિયાથી વિદાય થઈ ગયાં. (اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ)

કોઈએ હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ને ખ્વાબમાં જોઈને પૂછયું કે મુન્કર નકીરની સાથે કેવો મામલો રહ્યો ? જવાબ આપ્યો કે નકીરૈને મને એવો સવાલ કર્યો કે તારો રબ કોણ છે ? તો મેં કહ્યું કે, પાછા જઈને ખુદાને અર્ઝ કરી આપો કે જ્યારે તેં પૂરી મખ્લૂક઼ના ખયાલના છતાં એક નાસમજ સ્ત્રીને કદી ન ભૂલાવી તો પછી તે તને કઈ રીતે ભૂલી શકે છે ?! અને જ્યારે દુનિયામાં તારા સિવાય તેણીનો કોઈની સાથે સંબંધ ન હતો તો પછી ફરિશ્તાઓના થકી જવાબ તલબ કરવાનો શો અર્થ ?!

હઝરત મુહમ્મદ અસ્લમ તૂસી رحمۃ اللہ علیہ તથા નઅમી તરતૂસીએ જંગલી વિસ્તારમાં ત્રીસ હજાર વટેમાર્ગુઓને પાણી પીવડાવ્યું અને રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ના મઝાર પર આવીને કહ્યું કે તારું કથન તો એ હતું કે હું બંને જહાનથી બેનિયાઝ (બેપરવા) થઈ ચૂકી છું, પરંતુ આજે તારી તે બેનિયાઝી ક્યાં ચાલી ગઈ ?! જેથી મઝારમાંથી અવાજ આવ્યો કે જે ચીજનો હું મુશાહિદો કરતી રહી અને અત્યારે પણ કરી રહી છું તે મારા માટે ખૂબ જ બરકતનો સબબ છે.

# The juristic excellence and foresight of AL-IMAM AHMAD RIDA KHAN رحمۃ اللہ علیہ

*By Shaykh Muhammad Ashfaq al-Misbahi, Imam Masjid-e-Raza, Balaclava, B'brn, U.K. (England)*

*Wadi Raza ki, koh e him ala Raza ka hai*
*Jis samt dekhiye, woh ilaqa Raza ka hai*
*The valley belongs to Raza, so too The Himalayas*
*Wherever one looks towards, it is the land of Raza*

'And one who has been blessed with wisdom has been blessed with abundant goodness.' *AI-Baqara, 269*

Hadith: 'If Allah wills to bestow someone with special virtue, He makes him a faqih of the religion.'

Among these virtuous and blessed personalities described in Allah's Book and the Hadith of the Prophet sal Allah 'alayh wa sallam is Imam Ahl as-Sunna, 'Ala Hadrat 'alayh ar-Rahma - in fact, there has been no match to his virtue and excellence in the past century.

Imam Ahl as-Sunna 'Alayh ar-Rahma was a great mujaddid (al-mujaddid al-a'zam) of the fourteenth century, both by the consensus of the scholars Culama) of the Arab lands as well as those around the globe. Al-Imam Ahmad Rida Khan is an individual who dedicated his entire life to serve the religion of Islam (ad-din al-Islam), He left over a thousand books which aimed to preserve both our creed as well as the Hanafi school of jurisprudence; in fact, the imam published roughly three hundred separate works on the subject of Islamic jurisprudence.

An individual's eminence can be realised when even enemies are obliged to laud that very person with praise. Al-Irnam Ahmad Rida's juristic status was such that even scholars of groups stray from Ahl as-Sunna (the neo- Mu'tazili in this case) confirmed the great legal intelligence of Ahmad Rida.

Malik Ghulam 'Ali (who was an assistant of Abu al-A'la Mardudi) writes that although there is a prevalence of negative perceptions of al-Irnam Ahmad Rida, he, after scrupulously examining the works of the imam, 'became aware of his [the imam's] deep and profound knowledge, whilst the love for Allah and His Messenger sal Allah 'alayh wa sallam is seen on every line in his books.'

The mufti of the Hanabila (adherents to Hanbali school of jurisprudence) in Makka al-Mukarrama described al-Irnam Ahmad Rida Khan in the following words:

'The great genius, research scholar,

whose tree of knowledge will continuously grow as time will pass, and whose actions will be fruitful in the court of Allah.'

The above extract displays the status of the Arab of al-Irnam Ahmad Rida Khan in the eyes of the Arab 'ulama, As for the non-Arab scholars (specifically those whom hail from the Indian subcontinent), many are left simply bewildered by the erudition and prowess of the imam. Mufti Sadr al-Shari'a states in that the research conducted and published by al-Imam Ahmad Rida in his legal edicts (which are found in al-'Ata al-Nabawiyya fi al-Fatawa al-Ridawiyya) is matchless in quality and scope, whilst the manner in which the imam has answered and published thousands of fatawa have left many scholars simply stunned[1]. Professor Iqbal meanwhile believed nineteenth century Hind (including countries that were later partitioned) produced no jurist as clever and as sharp as 'Ala Hadrat.

Al-Imam Ahmad Rida Khan gave legal verdicts for fifty five years during which he became one of the most trusted muftis of the religion, recognised by scholars all across the globe. Imam Ahl as-Sunna was in fact destined to be a phenomenal jurist from a very young age; his first legal verdict which he gave at the age of fourteen is clear evidence of this.

The question posed was if a woman will become a foster mother to a child ifher milk was to pass through the nose of that child. The imam answered this question with detailed evidences backing his stance, a stance which in fact he held for the remainder of his life.

The period during the lifetime of the imam witnessed the introduction of paper money into the monetary system and the international markets and economies. This was a difficult issue for the scholars of jurisprudence, who were unsure and puzzled regarding its permissibility. When al-Imam Ahmad Rida Khan journeyed to al-Hijaz for the Hajj, he was posed questions by the scholars of the Haramayn on this issue:

**01.** Is paper money regarded and treated as wealth?

**02.** Is Zakaat obligatory upon an individual when the paper money he possesses reaches the level of nisaab?

**03.** Is paper money permissible as a form of dowry?

**04.** Is punishment necessary upon an individual associated with its theft? S. Can paper money be transacted between darahim?

[He was asked a further seven questions too]

Al-Imam Ahmad Rida Khan, in response to these questions posed to him, wrote an eighty-page work in the Arabic language which proved the permissibility of paper money. The author ofNuzha al-Khawatir read this work and wrote the following:

'A like of Ahmad Rida is rare in regards to his knowledge and information of al-fiqh al-Hanafi, his fatawa (legal verdicts) and the book Kifl al- Faqih is clear evidence of this.'

'Ala Hadrat said, 'The essence of a note is that it is a piece of paper, people are attracted to it due to the sign and stamp [on

**1.** *Bahar e Shariat, Volume 2*

the note]. It comes in use when needed and it is kept safe for usage when in need - this is the definition of maal (wealth). Therefore, we understand that a note is a type of wealth and it is priced. It is [written] in Fath al-Qadir that if one sells a piece of paper for a thousand darahim then this transaction is permissible and not disliked. Therefore, how can the transaction of a note with darahim be impermissible.

Once Kifl al-Faqih reached the library of the haram of al-Makka al-Mukarrama, the Mufti of the Hanafis, ‘Abd Allah bin Siddique examined the work and struck his thigh remarking, ‘Where was Jamal bin ‘Abd Allah from this clear nass?’ i.e. he was astonished at how Ahmad Rida made the ruling so clear which had previously left many ‘ulama, including Mufti ‘Abd Allah bin Siqddique, perplexed.

The mastery and deep understanding of the imam in the field of jurisprudence can be understood by reading his commentary titled Jadd al-Mumtar on Radd al-Muhtar, written by Khatam al-Muhaqqiqin, ‘Allama ibn ‘Abidin al-Shami as a commentary itself on al-Durr al-Mukhtar. Al-Irnam ibn ‘Abidin al-Shami wrote that the salat of zuhr is makruh (disliked) when performed after the shadow of an object is greater than its own length[1] (excluding the shadow prevalent when the sun was at its zenith). Al-Irnam Ahmad Rida Khan held a contradictory opinion and compiled detailed evidences to prove the lack of karaha if salat al-zuhr is performed after this period.

Al-Imam Ahl as-Sunna was also asked about the permissibility in the Hanafi madhab regarding the combining the prayers whilst travelling. The imam wrote that there are two types of combinations: (1) A real combining when two prayers are prayed within the prayer time of one; (2) An apparent combining where the first prayer is delayed until a few moments before the end of its prescribed time - one then prays the first prayer and then performs the second prayer immediately due to the commencement of its respective time by the time the first prayer is concluded. Imam Ahmad Rida Khan said that the first type of combination is only permissible in ‘Arafat and Muzdalifa (during the rituals of the Hajj), whilst the second type of combination is permissible in any type of journey; he proved this stance with ten Ahadith of the Prophet sal Allah ‘alayh wa sallam.

Imam Ahl as-Sunna was also asked regarding the impurity of a dog, and which body parts of a dog are impure. Al-Irnam al-A’zam Abu Hanifa considered only the saliva and flesh of a dog to be impure, and ‘Ala Hadrat put forth fifty evidences to prove this opinion of Imam Abu Hanifa.

In al-’Ata an-Nabawiyya, al-Imam Ahmad Rida Khan wrote on the subject oftayammum, in which he described a total of a hundred and eighty one materials with which

**1.** *The one length shadow is when the time of ‘Asr commences for the Shawafi’, Malikiyya and the Hanabila-however, the jumhur position in the Hanafi madhab is that the ‘Asr time commences when the shadow reaches twice the length of an object (excluding the length of shadow that was present when the sun was at its zenith).*

tayammum is permissible with. Works in Hanafi fiqh preceding 'Ala Hadrat stated fifty eight materials with which tayammum is impermissible with - the imam added a further seventy two materials to this category i.e. he listed one hundred and thirty types of materials with which tayammum is impermissible with. This type of detail and scrupulousness is seldom seen in other works of jurisprudence; one can clearly see what The Divine Bestowed upon Imam Ahmad Rida.

Likewise, a question that was oft posed to legal jurists is the following:

When water runs out for one performing ghusl due to major ritual impurity, and then a minor form of impurity exits from his body, which impurity should be removed first when water becomes available again?

The books of fiqh diversely describe what an individual in this instance should do - in fact, many legal works have mentioned fifteen ways in which a person can tackle this issue. Imam Ahl as-Sunna, meanwhile, detailed ninety eight ways[1] !

The author of ad-Durr al-Mukhtar cited the following hadith:

'Indeed, the Qur'an is greater to Allah than whatever is in the heavens and the earth.'

'Allama ibn 'Abdidin al-Shami wrote the following regarding this hadith in his commentary of ad-Durr, namely Radd al Muhtar:

'Some say that the Qur'an is greater than the Prophet, whilst others say that the Prophet sal Allah 'alayh wa sallam is superior than the Qur'an. It is ore better to be quiet on this issue.'

However, Imam Ahmad Rida Khan remarked, 'There is no need to be quiet, the ruling is clear to me by the grace of Allah.' The imam then went on to explain how the kalam of Allah is of two types, namely nafsi and lafzi. The first type pertains to the essence of the Qur'an, which is The Speech of Allah. The Speech of Allah is pre-eternal and uncreated, and hence is greater than the Prophet sal Allah 'alayh wa sall am. However, the words of the Qur'an are created into a scriptural form, and hence, this aspect of the Qur'an is created. The Prophet sal Allah 'alayh wa sallam is greater than all creation and therefore is superior to the lafzi aspect of the Qur'an.

***1.*** *This is in hi s volume one of al-'Ata an-Nabawiyya*

## ઈન્તેકાલ પુરમલાલ

❑ **વાગરા** : ખાતે શબ્બીરહુસૈન અહમદ મુન્શી તા. ૧૩–૧૧–૨૦૧૮, ૦૪ રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૦ મંગળવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. જનાબ મુશ્તાકભાઈ અહમદ મુન્શી (વાગરાવાળા) તરફથી ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦૦ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ને મળ્યા છે. જઝાકલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# વ્યભિચાર, બળાત્કાર અને ઈસ્લામી સજા

સંપાદક : મૌલાના આબિદ મન્સૂરી,
ભુજ–કચ્છ (ફારૂક સાપ્તિહિકમાંથી)

પવિત્ર કુર્આનના આદેશોના સંદર્ભમાં પશ્ચિમી શૈતાની શક્તિઓ અને એમના ફર્માનને તાબે થઈ ચૂકેલી પૂર્વીય દેશોની સંસ્થાઓ હર હંમેશ વિરોધનો સૂર પૂરાવતી રહી છે. એકવાર પાકિસ્તાનમાં ઈસ્લામના પયગંબર સાહબ ﷺની શાનમાં ગુસ્તાખી કરનારને મોતની સજા ફર્માવવાનો પ્રશ્ન ઉઠયો ત્યારે પાક. સ્થિત માનવ અધિકાર સંગઠનોએ ઈસ્લામ વિરુદ્ધ અશોભનીય વિચારો વ્યક્ત કર્યા હતા. અને જયારે પાક.ના ભૂતપૂર્વ વડાપ્રધાન બેનઝીરે ભુટ્ટોએ ઈસ્લામી સજાઓને જંગલિયત પૂર્ણ સજાઓ ઠરાવી ત્યારે એમને બધુ બળ મળ્યું હતું. એ પ્રસંગ હતો એક ઝાની (વ્યભિચારી) પુરૂષ અને ઝાનિયહ (વ્યભિચારી સ્ત્રી)ને સંગસાર કરવાનો, એટલે કે પથરા મારી મારીને તેમનાં મોત નીપજાવવાનો. જો કે દરેક રીતે આ પાક.ની આંતરિક બાબત હતી, પરંતુ એનો સંબંધ મુસલમાનો અને ઈસ્લામ સાથે હતો, જેથી એના વિશે આખી દુનિયામાં ઉગ્રતા અને બેચેનીનું વાતાવરણ છવાઈ ગયું અને બેનઝીર ભુટ્ટોના એ અવિચારી નિવેદનની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી.

## ઈસ્લામી સજાઓ કોઈ જુલ્મ નથી

અત્રે એ ધ્યાન રાખવું જોઈએ કે ઈસ્લામી હુદૂદ (શિક્ષાઓ, સજાઓ, આચારસંહિતાઓ) કોઈ જુલમ કે અત્યાચાર પર આધારિત નથી; બલ્કે એ અપરાધના પ્રકાર, એના આતંક અને એની પશ્ચાતવર્તી અસરોને નજર સમક્ષ રાખીને અલ્લાહ તઆલા તરફથી જ નક્કી કરવામાં આવી છે. તમામ મુસલમાનો માટે કુર્આન મજીદના સઘળા આદેશોનું અક્ષરસઃ પાલન અતિ આવશ્યક છે. જો કે કુર્આન મજીદના કોઈ નાનામાં નાના આદેશને પણ અણગમાથી જોતો હોય તો એનું ઈમાન પરિપૂર્ણ નથી. કુર્આનનો દરેક આદેશ પોતાની જગ્યાએ અચળ અને અફર છે, એમાં કોઈ જ પરિવર્તન શક્ય નથી, એમાં કોઈ જ સુધારો વધારો કરી શકાય નહીં. એટલા માટે જ કુર્આન મજીદમાં કહેવામાં આવ્યું છે : ''હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં પૂરેપૂરા દાખલ થઈ જાવ.'' એવું હરગિઝ શક્ય નથી કે કુર્આનના કેટલાક આદેશોનો તો સ્વીકાર કરો અને કેટલાકને છોડી મૂકો અને પછી મુસલમાન કહેવડાવવાના પણ અધિકાર રહો.

## વ્યભિચાર એ ધૃણાસ્પદ ગુનોહ છે

શીયળભંગ કે વ્યભિચાર સમાજનો એક એવો ધૃણાસ્પદ ગુનોહ છે જેના પ્રત્યે કોઈપણ પરિસ્થિતિમાં આંખ આડા કાન કરી શકાય નહીં. જે કોઈ સમાજમાં શીયળભંગ કે વ્યભિચાર અટકાવવા માટે કેટલાક અસરકારક પગલાં ભરવામાં ન આવે તો એ સમાજ વિનાશને વહોરે છે. પછી એ સમાજમાં હલાલ અને હરામ વચ્ચેનો ભેદ બાકી રહેતો નથી. ચોરી અને ધાડના બનાવો સામાન્ય થઈ જાય છે. સંબંધોની પવિત્રતા પાયામાલ થઈ જાય છે અને નૈતિક પતન

તેની અંતિમ સીમાઓ સુધી પહોંચી જાય છે. આથી જ આની ભયાનક અસરોને લક્ષમાં રાખીને જ કુર્આન મજીદે ચૂકાદો આપ્યો છે કે :–

"વ્યભિચારી સ્ત્રી અને પુરૂષ દરેકને એક સો કોરડા ફટકારવામાં આવે. એમના પર અલ્લાહ તઆલાની શરીઅતની હદ (સજા) જારી કરતાં તમારે સહેજ પણ દયા ખાવી ન જોઈએ, જો અલ્લાહ પર અને કયામતના દિવસ પર તમારું ઈમાન હોય. ઉપરાંત, એમને સજા ફટકારતી વેળાએ મુસલમાનોનો એક સમૂહ હાજર હોવો જોઈએ." *(સૂ. નૂર, આ. ૨)*

## વ્યભિચારી આ જ સજાને પાત્ર છે

બદ્‌કારી (વ્યભિચાર)ની પ્રાથમિક સજા જે ઈસ્લામમાં વચગાળાના આદેશ તરીકે જણાવવામાં આવી હતી (જેનો ઉલ્લેખ સૂરએ નિસાની આયત નં. ૧૫માં છે), એમાં કહેવામાં આવ્યું હતું કે, આના માટે જ્યાં સુધી કાયમી સજા ફટકારવામાં ન આવે ત્યાં સુધી વ્યભિચારી સ્ત્રીઓને ઘરમાં બંધ રાખો. ત્યાર પછી જ્યારે સૂરએ નૂરની ઉપરોક્ત આયત ઉતરી ત્યારે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું હતું કે અલ્લાહ તઆલાને જે વચન આપ્યું હતું એ વચન પ્રમાણે વ્યભિચારી સ્ત્રી અને પુરૂષની સજા મુકર્રર કરી દેવામાં આવી છે. એ તમે મારાથી શીખી લો અને તે છે **કુંવારા (અવિવાહિત) સ્ત્રી, પુરૂષને સો સો કોરડા અને પરિણિત સ્ત્રી, પુરૂષને સંગસારી દ્વારા તેમને મારી નાખવા.**

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ વિવાહિત વ્યભિચારીઓને વ્યવહારુ શિક્ષા સઝા–એ–રજૂમ (સંગસારી એટલે કે પથ્થર મારીને મોત નિપજાવવાની સજા) અને સો કોરડા ફટકારવાની સજાનો હુકમ આપ્યો હતો, હવે કોરડા ફટકારવાની નાની સજા સંગસારીની સજામાં વિલીન થઈ ગઈ છે અને હવે વિવાહિત વ્યભિચારીઓને માત્ર સંગસારી (પથ્થરમારો કરીને મોત નિપજાવવા)ની સજા જ આપવામાં આવે છે.

હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامના સમય પછી ખુલફાએ રાશેદીન અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના સમયમાં પણ આ જ સજાઓ હતી અને પાછળથી સમગ્ર ઉમ્મતના ફકીહો (મુફતીઓ) અને આલિમો પણ એને જ ઉચિત માનતા રહ્યા. આજે પણ તેને જ ઉચિત ગણે છે. માત્ર ખવારિજ (ઈસ્લામમાંથી બહિષ્કૃત વર્ગ)એ આનો ઈન્કાર કર્યો છે. ભારતીય ઉપખંડમાં આજે પણ કેટલાક લોકો એ આ સજાનો ઈન્કાર કર્યો છે. વાસ્તવમાં આ સજાનો હેતુ એ હતો કે લોકો એમાંથી બોધ મેળવે. આજકાલ કેટલાક કહેવાતા માનવ અધિકાર સમર્થક જાહેરમાં અપાતી આવી સજાને માનવ અધિકાર ભંગ ગણાવી રહ્યા છે. આ નર્યું આડંબર અને અજ્ઞાનતા છે તેમજ અલ્લાહના આદેશો સામે એક પ્રકારનો બળવો છે, કારણ કે એ લોકો પોતાની રીતે અલ્લાહ કરતાં પણ અધિક માનવ હમદર્દ બનવા માગે છે. જો કે અલ્લાહ કરતાં વધુ રહીમ અને કરીમ બીજો કોઈ જ નથી.

## વ્યભિચારી તથા બળાત્કારીની સહાનૂભૂતિમાં સમાજની બર્બાદી

કુર્આન મજીદના ઉપરોક્ત આદેશો અને તેમના વિવરણથી એટલું તો સ્પષ્ટ થઈ જ ગયું છે કે વ્યભિચાર અને બળાત્કાર વચ્ચે એક ભેદ છે. જહાલતકાળમાં વ્યભિચાર સામાન્ય બની ગયો હતો અને આ કૃત્ય આચરવામાં પુરૂષ અને સ્ત્રી બંને સહભાગી થતા હતા. પારિભાષિક પરિકલ્પના અનુસાર **જ્યારે**

**પુરૂષ અને સ્ત્રી બંને શરમજનક કૃત્યમાં સ્વેચ્છાએ સંડોવાયેલાં હોય ત્યારે એ વ્યભિચાર છે અને જ્યારે પુરૂષ તરફથી બળજબરી કરવામાં આવી હોય અને સ્ત્રીની મરજી એમાં સામેલ ન હોય ત્યારે એ બળાત્કાર છે.** જેવું કે આજકાલ થયા કરે છે. બળાત્કાર એક બહુ જ મોટો અને અત્યંત ધૃણાસ્પદ અપરાધ છે, જેમાં કોઈક કામાંધ પુરૂષ ચારિત્ર્યવાન સ્ત્રી, યુવતી કે કુમારીની ઈજ્જત અને આબરૂના લીરે લીરાં ઉડાડી દે છે. આમ, એની આખી જિંદગી નષ્ટ કરી દે છે. આવા કામાંધ અમાનુષોની સજા મોત કરતાં સહેજ પણ ઓછી ન હોવી જોઈએ. જ્યારે કે ઈસ્લામ આવા દુષ્કર્મમાં બંને પક્ષોની પરપસ્પરની સંમતિ છતાં બંનેને કોરડા ફટકારવાની અથવા પથ્થરમારો કરી તેમનાં મોત નીપજાવવાની સજા આપે છે, ત્યારે બળાત્કારના કિસ્સામાં જ્યારે એક પક્ષ બીજા પક્ષ પર અત્યાચાર ગુજારતો હોય ત્યારે ઈસ્લામ તેના પ્રત્યે હરગિઝ કુણૂં વલણ અપનાવી શકે નહીં. પરિસ્થિતિ એવી કરુણ વિકટ અને જટિલ છે કે આપણા દેશમાં આ પ્રકારના બનાવો દિન પ્રતિદિન વધતા જ જાય છે. **સમાચાર માધ્યમોના અહેવાલો અનુસાર માત્ર રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં દરરોજ એક બનાવ બને છે જ્યારે સમગ્ર દેશમાં દરેક અડધા કલાકમાં બળાત્કારનો એક બનાવ બને છે.** આ આંકડાઓ એવા બનાવોના છે, જેમની એફ.આઈ.આર. નોંધાવવામાં આવે છે. સંખ્યાબંધ બનાવો તો એવા હોય છે, જેમનો તાગ પણ મળતો નથી, કારણ કે ભોગ બનેલી યુવતી ઈજ્જત અને આબરૂ ખાતર એની એફ.આઈ.આર. જ નોંધાવતી નથી અથવા ક્યાંક ભોગ બનેલી સ્ત્રીઓ ફરિયાદ નોંધાવવા જાય છે ત્યારે બળાત્કારીઓના માન, મર્તબા કે વગને કારણે તેમની ફરિયાદ નોંધાવામાં આવતી નથી.

પહેલાં એવું બનતું હતું કે કોઈની સાથે દુશ્મનાવટ કાઢવા ખાતર જુલમ અને બળજબરીથી આબરૂ લૂંટવામાં આવતી હતી, હવે તો એક નિયમિત અભિગમ બનતો જાય છે અને ગુંડાઓ, બંકેરાવો, જૂગારીઓ, ચોરો અને ખિસ્સા કાતરુઓને પણ આની ટેવ પડી ગઈ છે અને આ બધું પોલીસના મેળાપીપણામાં થાય છે ! પોલીસ આવા અપરાધી જૂથો અને વ્યક્તિઓને સારી પેઠે ઓળખે છે, પરંતુ એનાં ખિસ્સા ભરી દેવામાં આવે છે. દિલ્હીમાં સામાન્ય રીતે ઝુપડપટ્ટીઓમાં આવા અપરાધી તત્વો વિકાસ પામતા હોય છે. તાજેતરમાં જ બનેલા સંખ્યાબંધ બનાવોમાં આવી જ ઝુપડા વસાહતોના રહીશો સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આ ભયંકર વલણ હવે નવયુવકોમાં અને ધનવાન નબીરાઓમાં પણ વધતું જાય છે.

મહિલા અધિકારોના સંરક્ષણના દાવેદાર સંગઠનો આમ તો બળાત્કારના બનાવો અંગે ભારે દેકારો મચાવે છે, પરંતુ જ્યારે બળાત્કારીઓને મોતની સજા આપવાની વાત થાય છે ત્યારે એ જ મહિલાઓ એનો વિરોધ કરવા ઊભી થઈ જાય છે ! તેમનાં કથન અને કર્મનો આ વિરોધાભાસ સમજાતો નથી. સજાનું પ્રમાણ અપરાધની ગંભીરતા પ્રમાણે નક્કી કરવામાં આવે છે અને સજા એટલા માટે આપવામાં આવે છે કે જેથી સમાજમાં આવા અપરાધો ન થાય. જે લોકો આવો અપરાધ કરવાનો ઈરાદો રાખતા હોય તેઓ સજાને કારણે તેમનાં એ દુષ્ટ ઈરાદાને અમલમાં મૂકતાં દસ વાર વિચારે. અપરાધીઓને જે સજા આપવામાં આવે એનાથી સમાજ બોધ ગ્રહણ કરે. ઈસ્લામમાં સમાજની સ્વચ્છતા, પવિત્રતા અને સ્વસ્થતા સર્વ પ્રથમ આવશ્યક્તા છે. જ્યાં સુધી દેશોનો પ્રશ્ન છે ત્યાં સુધી

સમાજની સ્વસ્થતા અને તેના આરોગ્ય પર દેશની સુરક્ષા અને તેની જિંદગીનો આધાર હોય છે. બળાત્કારીની સજા મોત કરતાં ઓછી હોવી પણ ન જોઈએ. અહીં આજીવન કેદની સજા ભોગવીને જેલમાંથી છૂટયા પછી પણ અપરાધીઓ લાંબુ જીવન જીવી લેતા હોય છે અને ત્યાર બાદ અપરાધ કરવા અને સજા ભોગવવાની એમને ટેવ પડી જાય છે. આવા હજારો બનાવો ઉદાહરણ સ્વરૂપે નોંધાઈ ચૂક્યા છે. તેમ છતાં મહિલા સંગઠનોને કોણ જાણે કેમ બદ્કારો, ખૂનીઓ, લંપટો અને લુચ્ચા લફંગા ગુંડાઓ પ્રત્યે આવી સહાનુભૂતિ શા માટે થતી હશે ?! કે તેઓ મોતની સજાને બળાત્કારના બનાવોના અંત કે નિયંત્રણ માટેના ઉકેલ તરીકે સ્વીકારતાં નથી.

## મા બાપો ઔલાદને આઝાદ ન છોડી મૂકે, નહીં તો....

**માતા, પિતાએ વિચારવું જોઈએ કે તેઓ પોતાની દીકરીઓને ફેશનની શોખીન બનાવીને અને તેમનાં ખાસ અંગ ઉપાંગોને ઉપસાવતા પારદર્શક, (તથા ચામડી દેખાય તેવા ખભે પગે કટ મારેલા કપડાં) ફિટ અને અર્ધ વસ્ત્રો પહેરાવીને સમાજને કયો સંદેશ આપી રહ્યા છે ?!** આ ભયંકર વલણને સમાપ્ત કરવા માટે એકતરફી પગલાં અને એક તરફી થિયરી પર અમલ કરવું યોગ્ય નથી. મૂળ સમસ્યાનાં તમામ પાસાં પ્રત્યે પૂરેપૂરું ધ્યાન આપવું પડશે અને એનો સંપૂર્ણ તાગ મેળવવો પડશે. આવા સેંકડો બનાવો બને છે, જ્યારે અવિવાહિત પુરૂષ અને સ્ત્રી અને એક જ વર્ગમાં ભણતા અને સાથીઓ વ્યભિચારનો ગુનાહ આચરે છે. સ્વછંદી છોકરીઓ અને યુવતીઓ આવારા, લફંગા અને રખડુ છોકરાઓ અને યુવકો સાથે રઝળપટ્ટી કરે છે એનો કોઈ વાંધો ઉઠાવતું નથી. આનાથી સમાજને આમ તો કોઈ નુકસાન થતું નથી, એટલે કે સમાજ તરફથી કશી પ્રતિક્રિયા વ્યક્ત થતી નથી અને તેના કશા પ્રત્યાઘાત પડતા નથી; પરંતુ જ્યારે કોઈ એવો બનાવ બને છે જેમાં છોકરી કે યુવતીની મરજી સામેલ હોતી નથી ત્યારે સમાચાર માધ્યમો સફાળાં જાગી ઉઠે છે. માતા, પિતા પણ અને સમાજના ઠેકેદારો પણ જાગૃત બની જાય છે.

આવા સમાજમાં જ્યાં બદ્કારીને રાજીખુશીથી સહન કરવામાં આવતી હોય, બલ્કે એને કાયદેસર ગણાવીને એને પ્રોત્સાહન આપવામાં આવતું હોય ત્યાં બળાત્કારના બનાવો અંગે હોબાળો કરવો માત્ર એક ઢોંગ સમાન છે. [વ્યભિચારની શું સ્વેચ્છિક વ્યભિચારને કાયદેસર રીતે ગુનોહ ન ગણીને (વ્યભિચારની કાયદેસર છૂટ આપીને) હિંદુસ્તાનની સંસ્કૃતિની તબાહીને નિમંત્રણ નથી અપાયું ? તથા શું એનાથી સમાજમાં પતિ પત્નીના સંબંધોમાં તિરાડો ઉભી નહીં થાય? શું અનેક કુટુંબોમાં તબાહી નહીં મચે ? આ એક ગંભીરપણે વિચારવાનો તથા નિવારવાનો પ્રશ્ન છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*]

**ઈન્તેક઼ાલ પુરમલાલ :** ❑ **કુરચણ** : ખાતે તા. ૧–૧૧–૨૦૧૮ અને ૨૨–સફર, ૧૪૪૦ જુમેરાતના રોજ ઈબ્રાહીમ આદમ મક્કનનો ટૂંકી માંદગી બાદ અચાનક ઈન્તેક઼ાલ થઈ ગયો હતો. ❑ **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે હૂરીબેન અલી આદમ ગની તા. ૮–૧૧–૨૦૧૮, ૨૯ સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૪૦ ગુરૂવારના રોજ ટૂંકી માંદગી બાદ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયાં છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# રાફઝી-શીઆ ફિર્કાની

## ગુમરાહીઓથી બચો !

હપ્તો ૦૨

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### હઝરત અલી رضی اللہ عنہની મહોબ્બતની આડમાં શીઆઓની છુપાયેલી બદ્અક઼ીદગીની ઝલક !

અમીરુલ મો'મિનીન સૈયદના હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم તથા હઝરત સૈયદા ફાતિમા ઝહરા તથા સર્વ અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની સાચી મહોબ્બત એ દરેક અહલે સુન્નત વ જમાઅતની સહીહ ઓળખ છે. દરેક સુન્ની અહલે બયતે અત્હારને દિલથી મહોબ્બત કરતો જ હોય છે. પરંતુ આજકાલ કેટલાક અજ્ઞાન કહેવાતા સુન્નીઓ શીઆઓની દેખાદેખી તેમની રવિશ પર ચાલી નીકળીને ગુમરાહીમાં પડતા જોવા મળી રહ્યા છે અને શીઆઓની જેમ અહલે બયતની મહોબ્બતની આડમાં સહાબાએ કિરામની તથા મહાન સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિશે ગલત અક઼ીદા ધરાવતા જોવા મળે છે. તેમની ભલાઈને ખાતર તેમના સહીહ માર્ગદર્શન માટે શીઆઓની અસલિયત અત્રેના લેખમાં રજૂ કરવામાં આવે છે, એ નિય્યત તથા દુઆ સાથે કે રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં સૌને સહાબાએ કિરામની તથા અહલે બયતની મહોબ્બતમાં જીવવા મરવાની તૌફીક઼ આપે. (આમીન)

ઈસ્લામ તથા મુસલમાનોના પૂરાણા દુશ્મન યહૂદીઓ ઈસ્લામી ચળવળની પ્રગતિ રોકી ન શક્યા તો મુનાફિક઼ાના તૌર પર મુસલમાન થવાનું જાહેર કરીને કેટલાક યહૂદી મુસલમાનોમાં સામેલ થયા અને "ઈબ્ને સબા" નામના યહૂદીએ મુસલમાનોનું સંગઠન તૂટે અને અંદરો અંદર ભાગલા પડે માટે જૂઠી હદીષો વહેતી કરી તથા ઈસ્લામી અક઼ીદાઓમાં શંકા કુશંકાઓ ખડી કરી જેનાથી ઉપર વાંચ્યા તેવા અક઼ીદા તેમજ હજી આગળ આવશે તે મુજબના ઈસ્લામ વિરુદ્ધ અક઼ીદા શીઆઓએ વહેતા કર્યા. હઝરત અલી رضی اللہ عنہની મહોબ્બતનો ઢોંગ રચી "શીઆયાને અલી" કહેવાયા જે પાછળથી "શીઆ" એટલે "રાફઝી" તરીકે ઓળખાયા. આ શીઆ ફિર્કાના અમુક અક઼ીદા જોઈ લો.

શીઆઓના ગુમરાહ અક઼ીદાઓમાંથી કેટલાક અક઼ીદા તો ઉપર વર્ણન થઈ ચૂક્યા તે ઉપરાંત તેઓ માને છે કે :–

હુઝૂર صلی اللہ علیہ وسلم કરતાં હઝરત અલી رضی اللہ عنہને અફઝલ માને છે બલ્કે તેમની માન્યતા છે કે હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم પર હઝરત જિબ્રઈલ ભૂલથી નાઝિલ થયા, નહીં તો નબી તો અસલમાં હઝરત અલી હતા..... વગેરે ઘણા બધા ગલત અક઼ીદા તેમના છે.

તેમજ તેમના નજીકના ભૂતકાળના ઈરાનમાં થયેલ પેશવા જેમને તેઓ "આયતુલ્લાહ ખોમૈની" કહે છે તેમના વિચારો પણ જાણી લો :–

### શું આ તૌહીને રિસાલત નથી ?

ખોમૈની પોતાના ઈમામે ગાયબ મહદી મવઊદના જશ્ને વિલાદતના મોક઼ા પર સંબોધન કરતાં

૧૫ શાબાન હિ.સ. ૧૪૦૦માં નબીઓ તથા રસૂલોની શાનમાં આ પ્રમાણે ગુસ્તાખીપૂર્ણ વાતો કહે છે : "તમામ નબીઓ દુનિયામાં અદાલતના ઉસૂલને સ્થાપિત કરવા માટે આવ્યા પરંતુ તે હઝરાત પોતાના આવવાના હેતુમાં કામયાબ ન થઈ શક્યા, ત્યાં સુધી કે **ખાતમુન્નબીય્યિન પણ આ હેતુમાં કામયાબ ન થઈ શક્યા** જે માનવજાતની સુધારણા, અદાલતની સ્થાપ્ના અને માનવજાતની કેળવણીના મક્સદથી દુનિયામાં આવ્યા....યક઼ીનન ! જે શખ્સ આ હેતુમાં નજીકમાં જ **કામયાબ થશે તે મહદી મવઊદ** હશે...... **ઈમામ મહદી** જેમને અલ્લાહ તઆલાએ માનવજાતના માટે ખજાનો બનાવીને બાકી રાખ્યા છે તે પૂરા જગતમાં ન્યાયના ફેલાવવા તથા તેને જીવંત કરવાની ખિદમત અંજામ આપશે. અને **યક઼ીનન ! એ કામમાં કામયાબ થશે** જે ક઼ાયમ કરવામાં તથા મજબૂત કરવામાં **અંબિયા નિષ્ફળ રહ્યા....**

*(ખુત્બાએ ઈમામ ખોમૈની, પ્રસારણ રેડીયો તેહરાન, પ્રેસ : અર્રાઈયુલ આલમ, કુવૈત, ૨૧-૬-૧૯૮૦)*

શીઆ ઈરાની પેશવા ખોમૈનીએ ઈમામ રઝા رضی اللہ عنہના જશ્ને વિલાદતની તક઼રીર દરમ્યાન કહ્યું કે, "મને બે વાતોનો અફસોસ છે, એક એ કે ઈસ્લામી બંધારણ ઈસ્લામી હુકૂમતના પ્રારંભિક દૌરથી આજ સુધી સંપૂર્ણપણે કામયાબ નથી થઈ શક્યું, ત્યાં સુધી કે રસૂલે ઈસ્લામ صلی اللہ علیہ وسلمના જમાનામાં પણ ઈસ્લામી હુકૂમતનું બંધારણ સંપૂર્ણપણે લાગુ ન થઈ શક્યું."

*(મૌદૂદી તર્જુમાન એશિયા, લાહોર, ૨૯ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૦૩)*

જ્યારે કુર્આને પાકમાં ખૂદ રબ્બે કરીમ ફર્માવે છે કે :–

اَلْیَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِیْنَكُمْ وَاَتْمَمْتُ عَلَیْكُمْ نِعْمَتِیْ

"આજે મેં તમારા માટે તમારો દીન કામિલ (સંપૂર્ણ) કરી આપ્યો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી. "

*–(પારા : ૬, સૂરએ માઈદહ, આયત : ૩)*

એટલે કે **હુઝૂર صلی اللہ علیہ وسلمનો વિસાલ મુબારક ત્યાર પછી જ થયો જ્યારે દીન સંપૂર્ણપણે મુકમ્મલ થઈ ચૂક્યો હતો અને ફતહે મક્કાથી ઈસ્લામી બંધારણ સંપૂર્ણપણે અમલમાં આવી ચૂક્યું હતું. છતાં ખોમૈની, નબીપાક صلی اللہ علیہ وسلمને મઆઝલ્લાહ ! પોતાના મક઼સદમાં નિષ્ફળ દર્શાવે છે.**

## સહાબાએ કિરામની બેઅદબી ! શું ઈસ્લામ દુશ્મની નથી ?!

શું હુઝૂર صلی اللہ علیہ وسلمને અત્યંત ચાહનાર આપના સૌથી પ્રિય સાથી સહાબી, ઉમ્મતીઓમાં સૌથી અફઝલ સહાબી એવા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તેમજ હઝરત ઉમર, હઝરત ઉષ્માન તથા અન્ય મહાન સહાબીઓ માટે આવા શબ્દો લખશે જેમ શીઆ ફિર્કાની કિતાબોમાં છે કે, "નબી કરીમ صلی اللہ علیہ وسلمના ઈન્તેકાલ બાદ મિકદાદ ઈબ્ને અસ્વદ, સલ્માન ફારસી તથા અબૂઝર ગફ્ફારી સિવાય સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા." *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮, હવાલો : તફસીરે સાવી, પેજ : ૩૮૯, ભાગ : ૪)*

શું નબીપાક صلی اللہ علیہ وسلمના સહાબાએ કિરામને મુર્તદ, કાફિર કહેનારો ઈસ્લામનો દુશ્મન નહીં તો ઈસ્લામનો દોસ્ત છે ?

**શીઆઓ હઝરત આઈશા رضی اللہ عنہاની તૌહીન કરવાને તથા તેમના પર લઅનત મોકલવાને ઈબાદત સમજે છે કે જે નબી કરીમ صلی اللہ علیہ وسلمનાં પ્રિય પત્ની તથા ઉમ્મતીઓનાં મા છે** અને તેમની વિવિધ રીતે તૌહીન કરે છે. જેમ કે ઈબ્ને રજબ

બરસીનું કહેવું છે કે, ''હઝરત આઈશાએ ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !'' મઆઝલ્લાહ ! નબી પાક ﷺનાં પવિત્ર પત્નીની આ તૌહીન શું અસહ્ય નથી ?! એટલું જ નહીં બાકિર મજલિસી પોતાની કિતાબ હક્કુલ યકીનમાં લખે છે : ''જ્યારે કાઈમુઝ્ઝમાં જાહેર થશે તો આઈશાને જીવંત કરીને તેણીના પર હદ (શિક્ષા) લાગુ કરશે અને તેણીથી હઝરત ફાતિમાનો બદલો લેશે.'' નબી કરીમ ﷺનાં પવિત્ર પત્ની તથા ઉમ્મુલ મો'મિનીન એટલે સર્વ મુસ્લિમોની માની આવી ગુસ્તાખી કરનાર શું ઈસ્લામનો તથા નબી ﷺનો દુશ્મન છે કે ચાહક છે ?!

## હઝરત મુઆવિયહ્‌નો ગુસ્તાખ જહન્નમી કૂતરો છે !

જેઓ શીઆઓની દેખાદેખી હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہની બેઅદબી કરે છે અને ગમે તેમ બોલે છે તેઓ જાણી લે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ રસૂલેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબી છે, આપે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે રહીને કાફિરો સાથે જંગો લડી છે, આપનો દરજો સહાબી હોવાને લઈને ઊંચો છે અને મુજાહિદે ઈસ્લામ હોવાને લઈને વધારે. ખિલાફતે ફારૂકી અને ખિલાફતે ઉષ્માનીમાં આપે વીસ વર્ષો સુધી સીરિયામાં ગર્વનરી કરી અને ત્યાર પછી પણ આપ ગર્વનર રહ્યા. નવાસાએ નબી હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ એમની સાથે સુલેહ કરીને એમના હાથ પર બયઅત કરી. અવસાન સુધીમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ ૪૦ વર્ષો રાજ કર્યું. હદીષના ઓલમાએ કોઈ પણ વિવાદ વગર એમની હદીષો નકલ કરી અને લીધી. આ બધું એ વાતની દલીલ છે કે અમીર મુઆવિયા رضی اللہ عنہ નો વિવાદ હઝરત અલી સાથે ઈજતેહાદ પર આધારિત હતો, એનાથી એમની અદાલત અને પરહેઝગારીમાં કોઈ ફરક આવતો નથી. અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى અલ્લાહ તઆલાએ સર્વને ભલાઈનો વાયદો કર્યો : رَّضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ **''અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી.''** *(સૂ. તૌબા, ૯/૧૦૦)*

**મુલ્લા અલી કારી મિશ્કાતની શરહમાં** ફર્માવે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક જેઓ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના વિદ્યાર્થી છે એમને પૂછવામાં આવ્યું કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما અફઝલ છે કે પછી હઝરત મુઆવિયા رضی اللہ عنہ ? તો આપે ફર્માવ્યું, **હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **સાથે રહી જિહાદ કરવા સમયે અમીર મુઆવિયા** رضی اللہ عنہ**ના ઘોડાના નાકમાં જે ધૂળ ગઈ તે પણ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી વધીને છે.** *(અન્નાહિયા, પેજ-૧૬)*

**નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી ઈયાઝમાં છે** : જે વ્યક્તિ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બુરાઈ કરે છે એ **જહન્નમી કૂતરાઓ પૈકી એક કૂતરો** છે. *(અહકામે શરીઅત, ભાગ-૧, પેજ-૧૦૩)*

**મિશ્કાત શરીફ**, પેજ-૧૧૨, બુખારી શરીફની હદીષ છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું કે અમીરુલ મુ'મિનીન ! હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની બાબત તમે શું ફર્માવો છો, જ્યારે કે ફલાણા મસ્અલામાં એમણે આમ કર્યું. આપે ફર્માવ્યું : اَصَابَ اِنَّهٗ فَقِيْهٌ એમણે બરાબર કર્યું કારણ કે આપ ફકીહ (દીનની સારી સમજ ધરાવનાર) છે.

**મિશ્કાતની શરહ મિર્કાત**, ભાગ-૨, પેજ-૧૬૦, હઝરત મુલ્લા અલી કારી ઉપરોક્ત વાતના ખુલાસામાં લખે છે કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ મુજતહિદ છે, એમને સવાબ મળશે ભલે ભૂલ કરે. (એટલે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે જે બે

યુદ્ધ થયાં તેમાં હઝરત અલી હક્ક પર હતા પરંતુ હઝરત અમીર મુઆવિયા મુજતહિદ છે અને મુજતહિદને દલીલે શરઈમાં મનન કરવાથી એમનાથી ભૂલ થાય તો પણ એમને સવાબ મળે છે.)

અન્નાહિયા, પેજ–૧૭, હઝરત અલ્લામા કસ્તલાનીએ બુખારીની શરહમાં હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બાબત એ વર્ણન કર્યું છે :– مُعَاوِيَةُ ذُوْ الْمَنَاقِبِ الْجَمَّةِ "હઝરત મુઆવિયા ઘણી જ ખૂબીઓના માલિક છે."

આ છે હઝરત અમીર મુઆવિયા ! رضی اللہ عنہ **અહલે સુન્નત વલ જમાઅતના મસ્લક પ્રમાણે આપ ઉચ્ચતમ સહાબી છે, અને આપની બાબતે કાંઈ બોલવાની આપણને રજા નથી, બલ્કે બોલવું પોતાની આક઼ેબત ખરાબ કરવું છે, એટલે હઝરત અમીર મુઆવિયા માટે આપણે અહલે સુન્નતનો મસ્લક ભૂલી શીઆ લોકો જેવી નકામી વાત ન કરવી જોઈએ !**

**સવાલ** : ચાલો, માની લઈએ કે પોતાની હયાતીમાં ખલીફાને નિમણૂંક કરવો અને પોતાના પુત્રને ખલીફા બનાવવો શરઈ કાયદાના આધારે નાજાઈઝ નથી એટલે વિરોધ ઉઠાવવાની આપણને રજા નથી, પણ ફાસિક઼ની બેઈજ્જતી વાજિબ છે એટલે એને ઈજ્જતનું પદ ન આપી શકાય, તો પછી ખિલાફતે કુબ્રા અને મુસલમાનોના અમીર માટે એવા વ્યક્તિને નિમણૂંક કરવો નાજાઈઝ અને ગુનાહનું કામ છે. પછી ફાસિક઼ને એ પદ કેમ આપવામાં આવ્યું ?

**જવાબ** : યઝીદ ફાસિક઼ હતો અને એના ફાસિક઼ હોવા પર બેમત નથી પણ એ જ્યારથી ફાસિક઼ બન્યો ત્યારથી ફાસિક઼નો હુકમ લાગશે. ગુનાહોનાં કામો કર્યા વગર ફિસ્ક઼ અને બદ્‌માશીનો હુકમ ઈસ્લામી કાયદામાં લાગુ પડતો નથી. જેઓ યઝીદને પ્રથમથી ફાસિક઼ કહેવા માંગે છે તેમણે સશક્ત પુરાવા આપવા પડશે કે એ ખલીફાના પદ પર આવતાં પહેલાં જ ખરાબ માણસ હતો. **જ્યારે એ પોતાના પિતા હઝરત અમીર મુઆવિયાની હયાતીમાં સારો હતો, અને એણે ઈસ્લામ માટે ઘણા યુદ્ધો લડયાં,** તો હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہએ પોતાના પુત્રને લાયક સમજીને, શરીઅતનો પાબંદ સમજીને આ પગલુ ભર્યું હતું. જ્યારે **આપની હયાતીમાં એ ફાસિક઼ ન હતો** તો પછી હઝરત અમીર મુઆવિયહ પર એ બાબતની કોઈ શંકા યોગ્ય નથી. અને **સુન્ની સહીહુલ અક઼ીદા આ પ્રમાણેની શંકા ઉપસ્થિત કરી પણ નથી શક્તો.** શૈતાન કાફિર બનતા પહેલાં ફરિશ્તાઓનો ઉસ્તાદ હતો, એની ઘણી ઈજ્જત થતી હતી, એને ઘણુ મહાન પદ આપવામાં આવ્યું હતું, પણ જ્યારે એણે હઝરત આદમ علیہ السلام ની બેઈજ્જતી કરી અને અલ્લાહની આજ્ઞાનું પાલન ન કર્યું તો અલ્લાહ તઆલાએ એને ઈજ્જતની જગાએથી હટાવી દીધો. તો આ દાખલા પ્રમાણે યઝીદ જ્યારે સારો હતો ત્યારે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એને ઈજ્જતનું પદ આપ્યું, આપના દુનિયાથી પર્દો કરી ગયા પછી એ ફાસિક઼ બની ગયો તો એ તે જમાનાના મુસલમાનોની જવાબદારી ઠરી જે યોગ્ય હોય તેના હાથો પર બયઅત કરવી જોઈએ અને તેવા વ્યક્તિને ભરપૂર સહકાર આપવો જોઈએ. સારાંશ એ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પર યઝીદના ફાસિક઼ હોવાનું જાણતા હોવાની શંકા પણ તદ્દન ખોટી છે. એ ભવિષ્યની વાત હતી, એમની હયાતીની નહીં.

## સહાબાએ કિરામથી શીઆઓની નફરત

આ લખાણ ખૂદ એક **શીઆ આલિમ સૈયદ હુસૈન મૂસવી નજફી**ની કિતાબનું છે જેણે હક્કની તલાશમાં શીઆઓના અક઼ીદાઓથી બેઝારી જાહેર

કરી અને તેને રદીયો આપતાં ખૂદ એક કિતાબ લખી જેનું અરબી નામ છે : **કશ્ફુલ અસ્રાર વ તિબરઅતિલ્ અઈમ્મતિલ્ અત્હાર** જેનો અનુવાદ **અબૂ કુલ્થૂમ હિંદી** નામના શખ્સે કર્યો જે **ઈમામ જાઅફર સાદિક એકેડેમી–લખનૌ**થી પ્રસિદ્ધ થઈ. હવે તેમાંની વિગતો તેમના જ શબ્દોમાં રજૂ થશે.

"અહલે સુન્નતથી શીઆઓની નફરત ન કોઈ આજની પેદાવાર છે અને ન આજના અહલે સુન્નત સાથે ખાસ છે બલ્કે એની જડો ખૂબ જ ઊંડી છે જેનો ક્રમ પ્રથમ યુગ સુધી જઈને મળે છે. જી હા ! અહલે સુન્નતના વર્તુળમાં અબૂઝર, મિક્દાદ અને સલમાન ફારસી (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن) સિવાય સર્વ સહાબીઓ આવી જશે જેમનાથી શીઆઓને નફરત છે. જેમ કે કલીની, અબૂ જઅફર رضی اللہ عنہના હવાલાથી નક્લ કરે છે :

"નબી કરીમ ﷺના ઈન્તેકાલ બાદ મિક્દાદ ઈબ્ને અસ્વદ, સલમાન ફારસી તથા અબૂઝર ગફારી (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن) સિવાય **સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા."** *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮)*

સુન્નીઓ ! વિચારો ! જો આપણે યહૂદીઓને પૂછીએ કે તમારી મિલ્લતમાં અફઝલતરીન (શ્રેષ્ઠ) લોકો કોણ છે ? તો એ જ જવાબ આપશે કે મૂસા (علیہ السلام)ના અસ્હાબ એટલે સાથીઓ.

જો આપણે નસારા (ઈસાઈઓ)ને પૂછીએ કે તમારી ઉમ્મતમાં અફઝલતરીન કોણ છે ? તો યકીનન ! જવાબ હશે કે ઈસા (علیہ السلام)ના હવારીઓ એટલે સાથીઓ.

જો આપણે શીઆઓને પૂછીએ કે તમારા અકીદા તથા તમારી માન્યતા હેઠળ **બદતરીન લોકો કોણ છે ?** તો એ જ જવાબ મળશે કે **મુહમ્મદ (ﷺ)ના સાથીઓ !** (આ કેટલી મહાન ગુસ્તાખી છે)

હઝરત અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن ત્રણેવની **ખિલાફતના મુન્કિર** એવા આ શીઆઓના અપશબ્દો તથા ટીકા ટીપ્પણનું સૌથી વિશેષ કોઈ નિશાન બનેલ છે તો તે મુહમ્મદ (ﷺ)ના સાથીઓ અને એમાં પણ ખાસ કરીને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન અને નબી ﷺની પવિત્ર બીવીઓ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا તથા હઝરત હફસા رضی اللہ عنہا છે.

એટલા માટે એમની કિતાબોમાં એક દુઆ મળે છે જેમાં કુરૈશના બે બુતોના સંબંધે કહેવામાં આવ્યું છે કે, હે અલ્લાહ ! કુરૈશના બંને સનમ–બુત અને તાગૂત (શૈતાન)ની **બંને તાકતો (એટલે અબૂબક્ર તથા ઉમર) પર લઅનત ફર્માવ !........**(છેવટ સુધી) આ દુઆ મોઅતબર કિતાબોમાં સ્પષ્ટપણે વર્ણન થયેલી છે. ઈમામ ખોમૈની (જેની તારીફ પ્રો. તાહિરુલ કાદરીએ કરી છે !)નો નિયમ હતો કે દરરોજ સવારની નમાઝ બાદ આ દુઆ પઢતા.

એમની એક કિતાબમાં છે : "હમ્ઝા ઈબ્ને મુહમ્મદ તય્યાર બયાન કરે છે કે અમે અબૂ અબ્દુલ્લાહ (رضی اللہ عنہ)ની મજલિસમાં મુહમ્મદ ઈબ્ને અબૂબક્રનો ઉલ્લેખ કર્યો તો તેમણે ફર્માવ્યું, અલ્લાહ તઆલા એમના પર રહમ કરે, અને પોતાની રહમતો નાઝિલ કરે, એકવાર મુહમ્મદ ઈબ્ને અબૂબક્રએ હઝરત અલી (رضی اللہ عنہ)ને કહ્યું, તમારો હાથ વધારો કે હું બયઅત કરું ! આપે પૂછયું, શું તમે હજી સુધી બયઅત નથી કરી ? તેમણે જવાબ આપ્યો, કેમ નહીં?! હું તો બયઅત કરી ચૂક્યો. અને પછી તેમણે પોતાનો હાથ ધરી આપ્યો અને (હઝરત અલીને) કહ્યું, હું ગવાહી આપુ છું કે આપ ઈમામ છો અને આપની ફર્માંબરદારી ફર્ઝ છે અને મારા પિતા **(અબૂબક્ર)નું ઠેકાણુ જહન્નમ છે.** *(રિજાલુલ કશી, પેજ–૬૧)*

એક જગાએ લખે છે : શોએબ, અબૂ અબ્દુલ્લાહથી નક્લ કરે છે કે દરેક ખાનદાનમાં કોઈ ન કોઈ શરીફ જરૂર હોય છે, અને **બુરા ખાનદાનમાં પેદા થનાર શરીફ્તરીન શખ્સનું એક ઉચ્ચ દષ્ટાંત મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર (અબૂબક્રના પુત્ર મુહમ્મદ) છે.** *(અલ કશી, પેજ–૬૧)*

હઝરત ઉમર رضی اللہ عنہની તૌહીનમાં લખે છે : "અને જો વાત કરીએ હઝરત ઉમરની તો સૈયદ નેઅમતુલ્લાહ જઝાઈરી તેમના બારામાં ત્યાં સુધી કહે છે :–

"ઉમરની પાછલી શર્મગાહમાં એક બીમારી હતી જેની તકલીફથી એમને ત્યારે જ સુકૂન મળતુ જ્યારે મર્દનું પાણી એના પર નાખવામાં આવતું."

*(અલ અન્વારુન્નુઅમાનિયા, પેજ–૬૩)*

આ તદ્દન જૂઠો આક્ષેપ અને અતિ ગંદી તૌહીન હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં છે. અસ્તગફિરુલ્લાહ!

## હઝરત ઉમર رضی اللہ عنہનો ક઼ાતિલ શીઆઓનો હીરો !

ઈરાનના શહેર કાશાનમાં "બાગ઼ી ફૈન" નામનો એક વિસ્તાર છે જ્યાં એક અન્જાન ફોજીની ક઼બર છે જેના બારામાં લોકોનો વહેમ છે કે હઝરત ઉમરના ક઼ાતિલ અબૂ લૂઅ્ લૂઅ્ ફીરોઝ ફારસી મજૂસીની ક઼બર છે. એના પર એક લખાણ લખ્યું છે જેનો ભાવાર્થ : "બાબે શુજાઉદ્દીનની આરામગાહ" બાબે શુજાઉદ્દીન એક લક઼બ છે જે શીઆઓએ હઝરત ઉમરને ક઼ત્લ કરવાના બદલામાં અબૂ લુઅ્ લુઅ્ને અતા કર્યો. એ આસ્તાનાની દીવાલો પર ફારસીમાં "મર્ગ બર અબૂબકર ! મર્ગ બર ઉમર ! મર્ગ બર ઉષ્માન !" લખ્યું છે, જેનો મતલબ છે : અબૂબક્ર મુર્દાબાદ ! ઉમર મુર્દાબાદ ! ઉષ્માન મુર્દાબાદ ! (મઆઝલ્લાહ !)

આ મઝાર ઈરાનીઓની ઝિયારતગાહ છે જ્યાં આગળ રૂપિયા પૈસાના ઢગલા વળે છે અને નઝરાણા ચઢાવવામાં આવે છે. એ મઝાર પર હું (મૂળ લેખક) પણ ગયો છું અને સર્વ હાલ પોતાની આંખો વડે જોઈને આવ્યો છું ! ઈરાનના પ્રચાર તથા પ્રસાર મંત્રાલયે તેની વિશાળતા તથા નવીનકરણમાં ઘણી દિલચસ્પી બતાવી અને પત્રો વગેરે માટે એક પોસ્ટકાર્ડ પણ બહાર પાડયો જેના પર આ મઝારનો ફોટો છે !

કલીની, અબૂ જઅફરથી રિવાયત કરે છે : "**શયખૈન** (અબૂબક્ર તથા ઉમર) દુનિયાથી એ હાલમાં ગયા કે ન તેમણે તૌબા કરી અને ન અમીરુલ મોમિનીન (હઝરત અલી) સાથે જે સુલૂક કર્યો હતો તેના પર પોતાની શર્મિંદગી જાહેર કરી. તો **એમના પર લઅનત થાય ખુદાની, ફરિશ્તાઓની અને સર્વ માનવોની !** *(રૌઝતુલ કાફી, ૮/૨૪૬)* મઆઝલ્લાહ ! કેટલો જૂઠો ગંદો આક્ષેપ ! અને તેમના પર લઅનત ! તૌબા તૌબા ! આ કેવો જુલ્મ છે ?!

હઝરત ઉષ્માન ગની (رضی اللہ عنہ)ના બારામાં અલી ઈબ્ને યૂનુસ બયાઝી કહે છે : "ઉષ્માન એક **મસ્ખરા** (ઠઠ્ઠા કરનાર–જોકર) હતા અને તે **હિજડા** હતા !" *(અસ્સિરાતલ મુસ્તક઼ીમ, ૨/૩૦)* અલ્લાહની પનાહ ! કેટલી બેબાકી અને કેટલા મહાન સહાબીની બારગાહમાં ?! હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાની બે સાહબઝાદીઓ વારાફરતી જેમની સાથે પરણાવી તેમની આ તૌહીન ?!!

હઝરત આઈશા (رضی اللہ عنہا)ના બારામાં ઈબ્ને રજબ બરસીનું કહેવું છે : "હઝરત આઈશાએ **ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !**"

*(મશારિકુલ અન્વારિલ યક઼ીન, પેજ–૮૬)*

પછી લેખક કહે છે : હું પૂછુ છું કે જો ત્રણેવ ખલીફાઓનો આવો જ કિરદાર હતો તો પછી અમીરુલ મોમિનીન હઝરત અલી رضی اللہ عنہએ એમના હાથ બયઅત શા માટે કરી હતી ?! અને એ વધુ પેજ 25 પર..

# ડૉ. ઝાકિર નાયકના ખુદા વિશેના અક઼ીદાની ઉલટ તપાસ

**હપ્તો : છેલ્લો**

**લેખક : સબૂર અહમદ-લાહોર**
**અનુવાદકઃ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

આ વાતની અધિક સ્પષ્ટતા માટે અમો અહીં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہની કિતાબ "દામાને સુબ્હાનુસ્સુબ્બૂહ"નો કેટલોક હિસ્સો નક઼લ કરીએ છીએ જે આપે પોતાના સમયના આ જ પ્રકારની ગુમરાહીમાં સપડાયેલા લોકોના રદમાં લખી. આપ લખે છે :-

"આપણા અહલે સુન્નતની નજીક અલ્લાહ તઆલા અયને મક઼દૂરાતે અબ્દ પર પણ ક઼ાદિર છે કે એ એની કામિલ કુદરત થકી અસ્તિત્વમાં આવે છે અને તેમના ઈમ્પાલ પર પણ કે ઈમ્પાલે અબ્દથી ઈમ્પાલે ફેઅલ કરાવી શકે છે. પણ એવા ઈમ્પાલ પર કુદરત કે ખુદ પોતાના નફસે કરીમથી એવી નાપાકીઓ બહાર પાડી બતાવે એનાથી તે પાક તથા બુલંદ છે. (પાકી છે અર્શના રબને એ વાતોથી જે એઓ બનાવે છે.)

એમનું દષ્ટાંત એ રીતે સમજો કે ઝયદ તથા અમ્ર બંનેવ પોત પોતાની પત્નીને તલાક઼ આપવા માટે શક્તિમાન છે પણ એક બીજાની પત્નીને તલાક઼ નથી આપી શકતા. તો દરેક એક બીજાના મક઼દૂર (સત્તા, ઈખ્તિયાર) પર શક્તિમાન નથી, બલ્કે તેની નઝીર પર શક્તિમાન છે. પરંતુ હક્ક઼ જલ્લ મજદહૂ બંનેવ પર ક઼ાદિર છે કે એમનામાં જે પોતાની પત્નીને તલાક઼ આપશે તે તલાક઼ અલ્લાહની જ કુદરતથી વાક઼ેઅ, મૌજૂદ તથા મખ્લૂક઼ થશે (લાગુ થશે), જેથી અલ્લાહ તઆલા ઝયદ તથા અમ્ર દરેકના અયન ફેઅલ પર પણ ક઼ાદિર છે અને મિષ્લ ફેઅલ પર પણ ક઼ાદિર છે, કે એક ફેઅલ બીજાનું મિષ્લ હતું. પણ એ મુન્કિરોની ગુમરાહીએ એને ખુદાની કુદરત ન જાણી બલ્કે કુદરતના માટે એ લાઝિમ જાણ્યું કે જેવી રીતે તેઓ પોત પોતાની પત્નીઓને તલાક઼ આપી શકે છે ખુદા ખુદ પણ પોતાની પત્નીને તલાક઼ આપી શકે. આ ગધેડાપણાની હદ છે ! આ બેઈમાનીનું ઠેકાણુ છે.

لاحول ولاقوۃ الا باللّٰہ العلی العظیم

ત્યારબાદ વધુમાં ફર્માવે છે :-

"ત્યાં સુધી વાત સહીહ હતી કે જેના પર માણસ ક઼ાદિર (શક્તિમાન) છે એ સૌના ઉપર અને એના ઉપરાંત લામુત્નાહી (અસીમ) ચીજો પર મૌલા ﷻ ક઼ાદિર છે. તે (માણસ) જાહેરી તથા અતાઈ કુદરત ધરાવે છે અને હક્ક઼ તઆલા હક઼ીક઼ી તથા ઝાતી કુદરતવાળો છે. પણ આ સત્યને આ ગલત વાત કરનારો કેવી રીતે તદન બાતિલની તરફ લઈ ગયો. માણસનું ફેઅલ કરવું કસબ કહેવાય છે. માણસની જાહેરી કુદરત કેવળ એટલા પ્રમાણમાં છે. હક઼ીક઼ી કુદરતના સર્જન તથા બનાવવામાં તેનો હિસ્સો નથી. એ ખાસ મૌલા ﷻની કુદરત છે તો એ હક્ક઼ કલમા (સત્ય વાત)નો સાર એ હતો કે માણસ જે ચીજના કરવા પર ક઼ાદિર છે, અલ્લાહ ﷻ તે ચીજના સર્જન તથા પેદા કરવા પર ક઼ાદિર છે કે તે કસબ ન થશે પણ ખુદાની કુદરતથી થશે. આ દિલના આંધળાએ એવું બનાવી લીધુ કે માણસ જે ચીજના કસબ પર શક્તિમાન છે રહમાન પણ ખુદ પોતાના માટે એના કસબ પર ક઼ાદિર છે. (પાકી છે અર્શના રબને આ વાતોથી જે એઓ બનાવે છે) આંધળાએ એ ન જાણ્યું કે કોઈનું કોઈ ચીજ પર શક્તિમાન થવું

صحة الشئى من છે, ન કે صحة الشئى عليه અને સાફ ઘડી લીધું કે જે બંદા પર લાગુ થઈ શકે ખુદા પર પણ લાગુ થઈ શકે છે. એનાથી વધીને અન્ય શું ગુમરાહી તથા શૈતાનિયતની હદ હોઈ શકે છે !

અમે સમજીએ છીએ કે આ સર્વ વિગતથી ડો. નાયકની માન્યતાઓની ગુમરાહીઓ સંપૂર્ણપણે જાહેર થઈ ગઈ હશે. ખુદા જાણે એમણે (ડો. નાયકે) આ માન્યતાઓ ક્યાંથી કાઢી લીધી ? લગભગ એમણે દીની તા'લીમ કોઈ સ્ટાન્ડર્ડ દીની સંસ્થાથી હાંસલ નથી કરી બલ્કે આ બારામાં તે પોતાની અંગત કાબેલિયતો તથા વાંચન પર ભરોસો ધરાવે છે. જેથી આ સર્વનું એક કારણ તેમની મુસ્લિમ ઉમ્મતના ઈજમાઈ અક઼ીદાઓથી અજ્ઞાનતા હોય શકે છે. પરંતુ એક અન્ય વાતની શક્યતા પણ નકારી નથી શકતા કે ડો. નાયકનો સામનો મોટાભાગે ગૈર ધર્મવાળા લોકો સાથે રહે છે અને તેમણે આ બારામાં વિવિધ ધર્મોના બારામાં ઘણી માહિતી પણ હાંસલ કરવાની રહે છે, જેના માટે અનિવાર્યપણે એ ધર્મોની કિતાબોનો અભ્યાસ કરવો પડે છે. તો શક્ય છે કે હેરફેર થયેલ બાઈબલ, ભગવત ગીતા, હિંદુઓના વિવિધ વેદ તથા એવા જ પ્રકારની કિતાબો જેમાં જૂઠા ખુદાઓની જૂઠી સિફતો (ખાસિયતો) વર્ણવેલ છે. તેના અધિક્તર પ્રમાણમાં અભ્યાસના કારણે એમના દિમાગમાં સાચા ખુદાની સાચી સિફતો પણ ઝાંખી થઈ ગઈ હોય અને તે આ પ્રકારની ગલતી કરી બેઠા હોય. કારણ ભલે ગમે તે હોય, અમે એટલુ સમજીએ છીએ કે આ પ્રકારના નાઝુક મામલાઓમાં પોતાની જીભ તથા ક઼લમને ખૂબ જ સાવધાનીપૂર્વક કામમાં લાવવી જોઈએ. ક્યાંક એવું ન બને કે પોતાની કમ ઈલ્મીના કારણે તમો લોકોની ગુમરાહીનો સબબ બની જાવ. અમો એવું નથી કહેતા કે ઝાકિર નાયક બિલ્કુલ જ કમઅક્કલ વ્યક્તિ છે બલ્કે અમે તો અમારા આ લખાણમાં તેમની ગૈર મઝહબો પર વિશાળ મા'લૂમાત વિશે જાહેરમાં દર્શાવી ચૂક્યા છીએ. અમો ફરી સ્વીકાર કરીએ છીએ કે અન્ય ધર્મો વિશે તેમને ઘણી મા'લૂમાત છે, જો કે ઈસ્લામી અક઼ીદાઓના બારામાં તેમની માલૂમાત અધૂરી છે. જેથી અમે એવું સમજીએ છીએ કે તેમણે એવી માલૂમાત વિશે વાત ન કરવી જોઈએ જેને તે હજી પોતે સારી રીતે સમજી નથી શક્યા. બલ્કે એથી ઉલ્ટુ પોતાનું ધ્યાન તે બાબતો સુધી સીમિત રાખવું જોઈએ જેમાં તેમણે કાંઈ મહારત (નિપૂણતા) હાંસલ કરી લીધી છે. બલ્કે જરૂરત તો એ વાતની છે કે **ડો. નાયક અન્યોને વઅઝ કરવાને બદલે તે ખુદ અલ્લાહ તઆલા ﷻની જાત તથા સિફતોના વિશે ઈલ્મ હાંસલ કરવા પર ધ્યાન આપે. જે શખ્સનું પોતાનુ જ ઈમાન દાવ પર લાગેલુ હોય તે કોઈ અન્યને શું દીનની દા'વત આપશે ?!** ડો. નાયક બૌદ્ધિક દલીલોને અધિક મહત્વ આપે છે જેથી અમો બૌદ્ધિક દલીલરૂપે એક એવું દૃષ્ટાંત એમની સમક્ષ રજૂ કરીએ છીએ જે એમના સ્વભાવ સાથે સામ્યતા ધરાવે છે.

ધારો કે એક શખ્સ દિલની બીમારીમાં સપડાયેલ હોય જેનો ઈલાજ કેવળ ઓપરેશન હોય. પરંતુ તે શખ્સ પોતાના ઈલાજના માટે કોઈ એવા ઈલાજ કરનારની પાસે જાય જે આંખની બીમારીનો નિષ્ણાત હોય, તો શું એવા શખ્સને કોઈ બુદ્ધિશાળી કહેશે ? જાહેર છે કે કોઈ પણ શખ્સ કદાપિ તેને બુદ્ધિશાળી નથી ઠરાવી શકતો. હવે જરા વિચારો કે વર્ણવેલ આંખનો ડોકટર આ દિલની બીમારીના ઈલાજ માટે તૈયાર થઈ જાય અને દલીલ એ આપે કે તે પણ ડિગ્રીધારી છે જેથી એને એ વાતનો પૂરો અધિકાર છે કે તે કોઈપણ બીમારનો ઈલાજ કરી શકે. તો આપ આવા ડોકટરના બારામાં શું રાય નક્કી કરશો. અમારા રજૂ કરેલ દૃષ્ટાંતમાં વિચાર પાત્ર ચીજ ઈલાજનો અધિકાર નથી બલ્કે નિષ્ણાત હોવુ તથા કાબેલિયત છે. આશા છે કે ડો. ઝાકિર નાયક અમારો

ઈશારો સમજી ગયા હશે, કેમ કે અમને વાંધો એમની બુદ્ધિ પર નથી બલ્કે ઈસ્લામી માન્યતાઓના બારામાં એમની મા'લૂમાત પર છે. છેવટમાં અમો એક અન્ય વાત પ્રતિ પણ નિર્દેશ કરવો જરૂરી સમજીએ છીએ, તે એ કે અમુક લોકો જ્યારે કોઈનાથી પ્રભાવિત થઈ જાય છે તો તેના વિરુદ્ધ કોઈ વાત સાંભળવા પોતાને તૈયાર નથી કરી શકતા, અને એ વ્યક્તિને દરેક ખામીથી પાક સમજે છે. યકીનન ! ડો. નાયકના પ્રશંસકોમાં પણ એવા લોકો જરૂર હશે જેમની દૃષ્ટિમાં ડો. સાહબ જેવી તેજ દિમાગવાળી તથા કાબેલ વ્યક્તિ આટલી મહાન ભૂલનો શિકાર કદાપિ નથી થઈ શકતી. અમે એવું સાબિત કરવા ચાહીએ છીએ કે ડો. નાયકથી ભૂલ થવું એ કોઈ અનહોની વાત નથી કે જેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ હોય. બલ્કે અમો મોકાની મુનાસિબતથી એમની એક ગલતી તમારી સમક્ષ રાખી દઈએ છીએ, અને એના માટે અમારે દૂર જવાની જરૂરત નથી બલ્કે તેમની એ જ કિતાબથી અમો અમારી વાતને સાબિત કરીએ છીએ. ડો. નાયક પોતાની કિતાબના પેજ નં. ૨૦ પર તજસીમ તથા હુલૂલની (ખુદાનુ શરીર હોવાની તથા ખુદાનું કોઈનામાં પ્રવેશ કરવાની) માન્યતા પર ચર્ચા કરતાં એના વિરોધમાં એક દલીલ રજૂ કરે છે. એ લખાણની પરીક્ષાત્મક સમીક્ષા આપની સામે હાજર કરીએ છીએ.

પાયાની રીતે આ લખાણમાં એક ગલત માન્યતા (અકીદો) અને તેની સ્પષ્ટતાને વર્ણન કરવામાં આવે છે અને એના પછી એ ગલત માન્યતાના રદમાં એક દલીલ રજૂ કરવામાં આવી છે. આવો, હવે એક એક કરીને તે સર્વનું પરીક્ષણ કરીએ છીએ.

માન્યતા એ છે કે અમુક ધર્મોમાં ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ રીતે હુલૂલ અથવા તજસીમનો અકીદો જોવા મળે છે.

તેનો ખુલાસો એ છે કે એ મઝહબના માનવાવાળાઓનો એ અકીદો છે કે ખુદા એટલો પાક, મુકદ્દસ અરફા વ આ'લા (ઉચ્ચ) છે કે તે માનવીય તકલીફો, ખામીઓ તથા જઝબાત તથા એહસાસથી અજાણ છે તેના લીધે તે માનવોના માટે કાયદા ઘડવા માટે જમીન પર ઉતરી આવ્યો હતો.

ડો. નાયક આ માન્યતાના ગલત હોવાનો દાવો કરે છે અને પોતાના આ દાવાને પુરવાર કરવા માટે જે દલીલ લાવ્યા છે તેનો જરા અભ્યાસ કરો. દૃષ્ટાંત આપીને કહે છે કે ટેપરેકોર્ડર ખૂબ જ અધિક પ્રમાણમાં બનાવવામાં આવે છે પરંતુ કદી કોઈ એવી તજવીઝ સામે નથી આવી કે ટેપરેકોર્ડરની બેહતરી માટે તેને બનાવનારો ખુદ ટેપરેકોર્ડર બની જાય, બલ્કે એથી ઉલ્ટુ ટેપરેકોર્ડર બનાવનારો એક માર્ગદર્શિક પુસ્તિકા (કેડલોક) છપાવે છે અને ટેપરેકોર્ડરની સાથે આપણા હવાલે કરી આપે છે.

ડો. નાયકની દલીલ આમ તો બિલ્કુલ સહીહ છે પણ સવાલ એ છે કે આ દલીલને આ દાવા સામે પણ કોઈ સંબંધ નથી જેના માટે એ રજૂ કરવામાં આવી ! જરા ઉપર વર્ણવેલ ખુલાસા પ્રતિ ધ્યાન કરો. જે લોકો તજસીમની માન્યતા ધરાવે છે તેઓ એવું કહે છે કે ખુદાને માનવ સ્વરૂપમાં જમીન પર એટલા માટે આવવુ પડે છે કે તે માનવ ભાવનાઓ તથા એહસાસોથી વાકેફિયત નથી ધરાવતો. જ્યારે ડો. નાયક ટેપરેકોર્ડરનું દૃષ્ટાંત આપીને ફર્માવી રહ્યા છે કે એના બનાવનારાએ તેને સમજવા માટે ખુદ ટેપરેકોર્ડર બનવું નહીં પડે, બલ્કે તે એક માર્ગદર્શક પુસ્તિકા (કેડલોક) લખી આપશે. ગુઝારિશ એ છે કે કેડલોક તે જ લખી શકે છે જે ટેપરેકોર્ડરના બારામાં જાણે છે. જેને એના બારામાં ઈલ્મ જ નથી તે કેડલોક (માર્ગદર્શિકા) કેવી રીતે લખી શકશે ? જ્યારે કે તમો ખુદ કહી રહ્યા છો કે ટેપરેકોર્ડર બનાવવાવાળાએ તેને સમજવાના માટે (ન કે સમજાવવા માટે) ખુદ

ટેપરેકોર્ડર બનવું નહીં પડે. વધુમાં એ કે જેમને તમો દલીલ આપી રહ્યા છો તેમાં પણ પોતાના ખુલાસામાં એવું કહી રહ્યા છે કે ખુદા માણસોના એહસાનો ઈલ્મ જ નથી ધરાવતો જેથી તેનાથી માહિતગાર થવા માટે જમીન પર આવે છે. હવે તમારી આ દલીલથી તે લોકો કેવી રીતે સંતુષ્ઠ થશે ?! હકીકત એ છે કે ડો. નાયકે જાતે જ એક વાંધો પેશ કર્યો જેનો ખુલાસો પણ વર્ણન કર્યો પણ તેના રદના માટે જે દલીલ લાવ્યા તે એના સાથે તદન અસંગત છે. (મેળ ખાતી નથી)

તમોએ જોયું કે ડો. નાયક પોતાની જ લખેલી વાતને સહીહ રીતે સમજવા માટે અસમર્થ છે. હવે એવા શખ્સથી શું અસંભવ છે કે તે ગલતીઓમાં પડે જેનુ અમો પ્રથમ વિગતે વર્ણન કરી ચૂક્યા અને જેને જાહેર કરવા માટે આ સઘળુ લખાણ અસ્તિત્વમાં આવ્યું.

સારાંશ, અહીં અમારે તેમની એક એવી માન્યતા (અક઼ીદા)ને બાતિલ હોવાનું જાહેર કરવું હતું જેનો સંબંધ કોઈ ફુરૂઈ મસાઈલથી હરગિઝ નથી અને ન તે ફુરૂઈ મસાઈલ ધારીને નઝર અંદાઝ કરી દેવામાં આવી શકે છે, બલ્કે મામલો ઈલાહિયાતથી સંબંધિત છે જેના બારામાં જરા સરખી ઉણપ ઈમાનની સંપૂર્ણ બર્બાદીની પૂર્વ ભૂમિકા સાબિત થઈ શકે છે.

અલ્લાહ તઆલાથી અમારી એ દુઆ છે કે આપણને પૂરી જિંદગી હક્ક઼ પર ક઼ાયમ રાખીને ઈમાન પર આપણો ખાત્મો ફર્માવે અને દરેક પ્રકારની ગુમરાહીથી મહેફૂઝ તથા મામૂન રાખે, અને અમારા આ લખાણને વાંચકો માટે ફાયદાકારક બનાવે અને તેમાં કોઈ ગલતી રહી ગઈ હોય તો દરગુઝર ફર્માવે. બેશક ! આપણો રબ દરેક પ્રકારની ગલતીથી પાક તથા પવિત્ર છે. અલ્લાહ તઆલા આપણને દુરુસ્ત વાત કહેવાની અને સાંભળીને એના પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

*(માહનામા અશ્રફિયા, જૂન–૨૦૧૮, મુબારકપુર)*

પેજ 30 નું ચાલુ..

આવીને ઉભો રહ્યો. તેની માશૂક઼ાએ બારીથી મોં કાઢયું અને બંનેવ આપસમાં વાતો કરવા લાગ્યાં. રાતથી લઈને સવાર સુધી વાતો જ કરતાં રહ્યાં. જ્યારે સવારની અઝાન થઈ તો તેમણે સમજ્યું કે કદાચ હજી ઈશાની અઝાન થઈ છે. પરંતુ જ્યારે સારી રીતે જોયું તો સવારનો સમય હતો. એટલામાં ગયબથી અવાજ આવ્યો કે, હે યુવાન ! તેં સ્ત્રીના ઈશ્ક઼માં સાંજથી સવાર કરી દીધી, કદી ખુદાની યાદમાં પણ આવું કરવામાં આવ્યું છે ?! જ્યારે એ યુવાને આ અવાજ સાંભળ્યો તો તરત જ તૌબા કરી લીધી અને દરબારે હક્ક઼માં મશગૂલ થઈ ગયો. તે વખતે શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે આ અસ્રાર (ભેદો)માંથી એક એ છે કે તે પાછો જતો રહ્યો. તો હે દુરવેશ ! જેને આ પ્રકારનો શોખ થઈ ગયો તે ભલા ક્યારે ગૈરથી ઉલ્ફત કરે છે ?!

પછી એ મોક઼ાની મુનાસિબતથી ફર્માવ્યું કે એકવાર મજનૂએ સાંભળ્યું કે લૈલા સદક઼ો આપી રહી છે. તેણે ઉઠીને લાકડાનો પ્યાલો હાથમાં લીધો અને લૈલાની આસપાસ ફરવા લાગ્યો. લૈલાએ સૌને કાંઈ ન કાંઈ આપ્યું, પરંતુ મજનૂને કાંઈ ન આપ્યું. જ્યારે ઉઠીને અંદર ચાલી ગઈ તો મજનૂ ખુશીના માર્યા નાચવા લાગ્યો. લોકોએ ટોણાં માણ્યાં કે તું કઈ ખુશીમાં નાચે છે ? ન તો તેણીએ તને કાંઈ આપ્યું અને ન તો તારી તરફ ધ્યાન કર્યુ ? મજનૂએ કહ્યું, બેશક ! આપ્યું તો તેણીએ કાંઈ નથી, પરંતુ એટલું તો જોઈ લીધું કે મજનૂ છે !

પછી શૈખુલ ઈસ્લામે અશ્રુમય ચહેરે ફર્માવ્યું કે, હે દુરવેશ ! આ વાતની ક઼દર તેને સમજાય છે જે મહોબ્બતના દરિયામાં ડૂબેલો હોય અથવા આલમે ગયબે ચશ્મેરવાંથી તેની રોજી નસીબ થાય. .....*(ક્રમશઃ)*